જૂન, ૨૦૧૩

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપનાઃ ૧૯૧૧



# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
૦૪-૦૭-૧૯૪૪

અવસાન
૦૬-૦૬-૨૦૧૨

## સ્વ. મેકવાન રેગીનાબેન ડેવિડભાઈ

મારી વ્હાલી મમ્મી,

હુલામણો આ શબ્દ કાયમ માટે મારા હોઠથી છીનવાઈ ગયો. રણમાં મીઠી વીરડી સમાન મારી માવડી, તારા વગર આ ભવસાગરમાં તારી દીકરી ભૂલી પડી. જેમ જળ વિના માછલી તેમ તારા વિના હું; તારા અકાળ અવસાનથી મારાં પપ્પા તેમજ મારા બાળકો શૂન્ય થઈ ગયાં. મારા બાળકોને માથે હવે હેતથી કોણ હાથ મૂકશે? મારા વ્હાલા પપ્પાની સેવા કરવામાં તેં જાતનો સ્વનકાર કરેલો. 'બેટી બચાવો'ના આ યુગમાં તેં તારી દીકરીને ભણાવી, ગણાવી, સંસારમાં સ્થિર કરી સુંદર ભવિષ્ય આપ્યું. એક આદર્શ માતાની તેમજ આદર્શ પત્નીની ભૂમિકા તેં સારી રીતે નિભાવી એટલે જ તારું મૃત્યુ ખ્રિસ્તના એક સાચા ભક્ત તરીકે કષ્ટદાયક નહીં પણ ખૂબ જ સરળ રહ્યું. તેં સોંપેલી જવાબદારી તેમજ મારા પપ્પાને હું સારી રીતે સાચવીશ. તારી આશિષ મારી સાથે જ છે જેનો હું હરપળે અનુભવ કરું છું. તારા અકાળ અવસાનથી જીવન થંભી ગયું છે. તારી યાદ હરઘડી મને સતાવે છે. તું મારી પાસે જ છે એનો અહેસાસ કરાવે છે. મારા સપનામાં, મારા શ્વાસોશ્વાસમાં તું હરઘડી વિસરાતી નથી. આ સંસારની ભીડમાં મારી પાસે બધું જ છે પણ એક તારી ગેરહાજરી મને ખૂબ સતાવે છે.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ આશા સાથે.

પરેશ, લતા, રોબિન
આરાધના સોસાયટી,
પેટલાદ

લિ. તારી દીકરી લતા
રોબિન, તેનાં બાળકો
તેમજ મારા વ્હાલા પપ્પા

મો. ૯૯૨૪૯ ૫૨૮૧૨

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



"હે મૃત્યુ તારો વિજય ક્યાં? ઓ મૃત્યુ તારો ડંખ ક્યાં?" (૧ કરિંથ ૧૫-૫૫)



## સ્વ. અંબાલાલ વાલજી મેકવાન

આલોકે આગમન: ૧૧-૦૮-૧૯૫૨

પરલોકે પ્રયાણ: ૧૧-૦૬-૨૦૧૨

અંબરથી ઉતરી અવની પર આવ્યા તમે સને ૧૯૫૨
બાપુની છત તમે ગુમાવી ભરયુવાનીમાં
લાલન પાલન કર્યું તમે સારા કુટુંબનું અંત સુધી
લગ્ન કરી માર્થા સાથે તમે ઘર સંસાર માંડ્યો
વાત્સલ્યમૂર્તિ બની બન્યા તમે ત્રણ સંતાનોના પિતા
લગન લાગી હતી તમોને કુટુંબનો ઉધ્ધાર કરવાની
જીવન જીવ્યા તમે ધૂપસળીની જેમ પોતે બળીને
મેદસ્વી શરીર તમે ધારણ ન કર્યું કઠોર પરિશ્રમને કારણે
કશો જ કચવાટ તમે ન કર્યો મેરૂ સરખી મુશ્કેલીઓમાં
વાદળમાં સમાઈ ગયો તમારો આત્મા સ્થૂળ શરીર છોડીને ૨૦૧૨
નત મસ્તકે જોઈ સ્વીકારતા રહ્યા સ્વજનો પ્રભુની લીલાને

તમો એકલાં ઝઝુમ્યા વીસ વર્ષ લગી ખેતરના કેસમાં. પુરુષાર્થનો આનંદ જાણી સંતુષ્ટ થઈ કુટુંબના ઉધ્ધારને પરાકાષ્ટાએ પહોંચાડી તમે અચાનક પરલોકે પ્રયાણ કરી ગયા. હજુ પણ તમે ખેતરમાં ગયા છો અને હમણાં આવશો. એવું કહેતાં પ્રેમ અને સ્વપ્નીલુ પ્રતિક્ષામાં ઝૂરતો તમારો ભયલું (કાર્મેલ) ક્ષમા કરજો. બાપુજી અમોને છોરું સમજીને પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એજ અભ્યર્થના.

દુ:ખી માર્થા પરિવાર
ખ્રિસ્તી મહોલ્લો, ગામ - નાવલી




ફક્ત ક્રિશ્ચિયન કુટુંબો
માટે મરિયમપુરા
તથા
સેંટ મેરીસ સ્કૂલની
બાજુમાં









## બુકીંગ ચાલુ છે.

**—: સંપર્ક કરો :—**

**નરેશભાઈ:**
**મો. ૯૮૯૮૮ ૪૦૪૭૫**

**મેહુલભાઈ:**
**મો. ૯૭૨૩૭ ૨૦૮૦૩**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શૈલેષકુમાર ઈશ્વરભાઈ મકવાણા**
**(લાલો)**
**જન્મ : ૦૫-૧૨-૧૯૮૯**
**અવસાન : ૧૮-૦૬-૨૦૧૨**

"સુની થઈ ગઈ છે મનની દીવાલો, સૂનું થઈ ગયું છે ઘરનું આંગણું
આંખો હજી શોધે છે ઘરમાં તને, મન નથી માનતું કે તું હયાત નથી
જ્યારે સ્મરણ થાય છે તારું, ત્યારે મન મૂકીને રડીએ છીએ બન્ને
આવાં એકલાં-અટૂલાં મઝધારે મૂકીને, લાલા તું કેમ ચાલી નીકળ્યો?
જરીક તો વિચાર કરવો હતો, તારા વિના મમ્મી-પપ્પા શું કરશે?
તારા વિના તારી બ્હેનો શું કરશે? ખેર,
'પ્રભુને ગમ્યું તે ખરું' - માનીને
મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

લિ.
તારાં દુઃખી મા-બાપ તથા પરિવાર
ઈશ્વરભાઈ અને મીનાબેન મકવાણા
મનીષા (ઈઝરાયેલ), ભાવના
અંબાલાલ દાજીભાઈ મહિડા (દાદા)
તથા સમસ્ત પરિવાર

કૃણાલ પાર્ક સોસાયટી, જીટોડિયા રોડ, ઉમિયા સો મીલની પાછળ, જીટોડિયા, જિ. આણંદ
મીનાબેન : મો. ૯૮૨૪૮ ૨૪૫૧૨

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

વિધુર પિતાઓ ❄ ડો. થોમસ પરમાર ૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૯

જ્યોત્સના કે. મેકવાન ❄ રજનીકાંત જોસેફ રાઠોડ ❄ શૈલેશ પરમાર ❄ બાસીલ મેકવાન “શૈલ” ❄ રમેશ મેકવાન

**તમારો પત્ર** ૧૦

યોસેફ મેકવાન ❄ બ્રધર થોમાસ પીટર ❄ શાંતિલાલ મેકવાન ❄ જોસેફ પી. શાહ ❄ કિરીટ એસ. પીજકર

**લેખો**

પ્રભુનાં સંતાનો, પ્રભુને પરત...! ❄ બિશપ થોમસ મેકવાન ૧૨
પોપ ફ્રાન્સિસ દ્વારા ધર્મસભામાં ક્રાંતિનાં મોજાં ❄ ફાધર કુમાર ૧૪
...ત્યારે ઉત્તર નહીં હોય! ❄ ભાવાનુવાદઃ ડો. સિલાસ પટેલિયા ૧૬
લોક સમસ્ત સુખીનો ભવન્તુ! ❄ ફાધર રિચર્ડ લોપીસ, ઈ.સં. ૧૮
ડાયરીનો ધડાકો ❄ અનુ. જયંત ડાભી ૨૦
“હું માનવી માનવ થાઉં તો ઘણું” ❄ પટેલિયા અલ્પેશકુમાર કનુભાઈ ૨૨
અનાથ બાળકની વેદના ❄ જોન ફિલીપ મેકવાન ૨૩
શ્રદ્ધા માટેનાં ચાર ચરણો ❄ પરમાર કલ્પના મનુભાઈ ૨૪

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

એક સર્જક પિતા-પુત્રીની વાત ❄ અમિત ચૌહાણ ૩૧
જૂન-જુલાઈ મહિનાના શાસ્ત્રપાઠો ❄ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૨
ખડકમાંથી વહેતું ઝરણું – પિતા ❄ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ ૩૬
દૂત – સો વર્ષ પહેલાં ❄ ગુજરાત સાહિત્ય પ્રકાશ ૩૭

**પંખીની પાંખે (સંપાદકઃ રાજુલ આઝાદ)** ૪૯

**આવરણઃ** ભગવાને માનવને ‘સૃષ્ટિ શિરોમણી’ બનાવ્યો પરંતુ માનવે એ સૃષ્ટિની જે દશા કરી છે, એનાથી ભગવાન પણ વ્યથિત થતા હશે! આવનાર પેઢી અવશ્ય આપણી પાસે જવાબ માંગશે કે ક્યાં છે પ્રકૃતિ? એટલે પ્રકૃતિને બચાવવી તે આપણી પવિત્ર ફરજ છે. પ્રકૃતિને નુકસાન પહોંચાડવું તે નવા પોપ ફ્રાન્સિસના મતે હરીયાળુ (લીલું) પાપ છે.

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ

## સૂચના

- અહીં પ્રગટ થયેલાં લેખો, નોંધો, અભિપ્રાયો અને કાવ્યો માટેની જવાબદારી જે તે લેખકની રહેશે, તંત્રીની નહિ તેની નોંધ લેવી.
- લેખકોએ પોતાનું લખાણ A4 સાઈઝના કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં. લેખકે પોતાનું સરનામું અને ફોન નં. લખવા. લેખ મૌલિક હોવાનું અને છાપવા માટે અન્યત્ર મોકલેલ નથી તેવું લખાણ મોકલવું.
- લેખકો જ્યારે પોતાનું લખાણ મોકલે ત્યારે કવર પર જે તે વિભાગનું નામ અવશ્ય લખવું.

## શાસ્ત્રવાણી

એના પ્રદેશને પ્રભુ બરકત બક્ષો, ઉપરથી આકાશની વૃષ્ટિ અને નીચેથી પાતાળનાં પાણી એને મળી રહો. સૂર્યથી પાકેલો સોનેરી મોલ અને ઋતુઋતુનાં ઉત્તમ ફળ એને મળો. એના પ્રાચીન પર્વતોને પુરાણા પહાડો ઉત્તમ ફળોથી લચી રહો, એને ધરતીની બધી ભરી ભરી સમૃદ્ધિ મળો. ઝાંખરામાં પ્રગટેલાં ઈશ્વરની એના ઉપર મહેર ઉતારો.

(અનુ. ૧૩-૧૬)

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


ગુજરાત સાહિત્ય પ્રકાશ સોસાયટી વતી

**મેનેજર, પ્રકાશક અને મુદ્રક**

ફાધર જેરી સિક્વેરા એસ.જે.

**માનદ્ તંત્રી**

ફાધર વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી**

ડો. થોમસ પરમાર (મોઃ ૯૮૨૫૩૮૪૬૨૩)

**સહતંત્રી**

રાજુલ આઝાદ (મોઃ ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**

ડો. સિલાસ પટેલિયા

રાજેશ ક્રિશ્ચિયન, ડો. પ્રીતિ રાઠોડ,

ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,

ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**

જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**

ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન

**પત્રવ્યવહારનું સરનામું**

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

**કાર્યાલયનો સમયઃ**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**

**Mob. 94092 72754**

**http://www.gspbooks.in/periodicals.php**

**e-mail : phdoot@gmail.com**

**લવાજમ**

છૂટક નકલ રૂ. ૧૫/-
ભારતમાં વાર્ષિક : રૂ. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂ. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂ. ૧૨૦૦/-



**જાહેરખબરના દર**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂ. ૭,૦૦૦ |
| પ્રથમ કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂ. ૬,૫૦૦ |
| છેલ્લા કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂ. ૬,૩૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂ. ૪,૦૦૦ |
| અર્ધુ પેજ | : | રૂ. ૨,૧૦૦ |
| ૧/૪ પેજ | : | રૂ. ૧,૧૦૦ |
| ટ્યુકડી | : | રૂ. ૪૦૦ |
| ૧/૧૨ પેજ | : | રૂ. ૩૫૦ (માત્ર શ્રદ્ધાંજલિ) |

# તંત્રીની કલમે...



# વિધુર પિતાઓ

અમેરિકામાં મધર્સ ડેની ઉજવણીની શરૂઆત થઈ ત્યારે ઘણાંને એ વિચાર આવ્યો કે કુટુંબની અન્ય વ્યક્તિઓ વિશેષ કરીને પિતાને સન્માન આપવા ફાધર્સ ડેની ઉજવણી પણ થવી જોઈએ. એ રીતે ફાધર્સ ડેની ઉજવણીની ભૂમિકા બંધાઈ. ફાધર્સ ડેની ઉજવણીની શરૂઆત કરવાનો યશ સોનોરા સ્માર્ટ ડોડ્ડ નામની યુવતીને જાય છે. તેણે સ્પોકાનો, વોશિંગ્ટનમાં વાય. એમ.સી.એ. ખાતે તારીખ ૧૯મી જૂન ૧૯૧૦માં તેના પિતા વિલિયમ જેક્સન સ્માર્ટના માનમાં ફાધર્સ ડેની ઉજવણી કરી. તેની ઈચ્છા તો ફાધર્સ ડેની ઉજવણી તેના પિતાના જન્મદિન પાંચમી જૂને કરવાની હતી. પરંતુ જૂનના ત્રીજા રવિવારે ફાધર્સ ડેની ઉજવણી કરવાનું નક્કી થયું હતું. જો કે વિવિધ દેશોમાં તેની ઉજવણી જુદી જુદી તારીખે કરવામાં આવે છે. ભારતમાં તે જૂનના ત્રીજા રવિવારે ઉજવાય છે. તેથી આ વર્ષે ૧૬મી જૂને તેની ઉજવણી થશે.

વ્યક્તિના જીવનમાં માતાનું જેટલું ઉચ્ચ સ્થાન હોય છે તેવું જ સ્થાન પિતાનું પણ હોય છે. માતા બાળકને જન્મ આપે છે અને તેને ઉછેરે છે જ્યારે પિતા માતા અને બાળકોની જરૂરિયાતો પૂરી પાડીને તેમને પોષવાનું મહત્ત્વનું કામ કરે છે. આથી બાળકના વિકાસમાં માતા-પિતા બંનેનું પ્રદાન એક સરખું છે. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', 'ગોળ વિના મોળો કંસાર તેમ માતા વિના સૂનો સંસાર' એમ કહીને માતૃપ્રેમને બિરદાવવામાં આવે છે. આજ રીતે પિતાના પ્રેમને અને તેમના મહત્ત્વને પણ સ્વીકારવામાં આવ્યું છે. પોપ જોન ૨૩મા જણાવે છે કે, "બાળકોને સાચા પિતા હોવા એ કરતાં પિતાને બાળકો હોવાં તે વધુ સરળ છે." અર્થાત સંતાનો માટે સાચા પિતાનું મહત્ત્વ છે. રીડ મુખમિ નામના એક અમેરિકન શિક્ષણવિદ્ જણાવે છે કે, "પિતા તેના પોતાને માટે નહિ પણ તેના કુટુંબ માટે જે લક્ષ્યાંકો, સ્વપ્નો અને મહત્ત્વાકાંક્ષાઓ સેવે છે તેના દ્વારા પિતાના ગુણ જાણી શકાય છે." બચપણમાં બાળકને સૌથી વધુ જરૂરિયાત પિતાના મજબૂત રક્ષણની હોવાનું સિગ્મન્ડ ફ્રોડ જણાવે છે. બાળકના જીવનમાં પિતાનું કેટલું બધું મહત્ત્વ છે તે નીચેની કાવ્યપંક્તિઓ દ્વારા જાણી શકાય છે:

ડેડ,  
હું જન્મી ત્યારે,  
કોઈપણ સમયે ગમે ત્યાં હું પડી જાઉં તો મને ઝીલી લેવા  
તમે જ ત્યાં હતા.  
મેં પ્રથમ શબ્દ ઉચ્ચાર્યો ત્યારે,  
મને જરૂર પડનારી ડિક્ષનરી શીખવવા તમે જ ત્યાં હતા.  
મેં પ્રથમ પા પા પગલી માંડી ત્યારે,  
મને પ્રોત્સાહન આપવા તમે જ ત્યાં હતા.  
પ્રથમ દિવસે હું શાળાએ ગઈ ત્યારે,  
મને સલાહ આપવા અને મારા હોમવર્કમાં મદદ કરવા તમે જ ત્યાં હતા.  
હજી મેં શાળા પૂરી કરી નથી, કે પગથી ઊતરી નથી,  
પરંતુ હું જાણું છું કે સારા અને ખરાબ બધાં જ સમયે  
તમે ત્યાં પણ મારા માટે હશો.  
તેથી આ કહેવા જ લખ્યું છે કે, "ડેડ હું તમને ખૂબ ચાહુ છું."  
(આઈ લવ યુ ડેડ)

(લ્યુસિયા મેન્સફીલ્ડ)

આ વખતના ફાધર્સ ડે નિમિત્તે વ્યક્તિના જીવનમાં પિતાનું મહત્ત્વ દર્શાવીને મારે વિશિષ્ટ પ્રકારના પિતાઓ – વિધુર પિતાઓની વાત કરવી છે. વિધવા માતાઓ વિશે ઘણું લખાય છે, ચર્ચા થાય છે. તેમના પ્રશ્નો અને સમસ્યાઓ વિશે સમાજ જેટલો ચિંતિત છે તેના પ્રમાણમાં વિધુર પિતાઓ વિશે નથી. ભરજુવાનીમાં વિધવા થયેલી અનેક માતાઓએ અને વિધુર પિતાઓએ પુનર્લગ્ન નહીં કરીને ગરીબાઈની પરિસ્થિતિમાં પણ પોતાનાં સંતાનોને મોટાં કર્યા છે, ભણાવ્યા ગણાવ્યા છે અને સંસારમાં ઠેકાણે પણ પાડ્યાં છે એવી વિધવાઓને અને વિધુરોને લાખ લાખ વંદન.

શું આપણે ક્યારેય પણ વિધુર પિતાઓની સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કર્યો છે ખરો? તેમના પણ પ્રશ્નો / સમસ્યાઓ હોય છે. આપણે જાણે કે તેમને હાંસિયામાં ધકેલી દીધા છે. પુરુષ મોટેભાગે કામ-ધંધો કરીને કમાઈને સ્ત્રીને આપે છે અને સ્ત્રી તે દ્વારા બાળઉછેર અને ઘરનું સંચાલન કરે છે. પરંતુ પુરુષ જ્યારે વિધુર થઈ જાય છે ત્યારે કામધંધા ઉપરાંત બાળઉછેર

અને ઘરના સંચાલનની પણ જવાબદારી તેની ઉપર આવી પડે છે. એમાં પણ ભરયુવાનીમાં પિતા વિધુર થઈ જાય ત્યારે તેની સમસ્યા ઘણી વધી જાય છે; કારણ કે બાળકો ત્યારે નાની ઉંમરના હોય છે, તેમને વિશેષ કાળજીની જરૂર પડે છે. પુરુષ મોટે ભાગે સ્ત્રીની સેવા પર અવલંબિત હોય છે. પરંતુ વિધુર થતાં પોતાના બધાં કામ પોતે જ કરવા પડે છે તેથી તે પુનઃર્લગ્ન કરે છે. અકળામણ અનુભવે છે. નાની ઉંમરે વિધુર થયેલા પુરુષને પુનર્લગ્નનો પ્રશ્ન નડતો નથી. તેને લગ્ન માટેનું પાત્ર મળી રહે છે. મોટી ઉંમરે વિધુર થનારના પ્રશ્નો તેનાથી વધારે હોય છે. સંતાનો પરણીને અલગ રહેવા જતાં રહ્યાં હોઈ આવા વિધુર પિતા એકલા પડી જાય છે. તેમની કાળજી લેનાર કે તેમને ભોજન બનાવી આપનાર કોઈ હોતું નથી. પાછલી ઉંમરે વિધુર થનાર પિતાના જીવનમાં એક ખાલીપો આવી જતો હોય છે. આવા સિનિયર વિધુર પિતાઓ માટે પુનર્લગ્ન એ તેમના માટે હિતાવહ છે. ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓએ હવે સિનિયર વિધવાઓ ને વિધુરોના પુનર્લગ્ન યોજવાનું કામ આરંભ્યું છે. આ સંદર્ભે ૨૦૧૧ની સાલમાં અમદાવાદમાં થયેલા એક સિનિયર વિધુરના લગ્નનો પ્રસંગ ટાંકવા જેવો છે. મહેન્દ્ર નામના એક પુરુષ મોટી ઉંમરે વિધુર થઈ ગયા. જીવનમાં તેમને કોઈ રસ ન રહ્યો. તેઓ એકલતા અનુભવતા હતા. તેમની દીકરી પલકથી પિતાનું આ દુઃખ જોવાતું ન હતું. તેણે પોતાના વિધુર પિતાના પુનર્લગ્ન માટે પ્રયત્નો કર્યા. 'વિના મૂલ્યે અમૂલ્ય સેવા' નામની એક સ્વૈચ્છિક સંસ્થાના સહકારથી તે પોતાના વિધુર પિતાને જીવનસાથી મેળવી આપવામાં સફળ નીવડી. દીકરી તો વ્હાલનો દરિયો એ ઉક્તિ પલકે સાચી ઠેરવી. (DNA ૨૪ એપ્રિલ ૨૦૧૧).

સિનિયર વિધુર પિતાઓને જમવાનો મોટો પ્રશ્ન થતો હોય છે. યુરોપ-અમેરિકા જેવા દેશોમાં જ્યાં વિભક્ત કુટુંબો જ હોય છે ત્યાં આ ઘેરો પ્રશ્ન છે. રિચાર્ડ ગાર્ડિનર ૬૪ વર્ષની વયે વિધુર થયા. તેમની પત્ની રોસાલિન્ડ ૫૬ વર્ષની વયે કેન્સરથી મૃત્યુ પામી. ત્યારે રિચાર્ડને જમવાનો પ્રશ્ન ઊભો થયો. તે તેમની ૩૭ વર્ષની દીકરી મિરાન્ડાને અવાર-નવાર ફોન કરીને રસોઈ વિશે માર્ગદર્શન લેતા હતા. આમાંથી મિરાન્ડાને રસોઈ વિશેનું પુસ્તક લખવાની પ્રેરણા મળી. ૮૮ વાનગીઓ બનાવવાની રીત તેમાં આપવામાં આવી છે. વિધુર પિતાને રસોઈનું માર્ગદર્શન આપતું આ પુસ્તક બેસ્ટ સેલર બન્યુ હતું.

ઉપરના બંને ઉદાહરણો જોતાં જણાય છે કે મોટે ભાગે વિધુર પિતાઓની કાળજી દીકરીઓ વધારે લેતી હોય છે. આપણાં બે રાષ્ટ્રીય નેતાઓ શ્રી જવાહરલાલ નહેરુ અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના વિધુર જીવનમાં તેમની દીકરીઓએ જ સેવા કરી હતી. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ તેમના પિતા શ્રી જવાહરલાલ નહેરુની અને મણીબેન પટેલે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની છેક સુધી કાળજી લીધી હતી. એમાંયે મણીબેન પટેલ તો વિધુર પિતાની સેવા માટે આજીવન અપરિણિત રહ્યાં હતાં.

આપણા સમાજમાં પણ વિધુર પિતાઓ છે. આમાંના કેટલાક તો ભરજુવાનીમાં વિધુર થયા હતા છતાં સંતાનોના સુખ-વિકાસ માટે તેમણે પુનર્લગ્ન કર્યાં ન હતાં. મણીનગરમાં રહેતા અને થોડાં વર્ષ પહેલાં મૃત્યુ પામેલા આવા વિધુર પિતા છગનલાલના પરિચયમાં હું હતો. તેઓ ભરજુવાનીમાં વિધુર થયા હતા. તેઓ પટાવાળાની નોકરી કરતા હતા. મારા ભાઈના ઘેર મણીનગર જતો ત્યારે તેઓ મને મળવા આવતા અને મારી પાસે બેસીને સમાજ અને ધર્મસભાના પ્રશ્નોની ચર્ચા કરતા હતા. વિધુર થયા પછી તેમણે પુનર્લગ્ન કર્યાં ન હતાં. 'દૂત'ના આપણા પૂર્વતંત્રીશ્રી સાયમન પરમાર અને સ્તોત્ર સંહિતાના અનુવાદક તેમજ આપણાં જાણીતા કવિશ્રી યોસેફ મેકવાન એ બંને મોટી ઉંમરે વિધુર થયા હતા. આ બંને આજે પણ પ્રવૃત્તિશીલ છે અને વાચન-લેખન કરે છે. એમાંયે કવિશ્રી યોસેફ મેકવાનને તો થોડા મહિના પહેલાં જ બાળસાહિત્યના પ્રદાન માટે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી માટેનો એવોર્ડ એનાયત થયો હતો. આમ અનેક વિધુરો પ્રવૃત્તિશીલ રહીને સમાજને પ્રદાન કરે છે.

વિધુર પિતાને કેન્દ્રમાં રાખીને અંગ્રેજી સાહિત્યમાં ઘણી નવલકથાઓ લખાઈ છે. તેમાંની એક જાણીતી નવલકથા હાર્પર લી દ્વારા લિખિત, 'ટુ કિલ એ મોકીંગ બર્ડ' છે. રંગભેદ સામે લડત ચલાવતાં વિધુર પિતા એટ્ટિકસ ફિન્ચનું પાત્રાલેખન લેખકે સુંદર રીતે ઉપસાવ્યું છે. આ નવલકથા પરથી અંગ્રેજીમાં એ જ નામની સુંદર ફિલ્મનું નિર્માણ પણ થયું હતું. અંગ્રેજીમાં વિધુર પિતાને લગતી લગભગ ૯૦થી પણ વધારે ફિલ્મોનું નિર્માણ થયું છે. દૂરદેશાવરમાં પરણાવેલી એકની એક દીકરીના પત્રની આખી જીંદગી આરઝુ કરનાર અને તે માટે રોજ પોસ્ટ ઓફિસે વહેલી સવારે પહોંચી જનાર વિધુર પિતા અલી ડોસાનો પુત્રીપ્રેમ ધૂમકેતુએ 'પોસ્ટ ઓફિસ' વાર્તામાં કેવો સુંદર નિરુપ્યો છે! અલી ડોસાની જેમ આજેપણ કેટલાય વિધુર પિતાઓ પોતાના સંતાનોના પ્રેમ માટે ઝુરતા હશે.

સિનિયર વિધુર પિતાઓને સંન્યસ્ત જીવન અપનાવીને જીવનનો એક નવો જ માર્ગ શરૂ કરવાની તક મળે છે. એવા કેટલાંક કિસ્સા જાણવા મળે છે કે મોટી વયે વિધુર થતાં કેટલાકે સંન્યસ્તનો માર્ગ અપનાવ્યો હતો. આ ઉંમરે તેમનાં સંતાનો પણ તેમના સંસારમાં ગોઠવાઈ ગયા હોય અને બીજી કોઈ સાંસારિક જવાબદારી ન હોય તો પુનર્લગ્ન કરવા એનાં કરતાં સંન્યસ્તનો માર્ગ અપનાવવો તે ઘણું સારું છે. કર્નલ તીમોથી એમ. ગેહામ અમેરિકાના નૌકાદળમાં ૨૯ વર્ષ સુધી સેવાઓ આપીને રીટાયર્ડ થયા. તે પછી ૬૪ વર્ષની વયે તેઓ વિધુર થયા હતા. આ પછી તેઓએ રોમન કેથલિક પુરોહિતની દીક્ષા લીધી હતી. આવું જ બર્નિગ્રુએન્સના જીવનમાં પણ બન્યું હતું. તેઓ રીટાયર્ડ બેન્કર હતા અને ૬૪મા વર્ષે વિધુર થયા બાદ પુરોહિત બનવાનું તેમણે પસંદ કર્યું હતું. કેથલિક સિનિયર વિધુર પિતાઓ માટે આ એક અનુકરણીય માર્ગ છે. ધર્મસભામાં વિધુર પિતા કે વિધવા માતાઓને સંન્યસ્ત માર્ગ અપનાવવાની છૂટ આપવામાં આવી છે. સર્વ પિતાઓ તેમની સાંસારિક જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવીને અને કુટુંબના સર્વને પ્રેમ અને હૂંફ આપીને આદર્શ પિતા બને તેવી અપેક્ષાઓ સાથે ફાધર્સ ડે નિમિત્તે તેમને શુભેચ્છાઓ. અસ્તુ.

— થોમસ પરમાર

dr.thomasparmar@gmail.com

# કાવ્યધારા



### મા

સહુનું ગમતું સદાય કરતી,
સાચવે સહુનું મન,
મનનું ગમતું કરવાનું,
એને નહિ થતું હોય મન?
મા પણ થાકે, કંટાળે, માંદી થાય –
એ વેળા જે ના સમજાયું,
એ આજ હવે સમજાય...
નાનપણમાં મા યાદ રહી નહિ,
પછી ના આવી યાદ,
આજ હવે સમજાય છે,
આપણે એને કેવી ભૂલ્યા?
ગમતું, અણગમતું કૈં
કેટલું ય રાખ્યું યાદ,
સાવ નકામું સાચવવામાં,
કામનું થઈ ગયું બાદ!

– જ્યોત્સના કે. મેકવાન

### નથી શકતાં

નાના દિલવાળાં પ્રેમથી
વરસી નથી શકતાં,
નાના દિલવાળાં બીજાને
સ્પર્શી નથી શકતાં!

અધૂરા મનવાળાં ક્યારેય
મનાવી નથી શકતાં,
અશક્ય થઈ રહેનારાં
ક્યારેય શક્ય નથી થઈ શકતાં!

અધૂરા જીવવાળાં ક્યારેય પૂરા
મરી નથી શકતાં,
હાયવલોપાત કરનારાં ક્યારેય
શાંતિ મેળવી નથી શકતાં!

ગર્વિષ્ઠ જીવનારાં ક્યારેય નમ્રતા
સહી નથી શકતાં,
જૂઠ બોલીને છેતરનારા ક્યારેય
સત્યને જાણી નથી શકતાં!

– રજનીકાંત જોસેફ રાઠોડ

### ચમકી રહ્યું.....

આંખના ઉંબરે ઝાકળ છલકી રહ્યું,
હૃદયના બાગમાં ફૂલ મહેંકી રહ્યું!

વ્યાપી વળ્યો છે સૂનકાર વગડે,
છતાં વસંતવિણ કોકિલ બની ટહૂકી રહ્યું!

જિંદગીના રણમાં ઝાંઝવાં થઈ તું,
ને તૃષિત મૃગની જેમ સરકી રહ્યું!

પ્રથમ મિલનની મધુરી યાદને હવે,
નસેનસમાં વહીને એ રણકી રહ્યું!

શોધું છું એવી જગા જ્યાં શાંતિ મળે,
જોઈ ખાલી કબર મલકી રહ્યું...

– શૈલેશ પરમાર

### તું ન પડ હવે!

ખૂટી પડ્યાં સગપણ હે દોસ્ત,
એની ચર્ચામાં તું ન પડ હવે!

ખૂટી પડ્યાં મારગ, લે દોસ્ત!
એની ચર્ચામાં તું ન પડ હવે!

ઉભરાય ભાદરવો અંગથી,
ખૂટી પડ્યાં પાણીડાં મારા દોસ્ત!
એની ચર્ચામાં તું ન પડ હવે.

શરદ આવીને ગઈ ત્રિભેટે,
ઊભો રહ્યો જોઈ વાટ એમની,
ખૂટી પડ્યાં વાયદા મારા દોસ્ત!

– બાસીલ મેકવાન "શૈલ"

### હું માણસ છું

હવે મને બીવડાવો ના, હું માણસ છું,
હવે મને સમજાવો ના, હું માણસ છું!

ભલે અમે બાંધ્યાં છે મહેલ સપનાના,
પળમાં તૂટી જાય બને એવુંય કદી,
હોય જરાસી ફિકર, કરો કંઈ એવું કે,
હવે મને ભરમાવો ના, હું માણસ છું!

અમે કલ્પના કરી અને આકાશે ઊડ્યા,
અમે ચાંદ પર ગયા અને મંગળ ઘુમ્યા,
ક્ષુધા અમારી મટી નથી આજે કિંતુ
હવે મને અટકાવો ના, હું માણસ છું!

મંઝિલ જોઈ નથી પણ હૈયે હામ ધરી,
ધ્રુવ તારાની દિશા ચીંધે છે રાહ મને,
કદમ ઊઠાવી લીધા અમે તુજ ગામ ભણી,
હવે મને ભટકાવો ના, હું માણસ છું!

– રમેશ મેકવાન


**સરનામુંઃ**

ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony
ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨

# તમારો પત્ર



## (૧)

'એપ્રિલ-૧૩'નો 'દૂત' મળ્યો. વિદાય લેતા અને તેમને સ્થાને જે નવા પોપ આવ્યા છે તેમના 'મિલનની છબી' દૂતના મુખપૃષ્ટ પર ખૂબ ભાવસભર બની રહી છે. તે વિશેનો ફાધર વિનાયક જાદવ એસ.જે.નો તંત્રીલેખ આખા અંકના શિરમોર લેખ સમો બની ગયો છે. નવા પોપ વિશેનું તેમનું નિરીક્ષણ અને મનન-પૃથ્થકરણ એટલું તો ભાવવાહી રીતે લેખમાં ઊઘડ્યું છે કે પોપ વિશેના, તેમના સ્થાન વિશેના, તેમના કામ વિશેના અને જીવનદૃષ્ટિ વિશેના બધા પ્રશ્નોના ઉત્તર આ લેખમાંથી મળી જાય છે. ઉત્કૃષ્ટ તંત્રી લેખો બધા સામયિકોમાં બહુ ઓછા જોવા મળે છે. ફાધરે નવા પોપ ફ્રાન્સિસની લોકાભિમુખતાને થોડા શબ્દોમાં જીવંત આલેખી છે. એમના વિશે વિસ્તારથી સમજ આપવા બાંધેલા શીર્ષકો જેવાં કે - 'સાદગી એજ બંદગી'માં સાચી બંદગી કોને કહેવાય તે વાત - 'હે પ્રભુ મારે નયન નહિ અભિમાન'એ સંતોષાતો ભાવ ઘૂંટાયો છે. 'ગરીબોના બેલી'માં તેઓ ખ્રિસ્તી હોવું એટલે શું? તેમનું જીવન ઉદા. બની રહે છે. તો નમ્રતા અને ભક્તિનું જાણે તેઓ મૂર્ત રૂપ છે એવું ફાધર વિનાયકે જે ચિત્રાંકન કર્યું છે તે વાચકને હૃદયે અંકિત થઈ જાય છે. તો તેમની સામે જે જોરદાર પડકારો છે તેનો પણ તેઓ ઉકેલ લાવવા યથાશક્તિ પ્રયત્નશીલ રહેશે.

ફાધરે સાચા અર્થમાં ૨૧મી સદીના અનુ આધુનિક ગોવાળ કહ્યા છે તે યથાર્થ છે - ખરેખર નવા પોપ ખ્રિસ્તીધર્મની અમૂલ્ય શ્રદ્ધાના પ્રતીક બની રહેશે.

ફાધર વિનાયકને હૃદયપૂર્વકના અભિનંદન.

— યોસેફ મેકવાન (અમદાવાદ)

## (૨)

એપ્રિલ ૨૦૧૩ પાવન હૃદય દૂતના આંમત્રિત તંત્રીલેખનું વાક્ય 'મારું જીવન એજ મારી વાણી, બીજું તે તો ઝાકળપાણી' (ઉમાશંકર જોશી) નવશુભસંદેશકાર નામદાર પોપ ફ્રાન્સિસના વ્યક્તિત્ત્વર્થે આભાસ કરાવે છે. ફા. વિનાયકને લેખ બદલ ધન્યવાદ. કાવ્યધારામાં શ્રદ્ધા વિશેનાં કાવ્યો પ્રેરણાદાયક રહ્યાં. કવિઓને ધન્યવાદ.

મા. બિશપ થોમસ મેકવાનનો લેખ 'દિવ્યદયા' દિવ્યદયા પ્રત્યે તેમની ભક્તિ રજૂ કરે છે. તેમની શિખામણ પ્રભુ ઈસુની દિવ્યદયારૂપી ભક્તિના ખજાનાનો "શ્રદ્ધા વર્ષમાં ઉપયોગ કરી એની કદર કરીએ" અમલમાં મૂકીએ.

"પહેલો સગો પડોશી" લેખ સાચો ખ્રિસ્તી ધર્મ શું છે તેની સમજૂતી આપે છે. લેખક ડેવિડ પીટરને અભિનંદન.

રાજેશ ક્રિશ્ચિયન તેમના લેખ "અલવિદા પોપ બેનેડિક્ટ..... માં નિવૃત્ત પોપ બેનેદિક્તનું વ્યક્તિત્વ વિશે વધારે સભાન કરાવે છે. લેખકને ધન્યવાદ.

'કુષ્ઠરોગ (રક્તપિત્ત): સામાજિક ભેદભાવ વિરુદ્ધ લડત' લેખનું વાક્ય "કુષ્ઠરોગને જડમૂળથી નાબૂદ કરો પણ તેના દર્દીને નહીં," હૃદયને સ્પર્શી ગયું. લેખકને ધન્યવાદ."

— બ્રધર થોમાસ પીટર (ઓડિસા)

## (૩)

પાવન હૃદય દૂત માહે મે-૧૩નું વાંચન-મનન-ચિંતન કર્યું. સૌ પ્રથમ શ્રદ્ધા વર્ષ નિમિત્તે અંગુલિનિર્દેશ કરતો તંત્રીલેખ પવન કોણે જોયો છે? પવનનાં ઉદાહરણ દર્શાવી શ્રદ્ધામાં વૃદ્ધિ કરતો માર્મિક, ગંભીર તેમજ પ્રેરણાદાયક વિચારો રજૂ કરવા બદલ તંત્રીશ્રી ડો. થોમસ પરમારને અભિનંદન.

રજંત જયંતી અવસરે - આભાર માનુ મુજ દિલથી સંપૂર્ણ નિખાલસપણે - સ્વાનુભવનો ધર્મજનો સમક્ષ રજૂ કરતાં પોતાના ૨૫ વર્ષના કાર્યકાળનો અનુભવ, સમસ્યા તેમજ પ્રભુકૃપા વિષેની રજૂઆત સૌ માટે ખૂબ લાભદાયી તેમજ પ્રેરણા સ્ત્રોત બની રહેશે. પૂજ્ય બિશપ થોમસ મેકવાનને કોટિ કોટિ અભિનંદન. 'આજે મારી આ અવદશા ન હોત' આઈ.ડી. પરમારનો નાનકડો લેખ આજે સમયોચિત જણાયો. આજે સમાજમાં વિચાર્યા વિનાના પગલાથી ઘણાંને ઘણું બધું સહન કરવું પડે છે. ભાઈશ્રી આઈ. ડી.પરમારનો લેખ મનન-ચિંતન અને અમલમાં મૂકવા યોગ્ય છે. સાચી દિશામાં ઉદાહરણ સહ લેખ લખવા બદલ અભિનંદન. 'સંત પીટર કનિસિયસ' માહિતી સભર લેખ સંન્યસ્ત વર્ગ માટે પ્રેરણારૂપ બનશે.

સહર્ષ સંન્યસ્ત જીવનના રજતજયંતી ટાણે પ્રભુ પરમેશ્વર પૂ. ફા. જીમી ડાભીને આશીર્વાદથી ભરપૂર કરે તેવી પ્રાર્થના સહ કોટિ કોટિ પ્રણામ - જયખ્રિસ્ત.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

**(૪)**

પા.હૃ.દૂતનો એપ્રિલ - ૧૩નો અંક વાંચ્યો. બિશપ થોમસ મેકવાન લિખિત 'દિવ્યદયા' લેખ આવકાર્ય છે. બિશપશ્રીએ ઈસુના દિવ્ય પ્રેમનો અનુભવ શ્રદ્ધાળુઓને કરાવ્યો છે. સિસ્ટર ફોસ્તીનાને ઈસુએ આપેલાં દર્શનોનું આબેહૂબ શબ્દચિત્ર બિશપશ્રીએ આપણી સમક્ષ રજૂ કર્યું છે. ઈસુનું દિલ દયાનો અખૂટ ખજાનો છે. ગમે તેવા પાપી માણસોને ઈસુ દ્વારા માફી મળી શકે છે. ઈસુમાં શ્રદ્ધા રાખનાર કોઈપણ માણસ કદી નિરાશ થતો નથી.

આપણે શ્રદ્ધામાં વધુ બળવાન બનીએ. તો જ પાવનપિતાએ શ્રદ્ધાના વર્ષ તરીકે ઉજવવાની કરેલી ઘોષણા સાર્થક નીવડશે. બિશપશ્રીને અભિનંદન.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

**(૫)**

મે - ૨૦૧૩ પાવન હૃદય દૂત હાથમાં મળતાં, નિત્ય ક્રમની જેમ એકવાર તો ઉડતી ઝલકે પાના ફેરવી, ટાઈટલ અને લેખક જોઈ લેવાની તીવ્ર ઈચ્છા પૂરી કરી લેતો. પરંતુ ટાઈટલમાં "આજે મારી આ અવદશા ન હોત" વાંચી જવાની ઝંખના જાગી. અને લેખ પણ ટચૂકડો હતો. આજે દરેકના જીવનમાં એકાદ ઘટના તો એવી બનતી જ હોય છે જેને કારણે 'અવદશા' આવી ન હોય. લેખકે માનવ જીવનનું મૂલ્ય સમજાવ્યું છે કે અવદશા ના આવે તે માટે જાગૃતતા, સભાનતા અને સંયમ રાખી જીવનને અવદશામાંથી ઉગારી લેવું. લેખક શ્રી આઈ.ડી.પરમારે ટૂંકમાં ઘણું બધું જણાવી દીધું છે. અવદશા ઉભી થયા પછી જ તેનું કારણ પૂરેપૂરું સમજાય છે.

લેખકે લેખના અંતિમ ફકરામાં જણાવે છે. પોતાના ભાઈને મારી નાખવાનો ઈરાદો એ કેદીને ન હતો. પણ ગુસ્સામાં આવેલા શેતાને પાવડાથી ભાઈનું મોત નિપજાવ્યું. જીવનમાં શેતાન કેવળ જીવનનો નાશ કરવા જ સર્જાયેલો છે. ભૂલોનો અહેસાસ, પસ્તાવો, સભાનતા તેના પરિણામ આવ્યે જ સમજાય છે. દુર્ગુણો તો દરેક માનવમાં રહેવાના, જો કોઈ માને કે હું દુર્ગુણ વિનાનો છું. તો તે પણ એક મોટો દુર્ગુણ છે. પણ દુર્ગુણ સ્વીકારી લેવામાં અને સંયમ રાખવામાં, પોતાને કાબુમાં રાખવા, રહેલા દુર્ગુણો કરતાં પણ વિશેષ સદ્‌ગુણોથી ભર્યું એ માનવ જીવન કહેવાય. ગુસ્સામાં જ આપઘાતો થતાં હોય છે. જીવન વેર-વિખેર થતા હોય છે. જીવન ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. લેખક આઈ.ડી.પરમારને હાર્દિક અભિનંદન સાથે આશા રાખું છું કે ટચૂકડું પણ વાંચવાનું મન થાય, હૃદયને સ્પર્શી જાય તેવું તમારી પાસે ઘણું છે. દૂતમાં આપતા રહેજો.

— જોસેફ પી. શાહ (આણંદ)

**(૬)**

'દૂત'નું તંત્રીપદ સાહિત્યકાર જ નિભાવી શકે તે સત્યને તમે ખોટું સાબિત કરી દીધું. તમારા આજ સુધીના તમામ તંત્રીલેખ બદલ આભાર.

આમંત્રિત તંત્રી તરીકેનો રેવ. ફા. વિનાયકનો નામદાર પોપ સાહેબના માહિતીસભર લેખ બદલ અભિનંદન, તેમાથી ઘણું જાણવાનું મળ્યું.

ડિસેમ્બરના અંકમાં સમાજની યુવતીઓને લાલબત્તી ધરાવતી "સ્ટેફી" વાર્તા માટે ભાઈશ્રી રાજુલ આઝાદને અભિનંદન. અભિનંદન આપવામાં સમયની વ્યવસ્તાને કારણે ક્ષમા.

મા. બિશપ સાહેબ છુપા સાહિત્યકાર નીકળ્યા. તેમના પવિત્ર મારિયા તથા ધર્મસભા, દિવ્યદયા તથા છેલ્લે તેમના રજતજયંતી લેખથી તેમના સ્મરણોને વર્ણાવ્યા. તેમની પવિત્ર મારિયા પ્રત્યેની શ્રદ્ધા તથા ભક્તિને માન આપવું જ રહ્યું મને પણ તેમના જેવા જ અનુભવો થયેલા છે.

ચાલુ મહિનાના તમામ લેખો મહદ્ અંશે માહિતિસભર છે, તે સારા છે. મુખપૃષ્ઠનું પ. આત્મા સાથેનું પવિત્ર ત્રૈક્યનું ચિત્ર સુંદર છે.

પરંતુ મે મહિનામાં પવિત્ર મારિયાને કેમ ભુલાય? લગ્નસંસાર, મધર્સ ડેને પણ ભૂલાયા. ઓછામાં ઓછો દરેક વિષે એક લેખ હોવો જોઈતો હતો. મારું અંગત મંતવ્ય છે.

શ્રદ્ધાવર્ષ નિમિત્તે શ્રદ્ધાને લગતા લેખ લખાય છે. પરંતુ શ્રદ્ધાનો અનુભવ થયો હોય એવા શ્રદ્ધાળુની અંગત સાક્ષી છપાય તે અગત્યનું છે. આપણે આબ્રાહમ તથા શ્રદ્ધાઘોષણા કરતા પણ વધુ અગત્યનું આજના સાંપ્રત સમાજ તથા વૈશ્વકિરણના જમાનામાં છે.

છેલ્લે કવિતા કરતાં પણ શ્રદ્ધાંજલિ જે છપાય છે તેના શબ્દો દિલને અસર કરી જાય છે, જે કવિતા કરતા પણ વધુ સ્પર્શી જાય છે. અને તેમને દિલાસો આપવા માટે સરનામું અથવા ઓછામાં ઓછો ફોન નંબર કે મોબાઈલ નંબરની અપેક્ષા ખરી.

જે ભાઈબહેનો જુદા જુદા ક્ષેત્રોમાં જે પ્રગતિ કરી રહ્યા છે તે તમામને અભિનંદન, આગે બઢો. આ માટે જે પ્રયત્નો રાજુલ આઝાદ કરે છે તેમને મારા ખાસ અભિનંદન.

— કિરીટ એસ. પીજકર (સી.ટી.એમ., અમદાવાદ)

# પ્રભુનાં સંતાનો, પ્રભુને પરત.....!



✍ બિશપ થોમસ મેકવાન

માનવજાતને ઈશ્વરે સંન્યસ્ત વર્ગ બક્ષીને ન્યાલ કરી છે. તેમની સેવાથી માનવજાતની પ્રગતિ થઈ છે. દુ:ખી, પીડિત, બીમાર તથા ગરીબની પડખે સંન્યસ્ત વર્ગ રહ્યો જ છે. રસ્તા પર પડેલા અશક્ત માનવોને સૌ કોઈ ઠુકરાવતા હોય છે પણ તેમની સંભાળ સંન્યસ્ત વર્ગ ઉપાડી લે છે. કીડાથી ખદબદતા શરીરને નવું જીવન મળે છે. મૃત્યુના આરે પહોંચેલાંને માનભેર વિદાય મળે છે. સંન્સસ્ત વર્ગના હસ્તક્ષેપથી કોઈપણ દુ:ખી વ્યક્તિને દિલાસો મળે છે - સાંત્વન મળે છે. દવાખાનાં દ્વારા બીમારોને તંદૂરસ્તી પરત મળે છે, નાની-મોટી આર્થિક સહાય મળે છે. સર્વ લોકોનું તે ભલું કરે છે. શાળા-કોલેજમાં બાળકોને જ્ઞાન આપી તેમનું યોગ્ય ઘડતર કરે છે. લોકોને ન્યાય અપાવવા માટે તથા ગરીબોના ઉત્થાન માટે સંન્યસ્ત વર્ગ આગળ પડતો ભાગ લઈ રહ્યો છે. આમ, સેવા, શિક્ષણ અને સમાજ ઉત્થાનમાં સંન્યસ્ત વર્ગ હંમેશાં અગ્રેસર રહ્યો છે.



ઇંગ્લેન્ડની પ્રખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીના વિકાસમાં દોમિનિકન ધર્મગુરુઓનું મોટું યોગદાન છે. ભારતની ઘણી ખરી ભાષાઓમાં નવું જોમ પુરવામાં મિશનરીઓએ ઘણું પ્રદાન કર્યું છે. સર્વપ્રથમ પ્રેસ ઈસુસંઘના ફાધરોએ ગોવામાં નાખી હતી. માનવહિતના સંશોધન કાર્યમાં મિશનરીઓએ નક્કર પ્રદાન કર્યું છે. અન્ય ધર્મના લોકો પણ કેથોલિક સંન્યસ્ત વર્ગની સેવાઓને બિરદાવે છે અને આવકારે છે પણ ખરા....

આ બધી સેવાઓ તથા પોતાની મુક્તિની સાથોસાથ, સંન્યસ્ત વર્ગ વિશેષ રીતે ધર્મજનો અને માનવ સમુદાયને પ્રભુ સન્મુખ કરે છે, અને તેમને સ્વર્ગભુવનના ભાગીદાર થવામાં સહાયરૂપ બને છે અને આ ઉમદા કાર્ય કરતાં કરતાં પોતાની જાત સુદ્ધાં ન્યોચ્છાવર કરે છે.

ધર્મજનો અને સંન્યસ્ત વર્ગ મળીને ધર્મસભાએ સફળતાનાં ૨૦૦૦ વરસ પૂરા કર્યાં છે. આજે બસો દશ કરોડ લોકો ઈસુપંથી છે. જેમાંથી એકસો વીશ કરોડ કેથલિક છે. ધર્મસભાનાં કામ કરવામાં સંન્યસ્ત વર્ગનો સિંહફાળો છે, એમાં કોઈ શંકા નથી!

પ્રભુનાં કાર્યોને આગળ ધપાવવા માટે સંન્યસ્ત વર્ગની આજે પણ જરૂર છે જ. તેડાં માટેનું ફળદ્રુપ ખેતર એટલે ધાર્મિક કુટુંબ, માવતરની પ્રાર્થના, ધાર્મિકતા અને સારો નમૂનો બાળકોને ઈશ્વર સેવામાં જોડાવા માટે પ્રેરણા આપે છે. એવા કુટુંબોમાં બાળકમાં ઈશ્વરે રોપેલું તેડાનું બીજ ફૂટી નીકળે છે અને સમય જતાં સારાં અને મીઠાં ફળ આપતું વૃક્ષ બને છે. મા-બાપની પોતાનાં સંતાનોનાં તેડાં અર્થે શ્રદ્ધાથી કરેલી પ્રાર્થના પરિણામ લાવે જ છે!

ચોથી સદીનો અગુસ્તીન નામનો યુવાન અવળે માર્ગે ચડી ગયો હતો. સત્યની શોધમાં ઘણાં પરાક્રમો કર્યાં અને પાપભર્યું જીવન પણ જીવ્યો. તેની માતા મોનિકા ખૂબ જ દુ:ખી હતી. તેનો દીકરો કેથલિક બન્યો નહોતો. ઘણી વિનવણી કરી છતાં કોઈ ફળ ના મળ્યું. મોનિકાએ પ્રભુને પ્રાર્થના શરૂ કરી. ત્રીસ વરસના અંતે તેની પ્રાર્થના ફળી અને અગુસ્તીન સ્નાનસંસ્કાર લે છે. જતાં દિવસે તે હિપ્પો ધર્મપ્રાંતનો ધર્માધ્યક્ષ બને છે. કેથોલિક ધર્મશ્રદ્ધા અને સિદ્ધાંતો અંગે તેમણે લખેલાં પુસ્તકો આજે પણ પાયાનાં પુસ્તકો તરીકે ગણવામાં આવે છે. માતાની પ્રાર્થનાએ એક સંતને જન્મ આપ્યો!

લુઈસ માર્ટીન પુરોહિત બનવા ઈચ્છતા હતા પરંતુ તેમની ઈચ્છા પૂરી ના થઈ શકી અને તેમનાં લગ્ન ઝેલી ગ્યુરીન સાથે થયા. તે પણ એક સંન્યાસિની બનવા ઈચ્છતી હતી. તેમને એક પછી એક દીકરીઓ જન્મી અને તેઓ રોજ ઈશ્વરને એક દીકરો આપવા પ્રાર્થના કરતા, જેથી તે પુરોહિત બની ઈશ્વરનું કામ કરે. દીકરો જન્મ્યો પણ ખરો પરંતુ બાલ્યાવસ્થામાં જ મરણ પામ્યો. પુખ્ત વયે પહોંચેલ નવ બાળકોમાંથી પાંચ દીકરીઓ બચી અને તે સર્વ ધર્મભગિનીઓ બની અને એમાંની છેલ્લી નાની દીકરી બાળ ઈસુની સંત થેરેસિયા બની જેને આપણે સંત પુષ્પાવતીથી ઓળખીએ છીએ. આ છે મા-બાપની પ્રાર્થનાનું ફળ!

ફ્રાન્સની એલીઝા એક પ્રખર પ્રોટેસ્ટંટ કુટુંબમાં જન્મી હતી અને તેના પિતાશ્રી રોલ્સરોય કાર કંપનીના માલિક હતા. કેથોલિક ધર્મ પ્રત્યે એને આકર્ષણ થયું અને ઇંગ્લેન્ડના જોન ફ્રાન્સિસ વોગન સાથે લગ્ન થયાં. ધર્મસભા માટે એલીઝાને એટલી ધગશ હતી કે લગ્નસંબંધમાંથી થયેલા બાળકો ઈશ્વરને પરત કરવા પોતાના પતિને જણાવ્યું અને તેની સંમતિ લીધી.

એલીઝા રોજ પરમપ્રસાદ સમક્ષ એક કલાક પ્રાર્થના કરતી. પરિણામ શું આવ્યું? ૧૪ બાળકોનો જન્મ થયો અને ૧૮૫૩માં છેલ્લા બાળકના જન્મ પછી થોડા જ સમયમાં એલીઝાનું મૃત્યુ થયું. ૧૩ બાળકોમાંથી બે દીકરાઓ સંન્યસ્ત મંડળમાં જોડાઈ પુરોહિત બને છે, એક ધર્મપ્રાંતીય ધર્મગુરુ બને છે. એક ધર્માધ્યક્ષ બને છે, એક મહા ધર્માધ્યક્ષ બને છે, એક કાર્ડિનલ બને છે. પાંચ દીકરીમાંથી ચાર ધર્મભગિનીઓ બને છે. એલીઝાએ આ બધું સ્વર્ગમાંથી નિહાળ્યું. માતાની પ્રાર્થના ફળી!

લૂ નામનું નાનકડું ગામડું ઉત્તર ઈટાલીમાં આવેલું છે. આ ગામની માતાઓની એક દૃઢ ઈચ્છા હતી કે તેમનાં બાળકોમાંથી પુરોહિતો અને સાધ્વી-બહેનો થાય. તેમના સભાપુરોહિત સાથે મળી ૧૮૮૧માં તેમણે દર મંગળવારે પરમપ્રસાદની આરાધના શરૂ કરી અને તેમનાં બાળકોને હાકલ મળે તેવી પ્રાર્થના કરવા માંડી. એ નાનકડા ગામમાંથી ટૂંક સમયમાં જ ૩૨૩ તેડાં પાક્યા! તેમાંથી ૧૫૨ પુરોહિતો અને ૧૭૧ સાધ્વી બહેનો! એક કુટુંબમાંથી તો સાતે-સાત બાળકો સંન્યસ્તો બન્યાં. આ છે ઈશ્વરની લીલા અને તેડાં માટેની મા-બાપની પ્રાર્થનાની શક્તિ!

આજના યુગમાં કુટુંબો નાનાં થઈ ગયાં છે જેના લીધે ઘણાં સામાજિક અને ધાર્મિક પ્રશ્નો ઊભા થયા છે. ઈશ્વરની યોજના તો મોટાં કુટુંબોની જ છે એટલે જ તેણે માણસને સર્જ્યા પછી આશીર્વાદ આપ્યા બાદ કહ્યું, "સંતતિ પેદા કરો, વંશવેલો વધારો, પૃથ્વીને ભરી દો" (ઉત્પત્તિ ૧:૨૮).

ઈશ્વરની મહામૂલી ભેટ એટલે બાળકો! તેમનો આવકાર થવો જ જોઈએ. એ આનંદ, પ્રગતિ અને આશા સાથે આવે છે. ઝાંઝાં બાળકો હશે તો મા-બાપ તેમને ધર્મસભાને ભેટરૂપે આપતાં અચકાશે નહિ અને ઈશ્વરની મુક્તિયોજના આગળ વધશે. કેથલિકોએ આ બાબત ઉપર વિચાર કરવો જ પડશે. બાળક જ્યારે ઉદરમાં હોય ત્યારથી જ માતા-પિતાએ તેના માટે પ્રાર્થના કરવી. માનવજાત એ ઈશ્વરની છે, જન્મેલાં બાળકો એ ઈશ્વરનાં છે અને તેને ઈશ્વરને પરત કરવાથી ઈશ્વર આનંદ અનુભવે છે જ!

એકના એક સંતાનને પણ આપતાં અચકાવું ન જોઈએ. ઈશ્વરે તેનો એકનો એક દીકરો આપણા માટે આપી દીધો; ઈશ્વરની ઈચ્છાને વશ થવા અબ્રાહામ પોતાનાં એકનાં એક પુત્રનું બલિદાન આપવા તૈયાર થાય છે; હાન્નાને કોઈ દીકરો નહોતો તો તે ઈશ્વરને પ્રાર્થના કરે છેઃ "ઓ સર્વ શક્તિમાન પ્રભુ... તું મને એક દીકરો આપ, તો હું તે દીકરો જીવનભર તને સમર્પી દઈશ" (૧ શમુએલ ૧:૧૧) પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી અને એક દીકરો આપ્યો અને ધાવણ છોડાવ્યા પછી હાન્ના પોતાના નાના બાળકને મંદિરમાં અર્પી દે છે. તે મોટો થતાં ઈસ્રાયેલી પ્રજાનો આગેવાન બને છે; સ્નાનસંસ્કાર યોહાનને પણ માતા-પિતાએ ઈશ્વરને સમર્પિત કરી દીધો હતો.

ઈશ્વરની યોજના એવી પણ હોય છે કે ઘરના સૌથી વહાલા બાળકની પણ તે માગણી કરતો હોય. મા-બાપે એવા બાળકને પણ આપતાં અચકાવું ન જોઈએ. પ્રભુનું કાર્ય આગળ લઈ જવાની જવાબદારી માટે આપણી પસંદગી થયેલી છે. એટલે આપણાં બાળકો પ્રભુને સમર્પવા માટે ઉદાર બનીએ.

મા-બાપે પોતાનાં બાળકો પ્રભુનું કામ કરવા આગળ આવે તે માટે અચૂક પ્રાર્થના કરવી. પ્રાર્થના સાંભળવામાં આવશે અને ઈશ્વર પોતાની યોજના પાર પાડશે. ઈશ્વરને પણ મુક્તિ યોજનામાં માણસની જરૂર છે. એટલે જ અબ્રાહામ, મોશે, શમુએલ, દાવિદ, પયગંબરો, સ્નાનસંસ્કાર યોહાન, મરિયમ, પ્રેષિતો, પાઉલ વગેરેની પસંદગી કરે છે. વ્યક્તિઓ દ્વારા મુક્તિકાર્યને ઈશ્વર આગળ લઈ જવા માંગે છે. ઈશ્વરને સહકાર આપવામાં સાચો આનંદ સમાયેલો છે.

ઘરમાંથી તેડાં ન પાકે તો સંન્યસ્ત જીવનમાં જોડાયેલાં તેડાંને ભણતરમાં આર્થિક સહાય કરી શકાય. આ રીતે પણ ઈશ્વરની યોજનાને ટેકો આપી શકીએ. પણ આ બધાં કરતાં સૌથી અગત્યની બાબત એ છે કે સર્વવ્યાપી ધર્મસભાને તેડાં મળે તે માટે રોજ પ્રાર્થના કરવી. આપણા પ્રભુએ જ આપણને આ બાંહેધરી આપતા કહ્યું છે, "ફસલ ખરેખર મબલખ છે, પણ કામ કરનાર થોડા છે, એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે" (લૂક ૧૦:૨). ●


**Many Many Happy Returns Of The Day**
**To SHARLIN On Her 1st Birthday**



**શાર્લિન**
જન્મ: ૨૬-૦૬-૨૦૧૩
સુજાતા (મમ્મી)
સંદિપ (પપ્પા)

પરમપિતાની અસીમ કૃપા અને માતા મારિયાની મધ્યસ્થીના વરદાનરૂપે પ્રાપ્ત અમારી વ્હાલી શાર્લિનના પ્રથમ જન્મદિન નિમિત્તે અમારા પરિવારના પ્રત્યેક સભ્યની પ્રેમભરી શુભેચ્છા. પ્રભુ ઈસુ તને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક તેમજ દૈહિક આશીર્વાદથી ભરપૂર કરી તંદુરસ્તી બક્ષે તેમજ ઈશ્વરના કાર્યોમાં ઉપયોગી સુપાત્ર બનાવે એવી પ્રાર્થના.

**શુભેચ્છક**

| | | |
|---|---|---|
| જગદીશ ડી. રાઠોડ (નાના) | રોજસ (સેન્ડી) | રોયલ (મામા) |
| સુનીતા જે. રાઠોડ (નાની) | (ભાઈ) | સીમ્મી (મામી) |
| સાયમનભાઈ (દાદા) | સી. સોનલ (ફોઈ) | સોનલબેન (ફોઈ) |
| વિજ્યાબેન (દાદી) | આનંદ (કાકા) | પ્રકાશભાઈ (ફુવા) |

આ સર્વની શુભકામનાઓ
રાઠોડ પરિવાર, ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ખંભોળજ

# પોપ ફ્રાન્સિસ દ્વારા ધર્મસભામાં ક્રાંતિનાં મોજાં

✍ ફાધર કુમાર

**પ્રસ્તાવના:** “હવે પવિત્ર આત્મામાંનો મારો વિશ્વાસ મજબૂત બન્યો છે.” પોપ ફ્રાન્સિસની વરણીના શુભ સમાચાર સાંભળતાવેંત જાણે કે હું ખૂબ જ કુતૂહલમાં આવી ગયો હતો. કારણ કે તેઓ યુરોપની બહારના છે; ધર્મસભાના એક સારા આગેવાન તરીકે વિશાળ અનુભવ ધરાવે છે. સાદગી અને વિનમ્રતા સાથે હિંમત માટે જાણીતા છે; પ્રગતિશીલ વિચારધારા ધરાવે છે. અને એમના ભૂતકાળના આધારે કહી શકાય કે તેઓ ધર્મસભામાં સુધારો ને પરિવર્તન લાવી શકે એવા છે. કેટલાંક વર્ષોથી મારી પ્રાર્થના એ હતી કે પ્રભુ પરમેશ્વર ધર્મસભાને હાલની કપરી પરીસ્થિતિથી ઉગારવા બીજી વેટિકન પરીષદના સ્વપ્નદૃષ્ટા યોહાન ત્રેવીસમા જેવા એક આગેવાન આપે. નહિ તો મને બીક હતી કે ધર્મસભા ધર્મજનો વિહોણી કે માત્ર શાસક વર્ગની થઈ જશે. હવે વડાધર્મગુરુ ફ્રાન્સિસમાં મારી પ્રાર્થના ફળી છે એમ માનવા માટે પૂરતાં કારણો છે. કારણ કે, પોપ ફ્રાન્સિસ તો પહેલા દિવસથી જ ‘ગરીબ લોકો માટે એક ગરીબ ચર્ચ’ની જ વાત કરે છે.



**પોપ બેનેદિક્ત રાજીનામાના પ્રતિભાવ:** પોપ બેનેદિક્ત સોળમાના ઐતિહાસિક, નમ્ર, પરંતુ હિંમતવાન રાજીનામાએ વિશ્વની ધર્મસભામાં, ખાસ કરીને સમગ્ર સત્તાધારી માળખામાં, આઘાતનાં મોજાંઓ ઉત્પન્ન કર્યાં. પરંતુ આવા કાર્ય દ્વારા તો ધર્મશાસ્ત્રી પોપ ચર્ચ માટે પોતાનો પ્રેમ સાબિત કરી વિશ્વભરમાં લાખો હૃદય જીતી લીધા હતા. એમના આ પ્રશંસનીય નિર્ણયે સાબિતી આપી કે (i) દરેક રીતે વડાધર્મગુરુ પણ અન્યની જેમ સંવેદનશીલ ને સીમિત છે અને (ii) હાલની કટોકટી જેવી પરિસ્થિતિમાં ધર્મસભા પર શાસન ચલાવવા અને પ્રભુના રસ્તે દોરી જવા માટે એક ક્રાંતિકારક સુધારકની જરૂર છે.

પ્રગતિશીલ વિચારધારા ધરાવનાર નવા પોપની બાબતમાં પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરતાં ઘણાંબધા લોકો પોતાનાં મંતવ્ય લેખિત ને મૌખિક રીતે રજૂ કરવા લાગ્યા. નવા વડાધર્મગુરુ ગરીબોના ગરીબ માટે પ્રેમ રાખનાર, મહિલાઓને ધર્મસભામાં વધુ મહત્ત્વની ભૂમિકા આપનાર અને ધર્મસભાના આગેવાનો અને અધિકારીઓમાં સાદગી ને સેવાભાવનું સિંચન કરનાર હોવા જોઈએ, એવી અપેક્ષાઓ મોટેથી સંભળાવા લાગી. એમાં ત્રણ મહત્ત્વપૂર્ણ અવાજો તો બે મુખ્ય કાર્ડિનલો (સાંદરી તથા કાસ્પેર) અને એક પ્રખ્યાત મહાધર્માધ્યક્ષના હતા. કાર્ડિનલ સાંદરીએ તો પુરોહિતોની તાલીમ તથા ઘડતરમાં અને રોમ ખાતેની કુરીયામાં (વહીવટતંત્રમાં) પણ મહિલાઓ માટે વધુ મહત્ત્વની ભૂમિકાનું સૂચન કર્યું જ્યારે કાર્ડિનલ કાસ્પેરે ત્રીજી ને ચોથી સદીની ધર્મસભાની પ્રણાલિકાને અનુસરીને લાયકાત ધરાવતી સ્ત્રીઓને પણ એક પ્રકારની દીક્ષાની દરખાસ્ત કરી.

**ક્રાંતિના મોજાં:** આપણા નવા પોપ સાદગી માટે જાણીતા આસીસીના સંત ફ્રાન્સિસનું નામ ધારણ કરી, પોપની ગાદીએ બેસવાનો દિવસ નમ્રતા માટે પ્રખ્યાત એવા સુથાર સંત જોસેફનું પર્વ પસંદ કરી પોતે કંઈ રોમના સમ્રાટ નથી પરંતુ ઈસુ તથા પ્રેષિતોની પરંપરામાં આવનાર એક ગોવાળ (હઝકીયેલ ૩૪:૧૧-૩૧; યોહાન ૧૦)ને સેવકોના સેવક (યોહાન ૧૩:૧૪) છે એમ સાબિત કર્યું છે. ચૂંટાયા પછી તરત જ જે સિંહાસન પર પરંપરાગત રીતે પોપ બિરાજમાન થાય છે એ ત્યજીને પોપ ફ્રાન્સિસ કાર્ડીનલો સમક્ષ ઊભા રહી એમની સાથે આત્મિયતાથી વાત કરતાં બોલ્યા હતા કે, “હું પણ તમારામાંનો એક છું” (પ્રેષિતો ૧૪:૧૫). એકદમ સામાન્ય પોષાક પસંદ કરનાર અને વૈભવી કારની જગ્યાએ સાદી કાર વાપરનાર પોપ ફ્રાન્સિસે પોપ માટે તૈયાર કરાયેલા સોનાના ક્રોસની જગ્યાએ તેઓ અત્યાર સુધી પહેરતા હતા એ જ સાદો ક્રોસ પહેરી સાદગીને નમ્રતાની સારી એવી છાપ ઊભી કરી છે. એટલું જ નહિ, પહેલીવાર લોકોને આશીર્વાદ આપતાં પહેલાં “પહેલાં તમે મારે માટે પ્રાર્થના કરો, મને આશીર્વાદ આપો” એમ કહી બધાંને આશ્ચર્યમાં ડુબાડી દીધા હતા.

પવિત્ર અઠવાડિયા દરમિયાનની વિધિઓમાં પણ પોપ ફ્રાન્સિસ ક્રાંતિ લાવ્યા છે. પોતાના બોધમાં એમણે કહ્યું હતું કે ખાસ ગરીબો, મહિલાઓ, અને બાળકોને સલામતી આપવાની તથા પર્યાવરણનું રક્ષણ કરવાની ફરજ ધર્મસભાની છે. અભિષિક્ત થયેલા ફાધરો તથા બિશપોને સંબોધતાં તેમને યાદ દેવડાવ્યું હતું કે તેઓને ગરીબો સુધી પહોંચવા માટે જ તેલથી અભિષિક્ત કરવામાં આવ્યા છે. પવિત્ર ગુરુવારના દિવસે તો તેઓએ કેદખાનામાં ખ્રિસ્તયજ્ઞ ચઢાવી બાર કેદીઓના પગ ધોઈને ચુંબન કરી ઈતિહાસ સર્જ્યો હતો. આમાં ખાસ નોંધવાનું કે એ બાર વ્યક્તિઓમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. કેદીઓને સંબોધતાં એમણે કહ્યું હતું કે હું તમારી સેવા કરવા પોપ બન્યો છું. તમે પણ એક બીજાને મદદરૂપ થજો.

**ક્રાંતિનું મૂળ અધ્યાત્મ:** જેઓ પોપ ફ્રાન્સિસને પહેલાથી ઓળખે છે તેઓ સાક્ષી પૂરે છે કે એક ફાધર, ધર્માધ્યક્ષ કે કાર્ડિનલ તરીકે પણ એમનું જીવન સાદગી ભરેલું કે ક્રાન્તિકારીક જ હતું પહેલેથી જ તેઓ ધર્મસભામાં વિવિધ

મુખ્ય હોદ્દાઓ સંભાળતા હોવા છતાં રસોઈયો કે ડ્રાઈવર રાખ્યા વગર સાદું જીવન ગાળતા અને ઈસુની જેમ પરંપરા કે રૂઢિ-રિવાજ કરતાં માનવતા ને માનવ ગૌરવને પ્રાધાન્ય આપતા (માર્ક ૭:૮; કોલો ૨:૮). અને હંમેશાં કંઈક જુદું વિચારતા અને ધર્મસભામાં નવિનીકરણ કે સુધારો લાવવા પ્રયત્ન કરતા. તેમની પાસે આંતરિક ને નૈતિક અધિકાર હોવાને કારણે આ બધું શક્ય બનતું. આ બધું આપણને ઈસુના જીવનના પ્રારંભની કેટલીક ઘટનાઓ યાદ દેવડાવે છે. ઈસુની જીવનશૈલીથી ઈસુની વાણી, કાર્ય અને વલણથી જાતજાતના લોકો પ્રભાવિત થઈ જતા (માર્ક ૧:૨૨-૨૭; ૨:૧૨; લૂક ૨૩:૮). નૈતિક અધિકાર સાથે પોપ ફ્રાન્સિસ પાસે બીજું એક બળ છે અનુભવ. એક લેટિન અમેરિકન દેશમાં સામાન્ય (ગરીબ, નિરાધાર, અનાથ વગેરે) લોકો સાથે રહેવાનો અને કામ કરવાનો અનુભવ અને એની સાથે મુખ્ય જવાબદારીઓ સંભાળવાનો અનુભવ.

**વાજબી પ્રશ્નો:** ક્રાંતિકારક શુભ પ્રારંભ તો થઈ ચૂક્યો છે. નવા પોપની હકારાત્મક શૈલી વિશે ચોક્કસ સંકેતો પહેલેથી જ દુનિયાને મળી ગયા છે. છતાં લોકોને ભૂતકાળના અનુભવને આધારે થોડીક શંકા, કેટલાક પ્રશ્નો થાય છે. અત્યારે રોમ કે વેટિકનમાં જે પરિસ્થિતિ છે એમાં શું આવા સીધા સાદા પોપ ટકી રહેશે અને ક્યાં સુધી? આપણો અનુભવ કહે છે કે ઘણાં સારા લોકોના કિસ્સામાં એવું બને છે કે શરૂઆતની એમની હિંમત ને એમનો ઉમંગ જેમ દિવસો પસાર થાય તેમ ઓછાં થઈ જાય છે. બીજી રીતે કહીએ તો રૂઢિચુસ્ત ને પરંપરાવાદીઓની વચ્ચે એક સુધારકને કેટલો સહકાર મળશે? સત્તા ને સંસ્થાલક્ષી અધિકારીઓ વચ્ચે, સાથે કામ કરવામાં એક પ્રજાલક્ષી લીડરને કેટલી સફળતા મળશે?

આ બધાં પ્રશ્નો વાજબી છે. છતાં આપણે કહી શકીએ, આ ક્રાંતિનાં મોજાં ટકી રહેશે; કારણ કે, વિના વિલંબે પહેલા દિવસથી જ પરમેશ્વર પર આધાર રાખીને પોપ ફ્રાન્સિસે પોતાનું સુધારણાનું નવરચનાનું કામ શરૂ કરી દીધું છે. એટલે હવે એને કોઈ અટકાવી શકે એમ નથી લાગતું. એમનામાં નૈતિક બળ છે ને પોતાના સિદ્ધાંતોના અમલીકરણ માટે હિંમત પણ છે. અને એમને કોઈ પૈસા કે સત્તાનો મોહ છે એમ બિલકુલ લાગતું નથી. વફાદાર કેથોલિક શ્રદ્ધાળુઓ તરીકે આપણી આશાને જ્વલંત રાખી સમગ્ર ધર્મસભા માટે ને ખાસ પોપ ફ્રાન્સિસ માટે પ્રાર્થના કરવાની જરૂર છે. આપણી પ્રાર્થના તથા શ્રદ્ધામય જીવન દ્વારા આપણે એમને સહકાર આપીએ! વડાધર્મગુરુ ફ્રાન્સિસ ઘણું જીવો! ●



# દૂતની ભીતરમાં

**સંજયકુમાર જશભાઈ વાઘેલા**

દૂતની ભીતર અંતર્ગત મે મહિનામાં શ્રી સેમ્યુલ પીટર વાઘેલાનો પરિચય આવ્યો, તેમણે માત્ર દૂત વિતરણનું જ કાર્ય કર્યું નથી, પરંતુ તેમની પ્રેરણા અને માર્ગદર્શન થકી દૂતના એક નવયુવાન અને ઉત્સાહી વિતરક ઊભરી આવ્યા છે, જેમનું નામ છે સંજયકુમાર જશભાઈ વાઘેલા, જે સાક્ષરનગરી નડિયાદના વતની છે.

પ્રાથમિક શિક્ષક પરિવારમાં પચીસમી ઓગષ્ટ, ૧૯૭૬માં સંજયનો જન્મ થયો. ડિપ્લોમા ઈન ઈલેકટ્રિકલ એન્જિનિયરનો અભ્યાસ પૂર્ણ કર્યો, પરંતુ ટેકનિકલ શિક્ષણથી સંતોષ ન થતાં, માત-પિતાને પગલે શિક્ષકનો વ્યવસાય સ્વીકારવા, પી.ટી.સી., એમ.એ., બી. એડ.ની ડિગ્રી પ્રાપ્ત કરી શિક્ષક બન્યા. શાળામાં શિક્ષણકાર્યની સાથે સાથે ચર્ચના કાર્યોમાં સહકાર આપે છે. સન્ડે ક્લાસ અને V.B.S. ક્લાસ ચલાવે છે. પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અને બળસંસ્કાર માટે બાળકોને ધાર્મિક શિક્ષણ આપી તૈયાર કરે છે.

સંજયના પરિવારમાં પત્ની કીર્તિકા મેકવાન, પ્રાથમિક શિક્ષિકા છે. પુત્રી શૈલી અને પુત્ર કલરવ અભ્યાસમાં તેજસ્વી છે. બાળકો કલાત્મક રસ, રુચિ અને જ્ઞાનથી સભર છે.

મિશન રોડ, 'ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ' ધર્મવિભાગ અંતર્ગત સોસાયટીમાં ૧૯૯૨માં 'દૂત'ની પાંચ નકલથી વિતરણ કાર્ય શરૂ કરનાર આજે એકસો નવ નકલ હાથોહાથ પહોંચાડતાં આનંદ અને રોમાંચની લાગણી અનુભવે છે. પરધર્મીઓ 'દૂત'ના નિયમિત વાચક બને 'દૂત'ના વધુને વધુ ગ્રાહકો બને તેવી તેમની મહેચ્છા છે અને તે માટે પ્રયત્નશીલ છે. 'દૂત'માં 'તમારો પત્ર' અને 'ધર્મગુર્જરી' વિભાગમાં અવાર-નવાર લખે છે.

સંજયભાઈની મહેચ્છાઓ પૂર્ણ થાય, તેમના કુટુંબમાં સુખ, શાંતિ અને આનંદનો વાસ સદાય રહે તેવી 'દૂત પરિવારની' પ્રાર્થના છે.

**— ફાધર જેરી સિકવેરા, એસ.જે.**

**પ્રકાશક**

# ...ત્યારે ઉત્તર નહીં હોય!

## (વિશ્વ પર્યાવરણ દિન - તા. ૫ જૂન નિમિત્તે)

✍ ભાવાનુવાદ: ડૉ. સિલાસ પટેલિયા

ભગવાને માનવને 'સૃષ્ટિ શિરોમણી' બનાવ્યો પરંતુ માનવે એ સૃષ્ટિની જે દશા કરી છે, એનાથી ભગવાન પણ વ્યથિત થતા હશે! આમ તો માનવ પ્રકૃતિનું જ એક રૂપ છે, છતાં માનવી પ્રકૃતિથી ખૂબ જ દૂર જતો જાય છે. પ્રકૃતિ સાથેનો એનો અભિન્ન નાતો તૂટતો જાય છે, એની પાછળ એ પોતે જ જવાબદાર છે. આવનાર પેઢી તથા જે પાપા પગલી ભરી રહી છે, એ પેઢી અવશ્ય આપણી પાસે જવાબ માંગશે કે ક્યાં છે પ્રકૃતિ? આ તસ્વીરોમાં, આ ફિલ્મોમાં તથા ઈન્ટરનેટના અસંખ્ય રંગોમાં જે પ્રકૃતિ ઉભરી રહી છે, એ વાસ્તવમાં ક્યાં છે? એનું એ સ્વચ્છ રૂપ કેમ દેખાતું નથી? માનવીએ જે રીતે કુદરતના આ વૈભવના મૂળસ્ત્રોતો ઉખાડી નાંખ્યો છે, એ ભારે દુઃખદ છે ને તેથી જ એ પ્રશ્નોના એ જવાબ આપવા સમર્થ બનવાનો નથી; ભલે મિલ્કત, ધન-દોલત તથા સાયન્સ-ટેકનોલોજીની સુવિધામાં એ રાચતો હોય, છતાં એની પાસે પ્રકૃતિની સામે ટકવા શક્તિ નહિ જ હોય. તે પ્રકૃતિના એ અન્ય વિકલ્પો ઊભા નહીં કરી શકે. આના સંદર્ભમાં મણિપુરી ભાષાની ક્વયિત્રી ઈસ્ટરીન ઈરાલુની એક કવિતાનું સ્મરણ થાય છે.

- કોઈક દિવસ તું પૂછીશ:
  'પહેલાંની જેમ હવે પક્ષીઓ
  કેમ ગીત ગાતાં નથી?
  અને ફૂલોમાં એવી સુગંધ કેમ
  નથી રહી, જેવી પહેલાં હતી?
  હવે નદીઓમાં કેમ માછલીઓનાં
  ઝૂંડે ઝૂંડ નથી રહ્યાં?
  અચરજ થાય છે મને કે ક્યાં
  અદૃશ્ય થઈ ગયાં એ ઈન્દ્રધનુષ?'

આ પ્રશ્નો એક પિતાના યા એક વડીલના, એક જૂની થયેલી પેઢીના છે, એને જ આ પ્રશ્નો મનોમન થાય છે કેમ કે એણે જે દશા કરી છે, એ એજ જાણે છે, માટે જ એને થાય છે કે મારું સંતાન પૂછશે આવા સવાલો, એ પૂછવાનો એને અધિકાર પણ છે કેમકે પ્રકૃતિનું શુદ્ધ અને સંગીન રૂપ હતું જ, જે હવે નથી ને એ રૂપ એ બાળકોએ માણેલું ને એ હજુ તો આમતેમ ગયાં કે ભણવામાં રમમાણ થઈ ગયાં ને વળી પ્રકૃતિ ભણી વળ્યાં ને જોયું તો શું જોયું? પક્ષીઓનાં ગીત, ફૂલો અને એની સુગંધ ને માછલીઓ ને ઈન્દ્રધનુષ... એ બધાં જ પ્રકૃતિરૂપો જાણે લુપ્ત જ થઈ ગયાં! એ બાળકે જવાબ માગ્યો કે ક્યાં છે એ પક્ષીઓ, ફૂલો, માછલીઓ? ...ને પિતા-વડીલ યા માબાપોનું મોં સિવાય જાય છે. વળી આગળ એ માબાપ જાણે ભારે યાતના સાથે એ પુત્ર સામે ઊભા રહીને બોલે છે:

- 'એક દિવસ મારા દિકરા
  જ્યારે તું મને પૂછવા આવીશ
  કે આકાશ આવું મેલું ઘેલું ધૂળે ભરેલું
  થઈ ગયું, એ પહેલાં
  એ ક્યા રંગમાં રંગાયેલું હતું?
  મારી પાસે
  એ વેળા એનો ઉત્તર નહિ હોય!'

ધરતી પર માનવીએ પ્રકૃતિની અવદશા કરી છે, તો ઉપર આકાશમાં પણ એણે પ્રકૃતિને પ્રદૂષિત કરી નાંખી છે, માટે જ એ પસ્તાવાભરી આંખે આકાશને જુએ છે — મેલું ઘેલું ધૂળે ભરેલું છે ને એને થાય છે, એનું મૂળ રૂપ ક્યાં? મારો પુત્ર પૂછશે કે આ આકાશ અત્યારે તો આવું પ્રદૂષિત થયું છે, પરંતુ એ પહેલાં એ કેવા રંગમાં રંગાયેલું હતું? ત્યારે જવાબ હાથવગો નહીં જ હોય.....

આમ, આ રચનામાં પ્રકૃતિની જે દશા માનવીએ કરી છે, એનું બયાન છે. પરોક્ષ રીતે એમાં એવી વાત પણ ઘૂંટવામાં આવી છે કે હજુય સમય છે, આપણી જે પ્રાકૃતિક સંપતિ છે, એને બચાવીએ, જતન કરીએ, જેથી ભાવિપેઢીને જવાબ આપવા આપણે સમર્થ બનીએ. જો આપણે આ પ્રકૃતિનું જતન નહિ કરીએ, તો આવનાર પેઢી તથા અંકુરિત થઈ રહેલી આ પેઢી માત્ર તસ્વીરોમાં ને કચકડાની કળાઓમાં ને ઈન્ટરનેટના કાર્યક્રમોમાં જ કૃત્રિમ રીતે રચાયેલી પ્રકૃતિલીલાને જોશે ને મૂળ સુધી જઈ નહિ શકે. મોબાઈલના રિંગટોનમાં કોયલને, ઉછળતા સમુદ્રજળને, ને મોરના કેકારવને એ સાંભળશે..... ને એને જ સાચું માનશે, એ વેળા દોષ એનો નહિ, દોષ આપણો હશે કે આપણે એના માટે પ્રકૃતિને બચાવી જ નહીં! આ સ્થિતિ જોઈ શકાશે. ચારેબાજુ એ છે. બચાય એટલું બચવાનું છે. આ સંદર્ભમાં કવિ ભાગ્યેશ જહાનું એક કાવ્ય સ્મરણે ઝબકે છે, સાંભળો:

- 'પહેલાં
  અહીં આંબાવાડિયું હતું
  હવે અહીં શોપિંગ સેન્ટર
  બન્યું છે.
  છેલ્લે એક ખળભળાતી કોયલ



મંજરીની સોડમ શોધતી
મેન્ગો માર્ટ પર બેઠેલી સાંભળી છે
બાજુના સાઉન્ડ પેલેસમાં
કદાચ એના ટહૂકાની કેસેટ મળે?'

વ્યંગ છે ગજબનો ! સાથે સાથે નગરોમાં જે રીતે ગગનચુંબી ઈમારતો ખડકાતી જ જાય છે ને ગ્રામ વિસ્તારોમાં સોસાયટીઓ ને વિશાળ રસ્તાઓ બંધાતા જાય છે. એને લીધે જે રીતે પ્રકૃતિનો વિનાશ થઈ રહ્યો છે એનું પરિણામ કેવું આવ્યું છે એનું આલેખન આ કાવ્યમાં થયું છે. એની સામે વળી પ્રકૃતિનું જતન થતું રહે, વૃક્ષો વવાતાં જાય ને જળ સંપત્તિ બચતી રહે ને પંખીઓ-પશુઓની જાતિ-પ્રજાતિ ટકી રહે એવા પ્રયાસો થાય તો આ માઠાં પરિણામોમાંથી આપણે મુક્ત પણ થઈ જ શકીએ, કવિ નિરાશાવાદી નથી, ખરેખર તો એ એમ કહેવા માંગે છે કે આપણે પ્રકૃતિની આ દશા કરી છે, એ હકીકત છે, હવે આપણે એમાંથી જ પાઠ લઈએ ને વળી પ્રકૃતિને ચાહીએ. જતન કરીએ.....

- છેલ્લે –
  ફૂલ કહે આકાશને:
  વરસાવ અનરાધાર જળ,
  જળ કહે: તૃપ્ત થાઓ સૃષ્ટિના કણેકણ,
  ને ધરાને લીલીછમ્મ કરો-
  એક ડાળ પર ચૂપચાપ બેઠેલું પંખી
  ચહેકી ઊઠે ને ગાય:
  હે આકાશ, હે જળ, હે સૂરજ ને ચાંદ
  સમજાવો માનવોને કે શીખે
  આપણને સાચવવાનું, કેમકે
  દેવે એને સૃષ્ટિશિરોમણિ બનાવ્યો છે
  ને એતો સૃષ્ટિને જ ભૂલતો જાય છે!

સૌજન્ય: ઈસ્ટરીન ઈરાલુની કવિતાનો



ઝેવિયર કેળવણી મંડળ પ્રાયોજિત

# ઉચ્ચતર શિક્ષણ શિષ્યવૃત્તિસહાય

ગુજરાત ઈસુસંઘ સંચાલિત ઝેવિયર કેળવણી મંડળ દ્વારા ધોરણ ૧૨ પછીના કોઈ પણ ઉચ્ચતર ડિગ્રી/ડીપ્લોમા અભ્યાસ માટે શિષ્યવૃતિ મેળવવા ઈચ્છતા જરૂરિયાતમંદ કેથોલિક વિદ્યાર્થી –વિદ્યાર્થીનીઓએ પોતાના સભાયાજ્ઞિક પાસેથી ફોર્મ મેળવીને મોડામાં મોડું તારીખ **૫મી જુલાઈ સુધીમાં** પોતાના સભાયાજ્ઞિકને જ અરજી કરવી.

**અગત્યની સૂચના:**

૧. સભાયાજ્ઞિકે આવેલ અરજીમાંથી માત્ર **પાંચ** સૌથી યોગ્ય અને પાત્ર એવા ઉમેદવારોની અરજીઓ **તા. ૧૦ જુલાઈ** સુધીમાં મળી જાય એ રીતે નીચેનામાંથી લાગૂ પડતા એક સરનામે મોકલી આપવી.
૨. શિષ્યવૃત્તિ માટે પાત્ર ઠરનાર વિદ્યાર્થીને સભાયાજ્ઞિક દ્વારા જાણ કરવામાં આવશે.
૩. શિષ્યવૃત્તિની રકમ વધુમાં વધુ રૂા. ૧૫,૦૦૦/- ( પંદર હજાર ) રહેશે.
**૪. મૂળ ખેડાના કેથોલિક નર્સિંગ વિદ્યાર્થીઓ** માટેની સહાયની જોગવાઈ આ યોજના હેઠળ આ વર્ષથી કરવામાં આવેલ છે.

| **મૂળ ખેડાના કેથોલિક વિદ્યાર્થીઓ માટે** | **દક્ષિણ ગુજરાતના તમામ આદિવાસી કેથોલિક વિદ્યાર્થીઓ માટે** | **ઉત્તર ગુજરાતના O.B.C. અને આદિવાસી કેથોલિક વિદ્યાર્થીઓ માટે** |
|---|---|---|
| ફા. વિનાયક જાદવ, એસ.જે.<br>પ્રેમલ જ્યોતિ, પો.બો. ૪૦૦૨,<br>નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯ | ફા. ઈશવન ગામીત એસ.જે.<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ,<br>સામગહાન, જિ. ડાંગ - ૩૯૪૭૩૦ | ફા. જ્યોર્જ કોડી, એસ.જે.<br>કેથોલિક આશ્રમ, પો.બો. ૧૦<br>રેલ્વે સ્ટેશન રોડ, સાણંદ<br>જિ. અમદાવાદ ૩૮૨૧૧૫ |

**ટહેલ:** ઉપરોક્ત શિષ્યવૃત્તિ ભંડોળને મજબૂત બનાવી વધુ ને વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પહોંચી વળવા આર્થિક રીતે સદ્ધર પરિવારો તરફથી ઉદાર હાથે દાન કે ફાળો સ્વીકારવામાં આવશે. **(૮૦G પ્રમાણપત્રની જોગવાઈ છે.)**

**વધુ વિગત માટે સંપર્ક સાધો: તમારા સભાયાજ્ઞિકનો.**

# લોક સમસ્ત સુખીનો ભવન્તુ!
## (જૂન મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ ફા. રિચર્ડ લોપીસ, ઈ.સં.

વડાધર્મગુરુના જૂન મહિનાના પ્રાર્થનાના હેતુને અર્થાત્ "પારસ્પારિક સન્માન, અન્યોની વાતો પ્રત્યે આદર અને સંવાદને પ્રોત્સાહિત કરતી સંસ્કૃતિ સર્વ દેશોમાં અને સર્વ દેશો વચ્ચે પ્રવર્તમાન બને" ને વિશ્વવ્યાપક શાંતિ પ્રાર્થના 'લોક સમસ્ત સુખીનો ભવન્તુ!' (આખું વિશ્વ સુખ-શાંતિથી જીવો) તરીકે રજૂ કરી શકાય. 'બધા રાજકર્તાઓ અને આગેવાનો સમગ્ર વિશ્વને ન્યાય અને શાંતિને પંથે દોરે, બધે સમતા, બંધુતા અને આનંદનું રાજ્ય ફેલાય; શાંતિ, શાંતિ, શાંતિ બધે સંભળાય અને અનુભવાય' એ 'લોક સમસ્ત સુખીનો ભવન્તુ' જેવી વિશ્વવ્યાપક શાંતિ પ્રાર્થનાનો પડઘો વડાધર્મગુરુના જૂન મહિનાના પ્રાર્થના હેતુમાં સાંભળી શકાય છે.

આપણે બધા એકબીજા સાથે એક અતૂટ સંબંધથી જોડાયેલા છીએ. એ સંબંધના તાંતણા જો તૂટી જાય તો વિનાશ અટલ છે. સર્જનનું સંતુલન જ્યાં સુધી સચવાયેલું રખાય ત્યાં સુધી આપણું અસ્તિત્ત્વ સુરક્ષિત છે. પણ એકબીજાને જો નષ્ટ કરવા મથીશું તો આત્મવિનાશ નોતરી લઈશું. બીજાઓને ઈજા પહોંચાડીને, સ્વાર્થથી જીવીને કોઈ કદી સુખી થવાનું નથી. બીજાઓની સ્વતંત્રતા છીનવી લઈને માનવી ખુદ સ્વતંત્ર બનતો નથી.

ભૂતકાળમાં માનવીને અને સર્જનને આત્મવિનાશના ઘણાં અનુભવો થયા છે. એદન બગીચામાંથી પ્રથમ માનવીની હકાલપટ્ટી માનવીની સ્વકેન્દ્રિતાને લીધે થઈ. તો નૂહાના જળપ્રલયનું કારણ માનવીનો અહંકાર અને ઈશ્વરથી વિખૂટા પડી જવું તે હતું. ફારોની ગુલામીમાં વરસો સુધી સબડવાનું બીજું ત્રીજું કોઈ કારણ નહોતું; કેવળ એકમાત્ર કારણ તે અદેખાઈ, આપસમાં વેરઝેર અને ઈશ્વર વિમુખતા! અસંખ્ય યુદ્ધોને લીધે થતા વિનાશે એ સિદ્ધ કરી બતાવ્યું છે કે જીવનમાં શાંતિ, સંપ, સુમેળ અને સંવાદિતાનો કોઈ વિકલ્પ નથી. માનવીના જીવનમાં દુ:ખ અને કુસંપ છે એનું કારણ તે કેવળ સંવાદ અને સુમેળનો અભાવ.

આખું વિશ્વ એકબીજા સાથે સંપ-સુમેળથી જીવે અને ઈશ્વરની છત્રછાયા નીચે એકછત્ર થાય એ માટે ઈશ્વર પોતે પહેલ કરે છે. પોતાના પુત્રને મોકલીને સમગ્ર માનવજાતને, અરે, આખી સૃષ્ટિને પોતા સાથે એક બનાવે છે. ઈસુ એવા ઈશ્વરના રાજ્યની વાત કરે છે કે જ્યાં બધાં એકબીજા સાથે એક જ પિતાનાં સંતાનો તરીકે હળીમળીને જીવી શકે. હે અમારા બાપ પ્રાર્થના એટલે ઈશ્વરના રાજ્યની સભ્ય બનેલી ઈશ્વરની પ્રજાનું રાષ્ટ્રગીત! લોક સમસ્ત સુખીનો ભવન્તુની નવી આવૃત્તિ! હે અમારા બાપ એટલે આપણે બધા ભાઈઓ અને બહેનો. ઈશ્વરનું શાંતિનું અને પ્રેમનું રાજ્ય એટલે બધે એ પ્રેમ અને શાંતિનો અનુભવ થવો. અમારો રોજનો રોટલો ઈમાનદારીથી મેળવીએ અને ગરીબોને લૂંટીએ નહિ, એકબીજા સાથે હળીમળીને જીવીએ એ માટે કૃપા અને શક્તિની યાચના કરવા હે અમારા બાપ પ્રાર્થના દ્વારા ઈસુ આપણને શીખવાડે છે. બધાંને ભરપટ્ટે જીવન મળે એ માટે ઈસુ પોતાનું જીવન સમર્પી દે છે અને બધાં સત્યના પંથે ચાલી ઈશ્વરના રાજ્યને મૂર્તિમંત બનાવવાના કામે લાગી જાય એવી શીખ ઈસુ પોતાના શિષ્યોને આપે છે.

દર્શનના ગ્રંથમાં જે નવી નગરીની વાત કરવામાં આવી છે તે નગરીને મૂર્તિમંત કરવાની જવાબદારી ઈશ્વરે માનવજાતિને સોંપી છે. આપણું આખું વિશ્વ એક નવા આકાશ અને નવી ધરતીનો અનુભવ કરે કે જ્યાં કોઈ વિખવાદ નહિ હોય; કોઈ આંસુ, કોઈ વિલાપ, કોઈ દુ:ખ કે કોઈ મરણ નહિ હોય. આપણે બધાં એવી પ્રજા બનીએ કે જ્યાં સમગ્ર સૃષ્ટિ ઈશ્વરના ગુણગાનના સુમધુર ગીતો ગાતી હોય; આપણું આખું વિશ્વ ઈશ્વરનું વાસ મંદિર બની જાય અને ઈશ્વર ખરા અર્થમાં ઈમાનુએલ એટલે આપણી વચ્ચે વસતા હોય. આપણે એવી પ્રજા બની જઈએ કે જે ઊંચ-નીચ, સ્ત્રી-પુરુષ, કાળા-ગોરા જેવા ભેદો ભૂલી જાય અને એકબીજા સાથે માન-સન્માનથી જીવે.

બીજી વિશ્વ વેટીકનના દસ્તાવેજો એ માટે પ્રેરણા પૂરી પાડે છે. વિશ્વના અન્ય ધર્મો સાથેના ધર્મસભાના સંબંધો વિશેના જાહેરનામામાં ધર્મસભા પોતાના બધાં સંતાનોને આવો અનુરોધ કરે છે: "તેઓ અન્ય ધર્મોનાં અનુયાયીઓ સાથે વિવેક અને પ્રેમથી સંવાદ અને સહકાર માંડે. લોકોમાં જે કોઈ આધ્યાત્મિક ને નૈતિક શુભ તત્ત્વો હોય તથા જે કોઈ સામાજિક ને સાંસ્કૃતિક મૂલ્યો હોય તેની કદર કરે, તેનું જતન કરે તથા તેને ઉત્તેજન આપે, ને તેમ કરતી વખત ખ્રિસ્તી શ્રદ્ધા ને જીવનની સાક્ષી પૂરતાં રહે." આ રીતે જીવવાનું કારણ કે, "બધી પ્રજાઓ એક જ માનવ પરિવાર છે; બધી પ્રજાઓનું એક જ મૂળ છે; કારણ, ઈશ્વરે જ આખી માનવજાતને ઉત્પન્ન કરી આખી પૃથ્વીમાં વસાવી છે; ને ઈશ્વર જ બધાં માણસોનું અંતિમ લક્ષ્ય પણ છે. બધાં માણસો મુક્તિ પામે એમ ઈશ્વર ઈચ્છે છે, ને તે ભલીભાંતી રીતે બધાંનું પાલન કરતો રહે છે, જેથી આખરે ઈશ્વરના વરેલા

સહુ લોકો ઈશ્વરના પ્રકાશથી ઝળહળી ઉઠે ને પુણ્ય નગરીમાં ભેગાં મળી એ દિવ્ય પ્રકાશમાં મહાલવા પામે.”

સમગ્ર સૃષ્ટિ સુખેથી જીવે એ એકમાત્ર હેતુથી ઈશ્વરે આખું સર્જન અસ્તિત્ત્વમાં આણ્યું છે. ઈશ્વરે માણસને પોતાની પ્રતિમૂર્તિરૂપ બનાવી અને તેમનામાં પોતાના પ્રાણનો સંચાર કર્યો. જે આનંદ વાટિકા ઈશ્વરે બનાવી એમાં બગીચો, વૃક્ષો, ફળો, ફૂલો, જીવ-જંતુઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને સમગ્ર સર્જન સંપ-સુમેળ-સંવાદિતાથી જીવી શકે એ માટે ઈશ્વરે માણસને જવાબદારી સોંપી. બધાં સુખેથી જીવી શકે એ માટે ઈશ્વરે સમગ્ર સર્જનને આશીર્વાદ આપ્યાઃ પૃથ્વીને ભરી દો, સમૃદ્ધિથી, આનંદથી, સુખથી! તમારા જીવનને ભરી દો પ્રેમથી, શાંતિથી, સંપ-સુમેળ અને સંવાદિતાથી! તમે માનવીઓ અને આખું સર્જન સુખેથી જીવો. લોક સમસ્ત સુખીનો ભવન્તુ! સમગ્ર સૃષ્ટિ સાથે સુમેળ અને સંવાદિતાથી જીવો.

ઈશ્વરની એ ઈચ્છાને અને આજ્ઞાને સાર્થક બનાવી શકીએ એ માટે જૂન મહિનાના પ્રાર્થના હેતુથી શરૂઆત કરીને સાથે મળીને કામે લાગી જઈએ. આપણા વડાધર્મગુરુ આપણા આદર્શ છે. પોતાને ફ્રાન્સિસ કહેવડાવીને આસીસીના સંત ફ્રાન્સિસની જેમ તેમણે સર્જન અને ગરીબો પ્રત્યેની અનુકંપાનો આપણને પરચો બતાવ્યો છે. તેમની પ્રાર્થનામાં તેઓ હંમેશાં ખ્રિસ્તીઓ, સાથે સાથે અન્ય ધર્મના ભાઈ-બહેનોને પણ સાથે મળીને ઈશ્વરનું કામ કરવા આહ્‌વાન કરે છે. તેમની જીવનશૈલી એટલે ‘હે અમારા બાપ’, અને ‘લોક સમસ્ત સુખીનો ભવન્તુ’ જેવી પ્રાર્થનાઓને કેવી રીતે જીવી બતાવવું એનો એક અનોખો દાખલો છે. આનંદની વાત એ છે કે વડાધર્મગુરુ ફ્રાન્સિસની જેમ બધાં માનવીઓ, પ્રાણીઓ, જીવ-જંતુઓ અને વનસ્પતિ-વૃક્ષો એવું જ ઈચ્છે છે કે ઈશ્વરના રાજ્યનો આપણ સૌને અનુભવ થાય અને એટલે જ ‘લોક સમસ્ત સુખીનો ભવન્તુ’એ વિશ્વશાંતિ પ્રાર્થના બધાંના હોઠે પ્રગટે છે અને હૈયે વસે છે. આપણું જીવન એટલે ઈશ્વર ભણી એકબીજા સાથે અને સમગ્ર સર્જન સાથે સુમેળ અને સંવાદીતાથી હાથ ધરેલી એક યાત્રા જ છે. માનવી આ યાત્રા દરમિયાન સમગ્ર સૃષ્ટિ સાથે અને એકબીજા સાથે ઈશ્વરના મહિમાનાં ગીત ગાતાં ગાતાં જીવે અને બધા વિશ્વ-એક-કુટુંબ (વસુધૈવ કુટુમ્બકમ)ની ભાવનાથી જીવે અને એમ એક દિવસ આપણે બધાં એક સાથે ચાલીએ, એક સાથે સંવાદ કરીએ, આપણાં મન-ચિત્ત-હૈયાં અને એના સંકલ્પો એક બની રહે એ જ પ્રાર્થના!

**સંગચ્છધ્વમ સંવદધ્વમ**
**સંવો મનાંસી જાનતામ**




Also known for Professional photography and video,
Professional Karizma Album and Filmy marriage shooting.
Make your event vibrant with us.

# ડાયરીનો ધડાકો

✍ અનુ. જયંત ડાભી



હું સેમિનરીમાં હતો ત્યારે ફા. રેક્ટર મારા ઉપરી જ મારા સૌથી મોટા દુશ્મન હતા. એમને મારે માટે જરાય લાગણી નહોતી. સેમિનરીનાં શરૂઆતનાં વર્ષોમાં તો એકવાર હું ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. ઈસુની અનહદ કૃપાબળે હું પાછો અહીં ઠરીઠામ  થઈ ગયો હતો. મારા ઉપરી મારી પર બાજ નજર રાખતા. તેઓ હું ક્યારે ભૂલ કરું અને મને પકડી પાડી ઘરભેગો કરું, એની વેતરણમાં રહેતા. તેઓ ગમે ત્યાંથી બિલ્લીપગે મારી પાસે ઓચિંતા આવી ચઢતા અને મને પકડી પાડવાની ગોઠવણ કરતા!

હું પણ ક્યા કમ હતો? મેં ફા. રેક્ટરના પક્ષપાતી વલણ બતાવતા બનાવોની એક ચોક્કસ યાદી બનાવી હતી. આવા બનાવોની નોંધ ચોક્કસ સમય, તારીખ અને સાક્ષી સાથે તૈયાર હતી. હવે, બન્યું એવું કે, સેમિનરીની પરંપરાનુસાર જે ઉમેદવારો યાજ્ઞિકદીક્ષા માટે જવાના હોય, તેમના માનમાં એક વિદાયપાર્ટી યોજાતી. એમાં સેમિનરીના સ્ટાફના ફાધરો ઉપરાંત સમગ્ર ઉપરીગણ સુદ્ધાં પધારતો. આ કાર્યક્રમમાં ઉમેદવારોમાંથી કોઈ એક સાથીદારો તરફથી કંઈ વક્તવ્ય અપાતો. મેં આ તક ઝડપી અને વક્તવ્યનું કામ મેં માથે લઈ પેલી નોંધપોથીનો સદ્‌ઉપયોગ આમ કરવા ધાર્યું:

"અત્યંત માનનીય ઉપરીગણ, પધારેલા મહાનુભાવો અને સૌ સાથીમિત્રો, આજના વિદાય પ્રસંગે પ્રથમ તો, આ સોનેરી દિન બતાવનાર આપણા આધ્યાત્મિક ગુરુ ફા. રેક્ટર, સ્ટાફના ફાધરો, જેઓ અમારે માટે ખૂબ શ્રમ લઈ અમને દીક્ષા સુધી લઈ આવ્યા છો, એ સૌનો હૃદયપૂર્વકનો આભાર અને પ્રાર્થના. આપ સૌની જાણ ખાતર, એક સત્ય ઘટના રજૂ કરું છું: એ હતું ૨૦૦૨નું વર્ષ અને તારીખ ૯મી સપ્ટેમ્બર, સમય બપોરના બે વાગ્યાનો. હું કેટલાક સાથીદારો સાથે અમારે માટે પ્રતિબંધિત-એવા સમયે ટી.વી. રૂમમાં કોઈ કાર્યક્રમ જોતો હતો- અને ઓચિંતી ફા. રેક્ટરની રેડ પડી. તેઓ દબાતા પગે એકબાજુની રૂમમાં પ્રવેશી મારી આગળ જ પ્રગટ થયા! મને હડફ્ટે લઈ, ઘાંટો પાડી, મને રૂમમાંથી ચાલ્યા જવા હુકમ કર્યો. મેં અમલ કરી બહાર જતાં, પાછળ ફરીને નજર કરી તો, તેમણે મારા સાથીદારોમાંથી કોઈપણને કશું જ ન કહ્યું. આ પક્ષપાતી બનાવ તેમને યાદ છે કે નહિ પણ બીજા આવા કેટલાક પ્રસંગોએ પણ થયું હતું. જો હું આપની જગ્યા પર હોત, તો સાવ આમ તો ન જ કરત. કૃપા કરીને બીજા કોઈપણ સાથે આવું ન બેવડાવત. સત્ય જણાવવાની મારી ફરજ આ સાથે પૂરી કરું છું - અંતે પ્રાર્થના કરું છું કે, કાં તો તમે બદલાઈ જાઓ અથવા અમને બદલી નાખો." આવી રીતે મેં વેર વાળ્યું- ઈશ્વરનો આભાર માનું છું કે તે એક સ્વપ્નું જ હતું.

વાસ્તવમાં આ થયું હતું! ફાધર રેક્ટરની વાંકદેખી દૃષ્ટિવાળી ડાયરીની વાત મારા રીટ્રીટ માસ્ટરને ખબર પડતાં તેમણે મને સલાહભર્યા સૂરમાં કહ્યું- "બ્રધર, તમે તમારા રેક્ટરની ભૂલોની યાદી સાથે જીવો છો; તેથી તમારા આધ્યાત્મિક જીવનમાં એક મોટી તિરાડ પડી ગઈ છે, મારી તો તમને શીખ છે કે તમારે જો પ્રભુ ઈસુના લાયક યાજ્ઞિક થવું હોય તો, આ ડાયરીનો તત્કાલ નાશ કરી દો". એની સામે મારી દલીલ - "પણ ફાધર, આમાં તો મેં એક સત્ય ઘટના જ નોંધી છે - કશું ઉમેરણ કર્યું નથી. આવા પ્રસંગોને લઈને મારું જીવન રગદોળાઈ જતું હતું અને આવી બાબત માટે ન્યાય તોળાય એ યોગ્ય નથી શું?"

તેમણે મને બાઈબલના 'દર્શન'ના ગ્રંથમાંથી અવતરણ ટાંકી બતાવ્યું કે, - "કારણ, આપણા બંધુઓ ઉપર દોષારોપણ કરનારને, રાતદિવસ આપણા ઈશ્વર સમક્ષ તેમના ઉપર આરોપ મૂકનારને નીચે પટકાવવામાં આવ્યો છે." (દર્શન - ૧૨:૧૦) શેતાનનું બીજું નામ આરોપ મૂકનાર છે. આપણા ઈશ્વર ક્યારે પણ જૂઠું બોલી શકતા નથી, એટલે શેતાન ઈશ્વર સમક્ષ આરોપ મૂકે ત્યારે તે જૂઠું બોલી શકતો નથી. તેથી આપણે જ્યારે અન્યો પર આરોપ મૂકીએ ત્યારે આપણે શેતાનના સાગરિત - સાથીદાર બની જઈએ છીએ. રીટ્રીટ માસ્ટરે આ ઉપરાંત આગળ બીજું અવતરણ ટાંક્યું - "માટે નકામો બડબડાટ કરતાં ચેતજો અને ધર્મનિંદાથી દૂર રહેજો; કારણ, ગુપ્તમાં ગુપ્ત રીતે ઉચ્ચારાયેલાં વચનનાં ફળ ભોગવ્યા વિના છૂટકો નથી અને જૂઠી જીભ માણસનું સત્યાનાશ વાળે છે." (જ્ઞાનવાણી ૧:૧૧) આટલું સાંભળતાં જ મેં પેલી ડાયરીને આગ ચાંપી દીધી.

મારા જીવનમાંથી એક બાબત તો હું શીખ્યો છું કે, અહીં

મારી પસંદગી માનવીય મૂલ્યોની સ્થાપના કરવા કે અન્યોનો ન્યાય તોળવા માટે થઈ નથી. શાસ્ત્રવચન છે કે, "તેને પકડવામાં આવ્યો ને તેનો ન્યાય તોળીને તેને લઈ ગયા." (યશાયા - ૫૩:૮) એટલે મને ન્યાયાધીશને બદલે ઈસુના પગલે ચાલવા બોલાવ્યો છે.

જો આપણે બીજાના દોષોની યાદી (મનમાં કે કાગળ પર) બનાવતા હોઈએ તો એ ઈશ્વરને માન્ય નથી. ઈસુ આપણા દોષો અને પાપોની નોંધ રાખતા જ નથી; જો એમ કરતા હોત તો કોણ એમની સાથે ઊભું રહી શકે? ઉપદેશમાળા કહે છે કે, "ઈશ્વરની આજ્ઞાઓને સંભારીને તારા માનવબંધુ પ્રત્યે રોષ રાખીશ નહિ, પરમ પ્રભુના કરારને યાદ કરીને એની ભૂલો દરગુજર કરજે." (ઉપદેશમાળાઃ ૨૮:૭).

પ્રભુ આપણા દોષો સંતાડી દે છે, અહીં આપણે ઈસુ ખાતર જીવીએ છીએ. "તેમણે કશું પાપ કર્યું ન હતું, તેમ અસત્ય પણ ઉચ્ચાર્યું નહોતું. ગાળની સામે ગાળ દીધી નહોતી. દુઃખ આપનારને તેમણે બદલો લેવાની ધમકી નહોતી આપી. પણ એમણે અદલ ઈન્સાફ તોળનાર ઈશ્વર પર બધું છોડી દીધું હતું." (૧ પીટર ૨:૨૩) પ્રભુ ઈસુ જો હું તમારી જગાએ હોત તો પુનરુત્થાન પછી સીધો પિલાતુસ પાસે પહોંચી જઈ, એને ધડાધડ ત્રણચાર લાફા મોં પર ચોડી દીધા હોત! જો કે ઈસુએ આમાનું કશુંય કર્યું ન હતું. ઈસુ તો ભલાઈના ભંડાર છે. તે મૌન રહી જાય, કારણ, પિલાતુસને માટે પણ ઈસુ ક્રૂસ પર ચડ્યા હતા. આપણે સૌએ આ ઉદાહરણમાંથી ધડો લેવાનો છે.

**હું એનું બૂરું થાય માટે પ્રાર્થના કરું છું:**

એક દિવસ કોઈ માણસ એને માટે પ્રાર્થના કરવાનું કહેવા આવ્યો. તે ખાસ્સો બીમાર હતો. જ્યારે હું એને માટે પ્રાર્થના કરતો હતો ત્યારે મને પ્રભુ તરફથી પ્રેરણા મળી કે પેલા ભાઈની પત્ની તેના પ્રત્યે વેરભાવના રાખી એનું બૂરું થાય માટે પ્રાર્થના કરતી હતી. એ બહેનને તેડાવી એને પૂછતાં તેણે કબૂલ્યું કે, એના પતિએ તેની સાથે ખૂબ દુર્વ્યવહાર કર્યો હતો. તે પત્નીને ઘર ચલાવવા માટે પૈસા સુદ્ધાં આપતો ન હતો, એટલે ઘર ખર્ચ માટે તકલીફ પડતી. જો કે, પતિ પાસે સારા એવા પૈસા હતા. સ્વાર્થી હેતુઓ માટે તે પૈસા વાપરતો. આ ઉપરાંત તે વ્યભિચારી હતો. બેશરમ બનીને અન્ય સ્ત્રીઓને ઘેર બોલાવતો. લાંબાગાળા સુધી તેણે પત્ની પર સીતમ ગુજાર્યો હતો. અંતે તે બીમાર પડ્યો. પત્ની તો એની જ રાહ જોતી હતી. તેણે પ્રભુને યાચના કરી કે ઈશ્વર, એણે મને જે ત્રાસ આપ્યો છે, એનો તમે હવે પરચો બતાવી દો. એટલા માટે પેલી પત્નીએ એને તરછોડી દીધો, બજારુ સ્ત્રીઓએ તો એની સાથે ક્યારનોય છેડો ફાડી નાખ્યો હતો. એ ભાઈને હવે પોતાનું કુટુંબ યાદ આવ્યું. તરછોડેલાં બાળકો પાછાં અપનાવ્યાં અને પત્ની સાથે નરમાશભર્યું વર્તવા લાગ્યો.

"તમે કોઈ વિધવા કે, નબાપાને રંજાડશો નહિ. જો રંજાડ્યાં તો યાદ રાખજો કે, તેઓ મને ધા નાખશે તો હું સાંભળીશ" (મહા - પ્ર. ૨૨:૨૨-૨૩).

ધ્યાન રાખશો કે, જે તમારો દુશ્મન છે તે ઈસુનો મિત્ર હોઈ શકે. તે પણ તમારી માફક જ પ્રભુની પ્રતિમૂર્તિરૂપ ઉત્પન્ન થયો છે. એટલે આપણે દુશ્મનનું બૂરું ઈચ્છી પ્રાર્થના કરીએ તો એવી ભક્તિને ઈશ્વરના આશિષ મળતા નથી. **મારા પુત્રએ જ મારા આ હાલ કર્યા.**

સુધન્ય મધર ટેરેસાએ એક વૃદ્ધાને મરણતોલ હાલતમાં કચરાપેટીમાંથી ઉઠાવી પોતાની કોન્વેન્ટમાં આશરો આપ્યો હતો. એ વૃદ્ધા અર્ધબેભાનાવસ્થામાં બસ, એક જ વાક્ય રટ્યે જતી હતી - "મારા પુત્રએ જ મારા આ હાલ કર્યા." એ બાપડીએ મધરના હાથોમાં જ પ્રાણત્યાગ કર્યો. જો કે, મધરને એની પાસે "હું મારા દીકરાને માફ કરું છું" એટલું લાવતાં ખાસ્સો સમય વીતી ગયો અને નાકે દમ આવી ગયો. જો કે, વૃદ્ધાએ ઉચ્ચારેલું માફીનું વાક્ય એનું આ દુનિયા પરનું અંતિમ વાક્ય હતું. એ વાક્ય પર સ્વર્ગનો સિક્કો મારેલો હતો.

(મૂ.લે. ફાધર એન્ટોની Pa.V.C.
Satan can truthfully accuse
Tabor Voice, ઓગ. ૨૦૧૧)


# શિક્ષકો જોઈએ છે

સેંટ થોમસ સ્કૂલ, લીંબડી ખાતે ધોરણ ૧૧ માટે M.Com/B.Ed તથા ઈંગ્લીશ મીડીયમ કે.જી. થી ધોરણ ૧ થી ૩ માટે પી.ટી.સી. અથવા B.A./B.Ed. શિક્ષકોની જરૂર છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જૂન ૧૫માં અરજી કરવી અથવા રૂબરૂ મળો.

પ્રિન્સીપાલ
સેંટ થોમસ સ્કૂલ, લીંબડી - ૩૬૩૪૨૧
જિ. સુરેન્દ્રનગર

ફાધર જોમોનઃ ૯૪૨૭૨ ૧૫૮૫૪
રોબિન મેકવાનઃ ૯૮૨૪૧ ૦૭૭૮૮



# “હું માનવી માનવ થાઉં તો ઘણું”

✍ પટેલિયા અલ્પેશકુમાર કનુભાઈ

માનવીય જીવન એ ઈશ્વરપિતાની એક અમૂલ્ય ભેટ છે. માનવીએ પોતાની જરૂરિયાતો સંતોષવા અને પોતાના જીવનને આનંદપૂર્ણ બનાવવા માટે કલ્પનાઓ, તર્કશક્તિનો ઉપયોગ કરી અવનવી શોધખોળો કરી છે. વિજ્ઞાન ટેકનોલોજીના આ યુગમાં કોમ્પ્યુટર, મોબાઈલનું અમૂલ્ય પ્રદાન છે. આજે ફેસબુક, નેટ, ચેટથી સમગ્ર વિશ્વ નજીક આવી ગયું છે. જીવન વ્યસ્ત તો બન્યું પણ આનંદપૂર્ણ પણ બની ગયું છે. આ બધી શોધોખોળોમાં માનવીનો અથાગ પરિશ્રમ અને બલિદાન રહેલાં છે. જો મોબાઈલના ક્વરેજ માટે HUTCH અને Idea જેવી કંપનીઓના ટાવરના દસ દસ માળે ઊંચે સુધી જીવનને મુઠ્ઠીમાં રાખી સખત તાપ, ગરમી, વરસાદ, ઠંડીમાં કામ કરનાર મનુષ્યને કેમ કરીને ભૂલી જવાય? આમ માનવી આજે ઘણી પ્રગતિ કરી ચૂક્યો છે.

માનવની પ્રગતિ સાથે આજે જીવનના મૂલ્યો ભૂલાઈ રહ્યા છે. આજે માનવી માનવ બનવાનું ભૂલી ગયો છે. માનવીની માનવતા નાશ પામી છે. આજે માનવીએ જીવનના મૂલ્યોથી ભરપૂર બની માનવ બનવાની જરૂર છે.

એક દિવસ એક સરસ ઘટના બની. કુદરતના સાન્નિધ્યમાં આવેલા પર્વતોની બરાબર મધ્યમાંથી એક ઝરણું પસાર થતું હતું. આ ઝરણાનું પાણી પર્વતોને અથડાતાં ખળ ખળ અવાજ થતો અને હૃદય ખુશ થઈ જતું. હૃદયને એક નવો સ્પર્શ મળતો. આ ઝરણના પાણીમાં ન્હાવા માટે ઘણી બતકોનું ટોળું આવતું. બતકો પાણીમાં તરીને ન્હાવાની ખૂબ જ મજા માણતા.

ઝરણાના પાણીમાં તરતી બતકો, આકાશમાંથી સૂરજના ફેલાયેલાં કિરણો, કલબલાટ કરી દેતાં પક્ષીઓનો કલરવ તથા કિનારાના કાદવની બાજુમાં નાળિયેરીનાં વૃક્ષો હૃદયની ધડકનને ધક ધક કરી પ્રકૃતિનો સ્પર્શ અને અહેસાસ કરાવી જતા હતા.

ન્હાવાની મજા માણી રહેલી બતકોમાંથી એક બતક સામે કિનારે જઈ રહી હતીય કિનારાના કાદવમાં એક વીંછી ઊંડે ઊંડે ફસાઈ રહ્યો હતો. તે પોતાના જીવને બચાવવા માંગતો હતો તેથી તે બૂમ પાડવા લાગ્યો હતો. તેની બૂમ સાંભળી બતકને ખૂબ જ દયા આવી. બતકે પોતાની ચાંચથી વીંછીને કાદવમાંથી કાઢી કોરી જગ્યા પર મૂકી દીધો. વીંછીનો જીવ બચી ગયો હતો. તે ધીમે ધીમે બતક તરફ આગળ વધ્યો. બતકને લાગ્યું કે વીંછી આભાર વ્યક્ત કરશે પરંતુ વીંછીએ પોતાના સ્વભાવ પ્રમાણે આભાર માનવાની જગ્યાએ બતકને જોરથી ડંખ માર્યો. બતકને ખૂબ જ પીડા થવા લાગી.

જખમી બતકનું હૃદય ભાંગી પડ્યું. તેના હૃદયને પ્રશ્ન થવા લાગ્યો. વીંછી પર કરેલી ભલાઈના બદલામાં પીડા મળી આથી ભલાઈ કરવાનું કાયમ માટે છોડી દઈશ. ફરી ક્યારેય દયા રાખીશ નહીં. પરોપકાર કરવામાં કોઈ મજા નથી.

થોડા દિવસ પછી નદીમાં ન્હાવાની મજા માણી રહેલ આજ બતક સામે કિનારે જઈ રહ્યું હતું ત્યારે વીંછીની બૂમો સંભળાઈ તે ફરીવાર કાદવમાંથી જીવને બચાવવા બૂમો પાડી રહ્યો હતો. વીંછીની બૂમો સાંભળી બતકને ફરી વખત દયા ઉપજી. તેણે પોતાની ચાંચથી ફસાઈ રહેલ વીંછીના જીવને બચાવી લીધો. વીંછી બતક તરફ આગળ વધ્યો અને પોતાના સ્વભાવ પ્રમાણે ડંખ મારવા જતો હતો ત્યાંજ બતકે પોતાની બુદ્ધિથી પગ ઉપાડી લીધો હતો. વીંછી ખૂબ જ શરમિંદો બની ચૂક્યો હતો. શરમથી ભોંઠો પડી ગયો હતો. વીંછીને જાણે આ બતકની ભાષા સમજાઈ ગઈ હતી કે ડંખ મારવો એ તમારો સ્વભાવ છે. જ્યારે જીવ બચાવી ભલાઈ કરવી, પરોપકાર કરવો તે મારો સ્વભાવ છે.

મિત્રો, જીવનમાં અવારનવાર ઘણાં અનુભવો બનતા હોય છે. સારો માણસ પોતાનું સારાપણું ક્યારેય છોડતો નથી. સારું કરે જ જાય છે. જ્યારે ખરાબ માણસ પોતાનું ખરાબપણું છોડતો નથી ખરાબ કામ કરે જ જાય છે.

આજે માનવીય મૂલ્યો જેવાં કે દયા, પરોપકાર, ભલાઈ, માયાળુપણુ, સહનશીલતા, આત્મીયતા, શાંતિ, સહાનુભૂતિ, પ્રેમ નાશ પામ્યા છે. તેના સ્થાને વેરઝેર, હિંસા, દ્વેષ, મારામારી, એકબીજાને નીચા પાડવાની ભાવના, ઈર્ષા, અદેખાઈ, નાની-મોટી games અને politics પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

અને આજે દરેક માનવી બીજા માનવીથી પોતાને ચઢિયાતો કે સવાયો બતાવવા માંગે છે. દરેક માનવી આજે પોતાને સાબિત કરવા માંગે છે. દરેક માનવીને વાસ્તવિક્તાની ખબર છે કે ઈશ્વરે આપેલ જીવન પૂરું કરીને એક દિવસ ચોક્કસ મરણ પામવાના છીએ છતાં માનવી ખરાબપણામાંથી કેમ બહાર આવતો નથી?

દરેક માનવીએ વેરઝેર, દ્વેષ, અદેખાઈ, ઈર્ષા છોડીને એક સાચા માનવ બનવાની જરૂર છે. જો સારા કાર્ય અને સારી ભાવનાઓ કેળવશે તો ચોક્કસ આજનો માનવી એ સાચા અર્થમાં માનવ બની શકશે. ●

# અનાથ બાળકની વેદના

✍ જોન ફિલીપ મેકવાન



દક્ષિણ ભારતના દરિયાકાંઠે પાંચેક વર્ષનો એક માસુમ બાળક ઉદાસ અને ગમગીન સ્થિતિમાં ઉભો ઉભો એકિટસે સમુદ્રનાં ઘુઘવાટ ભર્યા મોજાંઓને પોતાની તરફ ધસી આવતા જોઈ રહ્યો હતો. તેના મગજમાં ઘણી જ ગડમથલ અને તોફાન ચાલી રહ્યું હતું. અને સાથે સાથે ઘણો જ ગુસ્સો તથા વેદના પણ હતી, કેમકે આજ દરિયામાં થોડાંક વર્ષો પહેલા સુનામીએ તાંડવ મચાવ્યું હતું ત્યારે હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. અને તેમાં આ બાળકે પોતાના માતાપિતાને પોતાની નજર સમક્ષ આ જગ્યાએથી ડૂબતા અને આખરે જીવ ગુમાવતા જોયા હતા, તે પોતે તો જીવ બચાવવામાં સફળ થયો હતો કેમકે દરિયાના પ્રચંડ મોજાંએ તેને દરિયા કિનારે હડસેલી દીધો હતો. પરંતુ તેણે તેના માતાપિતાને બચાવવા માટે ઘણાં જ ધમપછાડા કર્યા હતા, રડીને તોફાન મચાવ્યું હતું. પણ છેવટે તે અસહાય હતો, બધું જ વ્યર્થ નીવડ્યું હતું. તે રોજ આ દરિયાકિનારે આવીને પોતાના મા-બાપને શોધી રહ્યો હતો. કદાચ તેને મનમાં આશા જાગી હશે કે એક દિવસ જરૂર તેના માતાપિતા આ દરિયામાંથી બહાર આવશે. તે કલાકો સુધી વાટ જોતો ઉભો રહેતો.

દરિયાનાં મોજાં પૂરા જોશમાં ઘુઘવાટ સાથે આવીને બાળકના નાના નાના પગોને ભીંજવીને પાછા વળી જતા હતા. આ ક્રિયા વારંવાર અને સતત થતી હતી. પાણીના આવા વારંવારના સ્પર્શથી બાળકના શરીરમાં એક પ્રકારની ઉત્તેજના સાથે ઘણો જ આક્રોશ પેદા થતો હતો. એણે બંને હાથોમાં મુઠ્ઠી વાળી દીધી હતી. ત્યારે અચાનક ગુસ્સામાં અને સખત વેદના સાથે દરિયા સમક્ષ એક હાથ ઉંચો કરીને જાણે તેને શ્રાપ દેતો હોય તેવી મુદ્રામાં લલકાર્યો..... અને કહ્યું કે, "હે દરિયા તું ગમે તેટલો મારા પગે પડીને માફી માગીશ તો પણ હું તને ક્યારેય માફ કરવાનો નથી; કેમકે, તેં મારાં મા-બાપને ભરખી લીધાં છે, મારાથી છીનવી લીધાં છે, અને મને અનાથ બનાવ્યો છે. તું જરાય માફીને પાત્ર નથી. મારી જેમ તું પણ એક દિવસ સુકાઈને રણ જેવો થઈ જઈશ, તારું નામ નિશાન મટી જશે અને ત્યારે જ તું મારું દુઃખ સમજી શકીશ." બાળકની માનસિકતા ક્ષમા આપવા તૈયાર નથી.

અને આટલું બોલતાં જ બાળકની આંખોમાં આંસુઓનો વરસાદ છલકી ઉઠે છે કે જેથી સામે દરિયાના ઘુઘવાતા મોજાંઓની તીવ્રતા ઘણી જ ફિક્કી લાગે. બાળકનું આક્રંદભર્યું રુદન બે ઘડી વાતાવરણને સ્તબ્ધ કરી દે છે. જાણે કુદરત પણ બાળકની વેદનામાં પોતાનો સૂર પુરાવે છે તેવી સ્થિતિ નિર્માણ થઈ જાય છે. ભલભલાનું કાળજુ કંપાવી દે તેવી આ ઘટના હતી. એક અનાથ બાળકનો કુદરત સમક્ષ ક્રોધ છે, ફરીયાદ છે કે શા માટે ભગવાને તેને અનાથ બનાવ્યો? કેમ તેના માતાપિતાને બચાવ્યા નહીં? આ જગતમાં તે મા-બાપ વગર એકલો કોના આધારે જીવશે? મા-બાપનો પ્રેમ, વ્હાલ, વાત્સલ્ય તેને ક્યાંથી પ્રાપ્ત થશે? તે પોતાની જાતને ભયભીત અને અસુરક્ષિત માને છે તેના માટે પરિસ્થિતિ કેટલી ગંભીર અને અસહ્ય છે તે આ એક પંક્તિ દ્વારા આપણે સમજવાનો પ્રયાસ કરીએ.

"ઘાયલ કી ગત ઘાયલ જાને, દૂજા ન જાને કોઈ ઓર."

કહેવાની જરૂર નથી કે આખા જગતમાં અસંખ્ય બાળકો વિવિધ કારણોને લીધે અનાથ બનતા હોય છે, પરંતુ તેમને પાળનાર, પોષનાર, તેમનું જતન કરનાર, રખેવાળ તો એક જ માત્ર સકળ સૃષ્ટિનો સર્જનહાર છે, અને તેના થકી જ આ સંસારનું ચક્ર અવિરતપણે ચાલ્યા જ કરે છે. આવી કુદરતી આપત્તિઓ હોવા છતાંય પૃથ્વીનું બેલેન્સ જળવાઈ રહે છે. અને તેના માટે આપણે માત્ર પ્રભુનો જ આભાર માનવો રહ્યો. ●


## મિશનરીસ ઓફ ચેરિટી બ્રધર્સ

પ્રિય નવયુવાનો, શું તમે અમારા મંડળનાં સ્થાપિકા મધર ટેરેસાના જીવનમાં ભાગીદાર થઈ

- ઈસુના અગાધ પ્રેમનો અનુભવ કરવા માગો છો?
- શું તમે સંપૂર્ણ જીવન, પ્રાર્થનામય જીવન તથા સામૂહિક જીવન જીવવા માગો છો?
- શું તમે ગરીબોમાં ગરીબની સેવા કરવાની ઈચ્છા રાખો છો?

કદાચ તમારા જીવનના આંગણે ઈશ્વરની હાકલનો અનુભવ થઈ રહ્યો હોય અને વિશેષ પ્રેરણા પ્રત્યે આકર્ષણ હોય તો અમારા આંતરરાષ્ટ્રીય ધર્મસમાજ મિશનરી ઓફ ચેરિટી તમારા જેવા ઉદાર, ઉત્સાહી તથા કર્મશીલ યુવક મિત્રોનું હાર્દિક સ્વાગત કરે છે. કૃપા કરીને આજીવન ધર્મબંધુ બનવા માટે સંપર્ક કરો.

:: સંપર્ક કરો ::

Missionaries of Charity
7, Mansatala Row
Kidderpore, Kolkata
West Bangal - 700 023
(Tel. 033-2449 7080)

Missionaries of Charity
P.O. Nunna,
Dit. Krishna
Andhra Pradesh - 521 212
(Tel. 0866-222 0318)

Shanti Daan
Missionaries of Charity
L.T. Road, Goral Creek
Borivvali (w),
Mumbai 400 091
Maharastra.
(Tel. 022-2867 1362)

**લાયકાતઃ** ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ

# શ્રદ્ધા માટેનાં ચાર ચરણો

✍ પરમાર કલ્પના કનુભાઈ

"બેટા તારી શ્રદ્ધાએ તને સાજી કરી છે. સુખે જા." (લૂક ૮:૪૮) ઈસુએ આ વચનો ઘણી વ્યક્તિઓ માટે વાપર્યા. વિશેષ કે જેઓ શ્રદ્ધાથી તેમની પાસે જતાં. "તારી શ્રદ્ધાએ તને ઉગાર્યો છે." કોઈ પણ માણસના ઉદ્ધાર અને સાજાપણા માટે એક નાની શ્રદ્ધા જ બસ છે. બાઈબલમાં ઈસુએ ક્યારેય કોઈને એમ કહ્યું નથી કે તારી પ્રાર્થનાએ તને બચાવી લીધો છે. પણ એમ વારંવાર કહ્યું છે કે તારી શ્રદ્ધાએ તને બચાવી લીધો છે.

શ્રદ્ધાની વ્યાખ્યા જોઈએ તો "જે આપણે નરી આંખે જોઈ શકીએ નહીં અને જોઈ શકવાના પણ નથી. પણ મનમાં, અંતઃકરણમાં અને મગજમાં એક વિશ્વાસનું અસ્તિત્ત્વ છે." આ થઈ ફક્ત શ્રદ્ધા શબ્દની વાત. હવે ઈશ્વર પરની શ્રદ્ધા વિશે વધુ ઊંડાણથી જોઈએ. અને તેને વિસ્તૃત રીતે સમજવા માટે પ્રયત્ન કરીએ. શ્રદ્ધા માટેનાં ચાર ચરણ છેઃ

### ૧. ઈશ્વરનો સ્વીકારઃ

ઈશ્વરમાં શ્રદ્ધા એટલે શું? કોઈએ ઈશ્વરને નરી આંખે જોયા નથી. પણ એમ સ્વીકારે કે ઈશ્વર છે. તે માણસમાં ઈશ્વરની શ્રદ્ધા છે. અને એ ઈશ્વરીય શ્રદ્ધા માણસને તેના માતા-પિતા તરફથી અને તેના આજુબાજુના પ્રાર્થનામય જીવન જીવતા લોકો તરફથી તેમજ પ્રાર્થનામય વાતાવરણમાંથી મળતી હોય છે. જે બાળક પ્રાર્થનામય વાતાવરણમાં ઉછેર પામે છે તે શ્રદ્ધાવાન બને છે. જ્યારે તે મોટો થાય છે અને તેનું જીવન ચિંતા, સંકટો દુઃખ તકલીફોથી ઘેરાય છે તેવા સમયે તે પ્રભુ તરફ વળે છે. અને વધુ પ્રાર્થના કરે છે. અને પ્રાર્થનાનો તેને ઉત્તર મળતા તેની શ્રદ્ધા વધતી જ જાય છે.

પરંતુ સંસારમાં ઘણાં લોકો પ્રાર્થનાનો ઉત્તર ન મળતાં ઈશ્વર પર શ્રદ્ધા ગુમાવી બેસે છે. અને સાંસારિક ચીજો તરફ વળે છે. પૈસા અને વ્યક્તિઓ પર તેઓ આધાર રાખે છે. અને આખરે તેનું પરિણામ એ આવે છે કે તે વિનાશ તરફ પ્રયાણ કરે છે. આમ સંસારની વસ્તુ પર આધાર રાખતો માણસ પોતાની જીંદગી પાયમાલ કરી બેસે છે. ઘણાં લોકો તો આપઘાત પણ કરતાં હોય છે. અને તેથી જ શ્રદ્ધા રાખવી અતિ આવશ્યક છે.

જે વ્યક્તિ પ્રભુ પર શ્રદ્ધા ધરાવતી નથી તેને ઈશ્વર વિશે કાંઈ જ જ્ઞાન નથી તેમ કહેવાય અને તે વ્યક્તિ સેતાનનો ગુલામ છે. જ્યારે આવી વ્યક્તિઓ પ્રભુ પર શ્રદ્ધા ધરાવતી નથી તો તે પ્રભુને આધીન રહી શકતી નથી. અને તેથી આવા લોકોને સેતાન જલદી પોતાના કાબુમાં લઈ જાય છે. જેમને આપણે પ્રયક્ષ જોઈ શકતા નથી એવા એ એકમાત્ર ઈશ્વર પર શ્રદ્ધા રાખવી મૂશ્કેલ છે. એ વાત સાચી પણ માણસ માટે એ અતિ આવશ્યક છે કે તે પોતાના અંતઃકરણમાં વિશ્વાસ રાખે કે ઈશ્વર છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખવી અને ઈશ્વરને આપણા જીવનમાં મુખ્ય સ્થાન આપવું, અર્થાત્ ઈશ્વરને આપણા જીવનના હકદાર નેતા બનાવવા ખૂબ જ જરૂરી છે.

પ્રાર્થના એ ઈશ્વરને શોધવાનું એક માધ્યમ છે. પ્રાર્થના એ ઈશ્વર અને માણસને જોડતી એક મજબૂત કડી છે. ઈર્મિયા ૨૯:૧૨.૧૪ માં પ્રભુ કહે છે. "ત્યારે તમે મારી પાસે આવી મારી પ્રાર્થના કરશો તો હું તે સાંભળીશ. તમે મારી ખોજ કરશો તો મને પામશો. કારણ તમારી ખોજ સાચા દિલની હશે. તમે મને જરૂર પામશો." આ વચન દ્વારા પ્રભુ આપણને કહે છે કે માણસમાં ઈશ્વરને શોધવાની ઝંખના હોવી જોઈએ.

પ્રભુ સ્વયં દુઃખ તકલીફ, સંકટને માનવીના જીવનમાં આવવા દે છે. જેથી માણસ પોતાના જીવનમાં ઈશ્વરને શોધવાની ઝંખના સેવે. જે માણસ દુઃખ અને આપત્તિના સમયે પ્રભુ તરફ વળે છે તે અવશ્ય બચી જાય છે. પરંતુ જે વ્યક્તિ સંસારની ચીજો તરફ વળે છે અને પ્રભુ પાસે નહીં જતાં પૈસા અને વસ્તુઓ તેમજ વ્યક્તિઓ ઉપર આધાર રાખે છે ત્યારે તે જીવનમાં હતાશા અને તિરસ્કાર સિવાય કાંઈ જ પામતો નથી. આપણે હિબ્રુ ૬:૧૧,૧૨માં જોઈએ છીએ, "અને અમારી તીવ્ર ઈચ્છા છે કે તમારામાંનો એક એક જણ અંત સુધી એવીને એવી ઘગશ દાખવતો રહે. જેથી તમારી આશા પૂરેપૂરી સફળ થાય. જો જો, આળસમાં પડતાં; બલ્કે એવા લોકોનું તમે અનુકરણ કરજો. જેઓ શ્રદ્ધા અને ધીરજ રાખીને ઈશ્વરના વરદાનોનાં ફળ પ્રાપ્ત કરે છે.

જો આપણે આપણા અંતઃકરણમાં પૂર્ણરૂપે પ્રભુનો સ્વીકાર કરીને તેની હાજરીના અનુભવ સાથે તેને પ્રાર્થના કરીએ ત્યારે પ્રભુ અવશ્ય આપણી પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. ટૂંકમાં ઈશ્વર પ્રાર્થનાનો ઉત્તર આપે છે. આપણી મધ્યસ્થી પ્રભુ સ્વીકારે છે.

### ૨. ઈશ્વરીય મદદ માટેના આશાવાદઃ

ઘણાં લોકો ઈશ્વરમાં શ્રદ્ધા તો ધરાવે છે પણ તેઓમાં આત્મવિશ્વાસની કમી હોય છે ઘણાં લોકો કોઈ પણ હેતુ

સિવાય પ્રાર્થના કરતા હોય છે. ફક્ત ઈશ્વર સાથે થોડો સમય ગાળવો બસ. પરંતુ આ પ્રકારના લોકો જ્યારે કોઈ હેતુ કે માંગણી સાથે પ્રાર્થના કરે છે ત્યારે પ્રાર્થનાનો ઉત્તર ન મળતા જલદી હતાશ થઈ જતા હોય છે. આ હતાશા દૂર કરવા તેમણે નવી આશા સેવવી પડે છે. તિરસ્કાર અને હતાશા એ આશા વગરની જીંદગી છે. "શ્રદ્ધા એટલે જેની આપણે આશા રાખીએ છીએ તેની ખાતરી અને જે નજરે જોયું નથી તેનો પુરાવો. આશામાં શ્રદ્ધાની શરૂઆત છે. આશા આપણને શ્રદ્ધા તરફ દોરી જાય છે અને શ્રદ્ધા આપણને સાચા જીવન તરફ."

બાઈબલમાં ઈસુ અપંગને સાજો કરે છે તે દૃષ્ટાંતમાં આપણે જોઈએ છીએ. (યોહાન ૫ઃ૬-૯) આ દૃષ્ટાંતમાં પણ ઘણાં બધાં માણસો હોવા છતાં ઈસુ બધામાંથી ફક્ત લંગડા માણસને જ કેમ સાજો કરવા પસંદ કરે છે? કારણ એજ એ તે આશાવાદી હતો. તેની મદદમાં કોઈ ન હતું કે જે તેને ઉંચકીને કુંડમાં લઈ જઈ શકે અને છતાં તેને આશા હતી કે તે જરૂર એક દિવસ કુંડ સુધી પહોંચી શકશે અને સાજો થશે. તેની આશા જોઈને જ ઈસુએ તેને પસંદ કર્યો. જો તે અપંગ વ્યક્તિ આશા છોડી દઈ ત્યાંથી ચાલ્યો ગયો હોત તો તેને ઈસુનો ભેટો જ ન થયો હોત અને તેનો ઉદ્દેશ પૂરો ન થયો હોત. આમ ઈશ્વરની નજર આપણી આશા પર હોય છે. "આશા આપણને કદી નિરાશ કરતી નથી" (રોમ ૫ઃ૫) અને એ આશા આપણને નિરાશ કરતી નથી, કારણ, આપણને પવિત્ર આત્મા આપીને ઈશ્વરે આપણા હૃદય ઉપર પોતાનો પ્રેમ વરસાવ્યો છે. આમ આપણે આશાવાદી બનવું જોઈએ, કારણ, ઈશ્વર આપણા હૃદયની તપાસ કરે છે. જેઓ ઈશ્વરમાં આશા રાખે છે. તેઓને ઈશ્વર જરૂર બચાવી લે છે (દાનિયેલ ૧૩ઃ૬૦). આમ આશા એ શ્રદ્ધાનું પ્રથમ પગથિયું છે. જેની આશામાં વધારો થાય છે તેની શ્રદ્ધા વધુ મક્કમ બને છે.

તિરસ્કાર અને હતાશા જીવનમાં નકારાત્મકતા લઈને આવે છે. તે શ્રદ્ધાને વિખેરી નાખે છે. અને તે માનવીને ઈશ્વરથી દૂર કરી દે છે. તિરસ્કારની ભાવના એ સેતાનનું કામ છે. એટલે જ્યારે આપણામાં નકારાત્મક ભાવના આવે, તિરસ્કાર કે હતાશા ઊભી થાય તેજ ક્ષણે આપણે ઈશ્વરની સ્તુતિ કરવાનું ચાલુ કરી દેવું જોઈએ. સ્તુતિ કરવાથી તેજ ક્ષણે ઈશ્વર આપણા પર કાબુ લઈ લે છે. અને તેજ સમયે ઈશ્વર આપણને આશીર્વાદ આપે છે. સ્તુતિ કરવાથી ઈશ્વરનો આત્મા આપણને ઘેરી વળે છે. અને તે સ્વયં આપણા વતી પ્રાર્થના કરે છે. સ્તુતિ કરવાથી આપણા મન અને મગજમાં શાંતિનો અનોખો અનુભવ થાય છે, આપણામાં પરમેશ્વરની શક્તિનો વધારો થાય છે. જ્યારે તિરસ્કાર અને નકારાત્મક વલણો આપણને અધોગતિ તરફ દોરી જાય છે. ઘણાંને તો મૃત્યુ તરફ પણ. જ્યારે શ્રદ્ધા આપણને સાચા જીવન તરફ અને પ્રભુ તરફ દોરી જાય છે.

## ૩. પવિત્ર આત્માની શક્તિની આવશ્યક્તાઃ

શ્રદ્ધાના ત્રીજા ચરણમાં પહોંચવા માટે વ્યક્તિને પવિત્ર આત્માની શક્તિની જરૂર પડે છે. કારણ, શ્રદ્ધા એ પવિત્ર આત્માનું એક વરદાન છે. શ્રદ્ધાના આ વરદાન દ્વારા જ પ્રભુ આપણાં જીવનમાં કાર્ય કરે છે. દાનિયેલ ૩ઃ૧૭,૧૮ માં આપણે જોઈએ છીએ, રાજાએ ત્રણ યુવાનોને ભઠ્ઠીમાં નાખવાની વાત કરી ત્યારે તેમણે જવાબ આપ્યો, "અમે જે (દેવ) ઈશ્વરની સેવા કરીએ છીએ તે જો અમને બળબળતા અગ્નિની ભઠ્ઠીમાંથી આપના હાથમાંથી ઉગારવાને શક્તિમાન હશે તો તે અમને જરૂર ઉગારશે નહીં ઉગારે તો પણ આપ જાણી લેજો કે અમે નથી તો આપની સેવા કરવાના કે નથી આપે સ્થાપેલી સોનાની મૂર્તિની પૂજા કરવાના". ત્રણ યુવાનોની શ્રદ્ધાને કારણે તેમના જીવનમાં ઈશ્વરે કાર્ય કર્યું. જ્યારે આપણે પ્રભુને નામે ઊભા રહીએ ત્યારે તે આપણને જરૂર બચાવે છે. ત્રણ યુવાનોએ પોતાની જિંદગીના બદલામાં ઈશ્વરની શ્રદ્ધાને વધુ સ્થાન આપ્યું, ત્રણ યુવાનોએ અગ્નિમાં ઊભા ઊભા પ્રભુની સ્તુતિ કરી અને તેથી જ તેમના શરીર ઉપર બળબળતા અગ્નિની કોઈ જ અસર થઈ નહીં; આમ ઈશ્વરે તેમના જીવનમાં અદ્ભુત કાર્ય કર્યું. ઈશ્વરની સ્તુતિ કરવાથી શ્રદ્ધા મક્કમ બને છે. અને પ્રભુ તેમને ઉગારી લે છે.

જેટલી દૃઢ આપણી શ્રદ્ધા તેટલો જ પ્રભુનો આપણા પરનો પ્રેમ અને આશીર્વાદ. બીજા શબ્દોમાં ઈશ્વર પરની શ્રદ્ધા અને ઈશ્વરનો આપણા પ્રત્યેનો પ્રેમ અને આશીર્વાદ એકબીજાના પૂરક છે. ઈશ્વરને જો આપણે કશું ઉત્તમ આપવું જ હોય તો તે છે આપણી તેમના પ્રત્યેની શ્રદ્ધા. જેટલા આશીર્વાદ આપણે આપણાં જીવનમાં જોઈએ છીએ કે અનુભવ કરીએ છીએ તે આપણી શ્રદ્ધાનું પરીણામ છે. જેટલી વધુ આપણી શ્રદ્ધા તેટલા વધુ આપણા પર આશીર્વાદ. જેટલી મૂલ્યવાન કે અઘરી તમારી માંગણી તેટલી વધુ તમારી શ્રદ્ધા.

આપણે ઉત્તમ વસ્તુ ખરીદવી હોય તો આપણે મોટી સંખ્યામાં પૈસા ચુકવવા પડે છે. તેવુ જ છે શ્રદ્ધાની બાબતમાં. જેટલી મોટી તમારી માંગણી તેટલી વધુ ઉંડી તમારી ઈશ્વર પરની શ્રદ્ધા.

## ૪. આધ્યાત્મિક બળજબરીની આવશ્યકતા.

યોહાનના સમયથી તે આજ સુધી તો ઈશ્વરના રાજ્ય ઉપર બળજબરી થઈ રહી છે અને બળજબરી કરનારાઓ એનો કબજો લઈ રહ્યા છે. ઈસુ કહે છે. બળજબરી દ્વારા ઈશ્વરનું રાજ્ય પ્રચંડ માત્રામાં ફેલાવી શકાય છે. શું આધ્યાત્મિક રાજ્ય માટે પણ બળજબરીની જરૂર પડે? તેનો શો અર્થ? આ બળજબરી છે એક અગત્યની બાબતની અને તે છે ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાની. સંસારના લોકો બળજબરી આયોજન માટે કરતા હોય છે. પણ આધ્યાત્મિક રાજ્ય માટે પણ બળજબરીની જરૂર છે. અને તે બળજબરી વાજબી છે. આધ્યાત્મિકતામાં ત્રણ બાબત પર જોર કરવું પડે છે; તે છે શ્રદ્ધા, હેતુ અને દૃઢતા અથવા નિશ્ચયતા.

માણસને પોતાનો પ્રાર્થનાનો હેતુ પૂર્ણ કરવા માટે ઈશ્વર સાથે શ્રદ્ધા પર ભાર મૂકવો પડે છે. આમ શ્રદ્ધાના જોરથી આપણે પ્રભુનું મન જીતીએ છીએ.

વિશ્વાસ અને શ્રદ્ધાથી કરેલી દરેક પ્રાર્થનાનો ઉત્તર પ્રભુ આપે છે તેવુ વ્યક્તિગત રીતે મેં મારા જીવનમાં અનુભવ કર્યો છે. દરેકે આશા અને શ્રદ્ધા સાથે પ્રાર્થના કરવી જોઈએ. આબ્રાહમ જેકબ અને બીજા અન્ય એવા શ્રદ્ધા દ્વારા આશીર્વાદ પામ્યા હતા તેવું આપણે સ્પષ્ટપણે બાઈબલમાં જોઈએ છીએ. શ્રદ્ધા દ્વારા આપણે ઈશ્વરનો પ્રેમ અને અસંખ્ય આશીર્વાદ અને ઉપકારો પ્રાપ્ત કરીએ છીએ તેમાં કોઈ જ શંકા નથી. ●


**જાહેરાત**

**કેર ટેકર ટ્રેનીગ કોર્ષ સેન્ટર**

ઈમાનુએલ એજ્યુકેશન ટ્રસ્ટ (રજી. નં. ઈ/૨૬૩૯/આણંદ દ્વારા કેર ટેકર ટ્રેનિંગ કોર્ષ દ્વારા અનેક ભાઈઓ-બહેનો સફળતાપૂર્વક ઈઝરાયેલ વર્કપરમીટ મેળવી ચૂકેલ છે. સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ આપી પરદેશ જવા માટે માર્ગ મોકળો કરી આપનાર એક માત્ર સંસ્થા કોર્ષમાં પ્રવેશ માટે

**રહેઠાણ:** ઈમાનુએલ આઈ. ક્રિસ્તી (ડાયરેક્ટર)
૮, મારૂતિપાર્ક, સી.એન.આઈ. ચર્ચ સામે,
સિંગલાવ રોડ, બોરસદ, જિ. આણંદ
મો. ૯૮૭૯૩ ૬૩૯૮૬, ૮૪૮૭૦ ૮૬૩૭૯

**ઓફિસ:**
૧૨/૨ ભગીરથ સોસાયટી
છાણી-નિઝામપુરા રોડ, SBI બેંક પાસે
છાણી જકાતનાકા, વડોદરા



# શેરોન વેડીંગ ડ્રેસ ડીઝાઈનર



ક્રિશ્ચિયન લગ્ન માટે મેક્ષી અથવા સાડી અને બ્લાઉઝ, નેટ, બૂકે, પર્સ, ગ્લોઝ, બ્રોચ, હેન્કી રૂ.૩૫૦૦/-માં મેક્ષી અથવા સાડી સાથે કુલ બાર વસ્તુઓ

નેટ, ક્રાઉન, બૂકે, ગ્લોઝ તથા દુલ્હા-દુલ્હન માટે બ્રોચ અને હેન્કી, બકરમસ્લીપ, પર્સ, બે ડઝન કાચની બંગડી તથા સ્કાર્ફ

ફસ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂ.૧૨૦૦/-માં ફક્ત મેક્ષી, ૨૫૦૦માં.

ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**
**શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો,**
**બાકરોલ, તા.જિ. આણંદ**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*



## Hearty Congratulations on their 35th Wedding Anniversary



Vimala & John Macwan
Retired General Manager IPCL (Reliance Ind.)

For a Wonderful Mum and Dad on your
Wedding Anniversary
With love and thanks for being such
wonderful parents..
...for giving and doing and understanding...
...but most of all, for always being so loving.
Happy Coral Wedding Anniversary!

28/B Manorath Society,
New Sama Road, Baroda 8

With much love from
Lipi and Amul



## બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ



બ્રાઈડલ સેટ, કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ, આર્ટીફીસીયલ જ્વેલરી સેટ

**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)
ફોન: (૦૨૬૯૨) ૨૫૦૫૯૫
૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫

*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી,*
*પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*



## Happy Birthday Smit



**મેકવાન સ્મિત સૂર્યકાંત**
જન્મ તા. ૨૯-૦૫-૨૦૦૮
ઈશ્વરપિતા તારી દરેક મનોકામના પૂર્ણ કરે તેવી શુભેચ્છા.

**પ્રકાશ, મનિષા, રોશની દીદી**
૧૭, કમલેશપાર્ક સોસાયટી,
મીશન રોડ, નડીઆદ ૩૮૭ ૦૦૨

# કિશોરમિત્ર

**જૂન, ૨૦૧૩**

## વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસ - આશાનું નવલું કિરણ

પ્રભુ ઈસુએ ધર્મસભાની સ્થાપના કરી અને સંત પીતરને પ્રથમ વડા તરીકે નીમ્યા હતા. સંત પીતરના અનુગામી રોમના ધર્માધ્યક્ષ તરીકે અને સમગ્ર વિશ્વમાં પોપ તરીકે ઓળખાય છે. આર્જેન્ટિના જેવો ગરીબ દેશ પોપ ફ્રાન્સિસનું મૂળ વતન. તેમનું નામ જ્યોર્જ મારિયો બર્ગોગ્લિયો હતું. પોપ બન્યા ત્યારે તેમણે આસિસીના સંત ફ્રાન્સિસનું નામ પસંદ કરી પોપ ફ્રાન્સિસ નામ ધારણ કર્યું. આસિસીના સંત ફ્રાન્સિસની સાદગી, માનવતા, નિર્ધનતા, અને પ્રકૃતિ પ્રેમ આપણા વડાધર્મગુરુને અત્યંત ગમે છે.

પોપ બન્યા પછી તેમણે આપણને સર્વ જીવો અને વસ્તુઓની કાળજી લેવા આહ્‌વાન આપ્યું છે. ખાસ કરીને બાળકોની દેખભાળ પર ખાસ ભાર મૂક્યો છે.

આજના ભૌતિકવાદના જમાનામાં ઈશ્વરે આપણને નવા પોપ દ્વારા આશાનું નવું કિરણ બતાવ્યું છે તે માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ. સાથે સાથે પ્રાર્થના કરીએ, પોપ ફ્રાન્સિસ એક ભલા ગોવાળ તરીકે સમગ્ર ધર્મસભાને દિશા નિર્દેશ આપતા રહે તે માટે ઈશ્વર તેમને દોરવણી આપે, તેમને શક્તિ આપે.

## વ્હાલા કિશોરમિત્રો,

તમે આવતી કાલની આશા અને ભવિષ્ય છો. સમગ્ર વિશ્વ તમારા પ્રત્યે આદરની લાગણી ધરાવે છે. જે રીતે આપણા નવા પોપ ફ્રાન્સિસ ખૂબ જ આશાવાદી છે અને ભવિષ્ય તરફ કદમ મિલાવે છે તેમ તમે પણ ઉજળા ભવિષ્ય માટે તમારા પ્રયત્નો થકી ઊંડી છાપ ઊભી કરી શકો છો.ઈશ્વરે બક્ષેલ તમારી આંતરિક શક્તિઓને અને કૌશલ્યોને ઓળખો. અથાગ મહેનત વડે તેને ધારદાર બનાવો. ગમે તે ક્ષેત્રમાં તમે આગળ વધો; જ્વલંત સફળતા તમારાં કદમ ચૂમશે.

બાળમિત્રો, આ મહિને નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય છે. વર્ષની શરૂઆતથી જ મન દઈને અભ્યાસમાં ધ્યાન પરોવજો. ખૂબ મહેનત કરી સફળતા પ્રાપ્ત કરજો. ઓલ ધ બેસ્ટ.....

## પહેલાં ભણો - પછી રમો

સ્ટીવ, સ્ટેની, જેની અને લીના ચારેય ગાઢ મિત્રો હતા. શાળા છૂટ્યા પછી ચારેય જણ સાથે જ જોવા મળતાં અને સાથે જ રમતાં.

ચારેય મિત્રોમાં લીના સૌથી મોટી હતી. એક દિવસ તેણે જોયું કે સ્ટીવને શાળામાં વર્ગની બહાર ઊભો રાખવામાં આવ્યો હતો. આગલા દિવસે આપેલું ગૃહકાર્ય તેણે કર્યું ન હતું.

શાળા છૂટ્યા પછી બધાં મિત્રો રમવા માટે ભેગાં મળ્યા ત્યારે લીનાએ બીજા મિત્રોની આગળ સ્ટીવને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તેણે પહેલાં તેનું ગૃહકાર્ય પૂરું કરવું પછી જ બધાં રમવા જશે. બીજા મિત્રો પણ સંમત થયા અને સ્ટીવ ઘરકામ પૂરું કરે ત્યાં સુધી રાહ જોવા લાગ્યા. સ્ટીવ તો બેટ-બોલ લઈ રમવા માટે તૈયાર હતો. પરંતુ બીજા મિત્રોના આગ્રહને વશ થઈ લેસન કરવા ઘેર પાછો ફર્યો. બાકીના ત્રણે જણ તેની વાટ જોવા લાગ્યા. જેવું તેણે ગૃહકાર્ય પૂરું કર્યું કે તરત ચારે મિત્રો રમવા દોડી ગયા.

**સારઃ** કામને સમયે કામ, પછી જ મોજમઝા.
પાંચ મિનિટ રમો, પંદર મિનિટ ભણો.

## મહેનતનું ફળ

વિજય આજ્ઞાકારી વિદ્યાર્થી હતો. તેથી તે શિક્ષકો અને વડીલોમાં પ્રિય હતો. વર્ગમાં તે ખૂબ ધ્યાન દઈ ભણતો. છતાં તે સાધારણ માર્ક્સ લાવતો. ગણિત પ્રત્યે તેને અત્યંત ચીડ હતી.

વિજય એવું માનતો કે ગણિત ખૂબ જ અઘરો વિષય છે અને તેને કદી સારા ગુણ નહીં આવે. તેના આવા નકારાત્મક ખ્યાલને લીધે ધીમે ધીમે તેને ગણિત વિષય પરત્વે અણગમો પેદા થયો. તેના શિક્ષકના ધ્યાન પર આ વાત આવી અને તેઓ વિજયની નકારાત્મક માન્યતા બદલવા ધીમે ધીમે પ્રયત્ન કરવા લાગ્યા.

એક દિવસ વિજય ગ્લાનિભર્યા હૃદયે અને રડમસ ચહેરે

નારિયેળની વાડીમાં બેઠો હતો. ત્યાં એક માણસ વાડીમાં પ્રવેશ્યો. અને નારિયેળના ઊંચા વૃક્ષ ઉપર ખૂબ જ સહેલાઈથી ચઢવા લાગ્યો. તેની સાથે આવેલ તેનો કિશોરવયનો પુત્ર પણ બીજી નારિયેળી પર ઝડપભેર આસાનીથી ચઢી ગયો. આશ્ચર્ય સાથે વિજય તેમને જોતો રહ્યો.

બાપ-બેટો બંને નીચે ઊતર્યા તો વિજય તેમની પાસે પહોંચી ગયો. વિજયે તેમને પૂછ્યું કે આટલી સહેલાઈથી આવા ઊંચા - કઠિન વૃક્ષ પર તમે કેવી રીતે ચઢ્યાં? પિતાએ જવાબ આપ્યોઃ સાચે જ, આવા સીધા, ઊંચા વૃક્ષ પર ચઢવું ખૂબ જોખમી છે. મને જ્યારે મારા પિતાએ આ કામમાં જોતર્યો ત્યારે ખૂબ બીક લાગી હતી. હું પણ એક ખૂણામાં ઊભો રહી અચંબાથી જોતો રહેતો. મારા પિતાએ પટાવી-ફોસલાવીને મને આ કામમાં ધકેલ્યો. મેં પણ આજ રીતે મારા પુત્રને આ કામ શીખવ્યું છે. જો તમે સતત પ્રયત્ન કરો તો આ જગતમાં કોઈ પણ કામ અશક્ય નથી.

એ માણસની વાત વિજયના મનમાં એકદમ ઊતરી ગઈ. અને તે સભાન થઈ ગયો. ગણિત ન જ આવડે તેવો અશક્ય વિષય નથી તેમ તેણે વિચાર્યું. તેણે ધ્યાન દઈ રસપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. હવે વિજય વર્ગમાં પહેલો નંબર મેળવે છે.

## ઊભી ખો

બાળમિત્રો, શાળામાં કે પિકનીક પર ગયા હો ત્યારે તમે જરૂરથી ઊભી ખો રમત રમી હશે. આ રમતમાં બાળકો બે-બેની જોડીમાં એકબીજાની આગળ-પાછળ ઊભા રહે છે. અને બીજા બે બાળકોમાંથી એક બાળક જે દાવ આપતો હોય તે બીજા બાળકને પકડવા દોડે છે. દોડનાર બાળક જોડકામાં ઊભેલ બાળકની આગળ જઈ ઊભો રહી જાય તો પાછળ ઊભેલો બાળક દોડવા લાગશે. આમ રમત આગળ ચાલે છે.

આ રમત દ્વારા શારીરિક વિકાસની સાથે સાથે જાગૃકતા, ચપળતા અને મિત્રતાનાં ગુણ ખીલે છે.

## કર્મશીલ સંત પીટર

ઈશ્વરના રાજ્યની સ્થાપના માટે પ્રભુ ઈસુએ લોક ચળવળ ઊભી કરી હતી. એજ આજની આપણી ધર્મસભા. શુભસંદેશ ફેલાવવાના કામ માટે તેમણે ૧૨ શિષ્યો પસંદ કર્યા હતા. આ શિષ્યો સામાન્ય લોકો હતા. તેમાંના મોટાભાગના કારીગરો હતા. આમાંનો એક ઝેબિદીનો પુત્ર સિમોન હતો. સિમોન માછીમાર હતો.

ઈસુએ સિમોનનું નામ પીટર પાડ્યું હતું. પીટરનો અર્થ થાય 'ખડક'. આ ખડક પર ઈસુએ પોતાની ધર્મસભાની ઈમારત ચણી. (માથ્થી ૧૬:૧૩-૨૦) પીટર પણ ઈસુને ખૂબ ચાહતા. તેઓ ઈસુની અત્યંત નજીક હતા. ઈસુના જીવનના બધાં જ મહત્ત્વના બનાવો વખતે પીટર તેમની સાથે હતા. પીટરે કહ્યું હતું, "પ્રભુ, અમે કોની પાસે જઈએ? આપની વાણી શાશ્વત જીવનની વાણી છે." (યોહાન ૬:૬૮)

મુશ્કેલ હાલતમાં પીટરે ઈસુનો ઈન્કાર કર્યો હતો. પરંતુ પોતાની ભૂલ સમજાતાં તેમને ખૂબ પસ્તાવો થયો હતો. દુઃખી હૃદયે તે રડી પડ્યા હતાં. પણ ઈસુ પરની તેમની શ્રદ્ધા દૃઢ બની હતી. ઈસુના નામે તેમણે અનેક ચમત્કારો કર્યા હતાં. (પ્રે.ચ. ૩:૧-૮) હવે પીટર નીડર, હિંમતવાન અને સ્પષ્ટવક્તા બન્યા અને યહુદી આગેવાનોની ધર્માંધતાને પડકારવા લાગ્યા. આખરે તેમની ધરપકડ થઈ. તેમને કારાવાસમાં બંદી બનાવવામાં આવ્યા. તેમને ઊંધે માથે ક્રોસ ઉપર ઊલટા લટકાવી દેવામાં આવ્યા હતાં.

સંત પીટર ધર્મસભાના સૌ પ્રથમ પોપ ગણાય છે. એક સામાન્ય માણસ, હૃદય પરિવર્તન અને ઈશ્વર પરની અડગ શ્રદ્ધા વડે કેવો આદર્શ આગેવાન બને છે તેનું સંત પીટર ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. ધર્મસભા જૂનની ૨૯ તારીખે સંત પીટરનું પર્વ ઊજવે છે.

ઈસુને ઊંડાણથી સમજવા ઈશ્વરની કૃપા થાઓ.
ઈસુ સાથે જોડાઈ રહેવા ઈશ્વરની કૃપા થાઓ.
સંત પીટર જેવા કર્મશીલ બનવા ઈશ્વર કૃપા થાઓ.

## અપંગને ચાલતો કર્યો

પ્રભુ ઈસુને માંદા-અપંગ લોકો પ્રત્યે અપાર અનુકંપા હતી. ચમત્કારો દ્વારા તેમણે તેમનાં દુઃખ દર્દ દૂર કર્યાં હતા.

યહૂદીઓનો તહેવાર આવતો હતો. તેથી ઈસુ યરુશાલેમ ગયા. ત્યાં ગાડર દરવાજા પાસે એક કુંડ આવેલો છે. હિબ્રુ ભાષામાં તેને 'બેથઝાથા' કહે છે. તેને કમાનવાળી પાંચ ઓસરીઓ છે. ત્યાં ઘણાં આંધળા, લૂલા, અપંગ, લકવાવાળા પડી રહેતા હતા. અવારનવાર એક દેવદૂત આવી કુંડનું પાણી ડહોળી નાંખતો. પાણી ડહોળી નાંખ્યા પછી જે માણસ સૌથી પહેલો કુંડમાં ઊતરતો તેનો રોગ મટી જતો. ત્યાં એક માણસ એવો હતો જે આડત્રીસ વર્ષથી પીડાતો હતો. જ્યારે ઈસુએ જાણ્યું કે એ માણસ ઘણાં લાંબા સમયથી બીમાર છે ત્યારે તેને પૂછ્યું, "તારે સાજા થવું છે?"

પેલા માંદા માણસે જવાબ આપ્યો, "પ્રભુ, કુંડનું પાણી ડહોળાય ત્યારે મને કુંડમાં લઈ જનાર કોઈ નથી; અને મારી માંદગી અને અશક્તિને કારણે હું કુંડ સુધી પહોંચું તે પહેલાં તો બીજી વ્યક્તિ કુંડમાં ઊતરી પડે છે."

ઈસુએ તેને કહ્યું, "ઊભો થા અને તારી પથારી ઉપાડીને ચાલવા માંડ." તે જ ક્ષણે તે માંદો માણસ સાજો થઈ ગયો અને ચાલવા માંડ્યો.

ઈસુની વાણીમાં આવી અપાર શક્તિ છે.
(પ્રવૃત્તિઃ ઉપરોક્ત પ્રસંગ વાંચો. યોહાનઃ ૫ઃ૧-૯)

## સ્વતંત્રતા

જૂલી અને રોસાલી બંને બહેનો હતી. પરંતુ બંનેના સ્વભાવ અને વર્તનમાં આભ-જમીનનું અંતર હતું. મોટી બહેન જૂલી સ્વતંત્ર વિચારની હતી. તેને કોઈ બંધન ગમતા નહીં. બિન્દાસપણે તે જીવનની દરેક મજા લૂંટી લેવામાં માનતી. જ્યારે નાની રોસાલી ધીર-ગંભીર અને જીવનના મૂલ્યોને અનુસરવામાં માનતી. તેથી જ તે માતા-પિતાને પ્રિય હતી. અને તેઓ તેને વધુ જવાબદારી સોંપતા.

રોસાલીને મળતા વધારે મહત્ત્વ અને આદરને લીધે જૂલીને રોસાલી પ્રત્યે ઈર્ષા થતી.

એક દિવસ બંને બહેનો તેમના માતા-પિતા સાથે આર્ટ ગેલેરીમાં ચિત્ર પ્રદર્શન જોવા ગઈ હતી. એક સુંદર ચિત્રનું શીર્ષક હતું - સ્વતંત્રતા. ચિત્ર નીચે સુવાક્ય લખેલું હતું. 'જિંદગીને સારી રીતે સાચા અર્થમાં જીવીએ એ જ સાચી સ્વતંત્રતા.'

ચિત્ર નીચેનું વાક્ય વાંચી જૂલી વિચારમાં પડી ગઈ. તેને પોતાની રહેણી-કરણી પ્રત્યે અફસોસ થયો. તેણે રોસાલી અને માતા-પિતાની માફી માંગી. અને શિસ્તબધ્ધ ઉમદા જીવન જીવવા પ્રતિજ્ઞા કરી.

**સારઃ** સ્વતંત્રતા સારી - સ્વચ્છંદતા ખરાબ

## જૂન માસના મહત્ત્વના દિવસોઃ

૧ જૂન - બાળ સુરક્ષા દિન
૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિન
૧૬ જૂન - ફાધર્સ ડે (જૂન માસનો ત્રીજો રવિવાર)
૨૦ જૂન - વિશ્વ નિરાશ્રિત દિન
૨૬ જૂન - વિશ્વ માદક પદાર્થ વિરોધ દિન

## ધર્મસભાના મહત્ત્વના દિવસોઃ

૨ જૂન - પરમપ્રસાદનું પર્વ
૮ જૂન - માતા મરિયમના નિર્મળ હૃદયનું પર્વ
૯ જૂન - ઈસુના પરમપૂજ્ય હૃદયનું પર્વ
૨૩ જૂન - લેઈટી સન્ડે (ધર્મજન રવિવાર)
૨૪ જૂન - સ્નાનસંસ્કાર યોહાનની જન્મજયંતી
૨૯ જૂન - સંત પીતર અને પાઉલ

– રાજેશ ક્રિશ્ચિયન
૯૪૨૬૫ ૮૪૦૨૮
rajesh.christian@yahoo.co.in

## આપણી શાળા

### સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ગાંધીનગર



ઈસુસંઘીય પુરોહિતો દ્વારા સંચાલિત સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ગાંધીનગરની સ્થાપના ૧૯૭૦માં થઈ હતી. હાલમાં આ શાળામાં નર્સરીથી ધોરણ ૧૨ સુધીના અંગ્રેજી અને ગુજરાતી એમ બંને માધ્યમોના વર્ગો ચાલે છે. અમદાવાદ ધર્મપ્રાંતના ભૂતપૂર્વ ધર્માધ્યક્ષ સ્વ. બિશપ ચાર્લ્સ ગોમ્સ અને વડોદરાના હાલના ધર્માધ્યક્ષ બિશપ ગોડફ્રી રોઝારિયો આ શાળામાં આચાર્ય તરીકે સેવા આપી ચૂકેલ છે.

### ખ્રિસ્તી વિશ્વાસ



જીવન નદીના વહેણ સમાન છે. એ ક્યાં લઈ જાય તેની કોઈને ય જાણ થતી નથી. કોઈ એક વ્યક્તિ પોતાના જીવનમાં કરેલ ભૂલોની માફી માંગીને સાચું જીવન જીવવાની શરૂઆત કરે ત્યારે દુનિયાના લોકો તેને ડગાવી મૂકે છે. પરંતુ પ્રભુ ઈસુ પરનો વિશ્વાસ કાયમ રાખનારને કોઈપણ બાબતની ખોટ હોતી નથી.

આપણું ખ્રિસ્તી વિશ્વાસુ જીવન એક મીણબત્તી સમાન હોવું જોઈએ. સ્વયં પીગળીને બીજાને પ્રકાશ આપતું જીવન જીવવું જોઈએ. મીણબત્તી પોતે સળગે છે પરંતુ બીજાને પ્રકાશ આપે છે. અને જ્યાં સુધી પૂરેપૂરી ખતમ ન થાય ત્યાં સુધી પ્રકાશ આપવાનું કામ કરતી રહે છે. માતા પોતાના બાળકને ત્યજી દેશે પરંતુ પ્રભુ કદી પોતાના બાળકોને ત્યજતા નથી.



આજે આપણે જીવનમાં દુઃખી, હતાશ, ગરીબ, લાચાર, જુદા જુદા રોગથી પીડાતા લોકોને મદદ કરવાની જરૂર છે. પૈસો કે ઉચ્ચ પદ એ જ જીવનમાં મહત્ત્વનાં નથી. પરંતુ લાચાર, નિરાધાર લોકોને સહારો આપવો એટલાં જ જરૂરી છે.

વ્યક્તિના જીવનમાં આવતી મુશ્કેલ પરિસ્થિતિમાં ઈશ્વર પર વિશ્વાસ ટકાવી રાખવો જરૂરી છે. મુશ્કેલીમાં હાર ન માનતાં પ્રભુને પ્રાર્થના કરીએ. એ જરૂર આપણને મદદ કરશે. પ્રભુનાં બાળકોને કશાની ખોટ પડતી નથી. આપણે પણ ઈશ્વરમાં શ્રદ્ધાપૂર્વક વિશ્વાસ રાખી આપણું જીવન વિતાવવું જોઈએ.

— ડેઝી ઝેવિયર (ધો-૮)



### વસંત આવી

પાનખર ગઈ ને વસંત આવી,
આંબાડાળે આજ વસંત આવી.
કોયલ ટહુકે આજ વસંત આવી,
પતંગિયાની પાંખે વસંત આવી.
બાગ-બગીચે આજ વસંત આવી,
પ્રકૃતિ ખોળે આજ વસંત આવી
કેસરિયા રંગે આજ વસંત આવી,
ભ્રમર ગુંજને આજ વસંત આવી.
સહુ જીવોમાં આજ તાજગી આવી,
અબીલ-ગુલાલના આજ રંગો લાવી.
વસંતપંચમીનો તહેવાર લાવી,
તનમનમાં નવીન ઉમંગ લાવી.
ઋતુઓની રાણી વસંત આવી,
મારી કલમે આજ વસંત આવી...

— સુહાની અસારી (ધો. ૮)



### હાસ્ય દરબારઃ

**(૧) શિક્ષકઃ** છગન, મોટો થઈને તું શું બનીશ?
**છગનઃ** ટીચર.
**શિક્ષકઃ** તને ખબર છે, ટીચર બનવા ખૂબ ભણવું પડે.
**છગનઃ** ના સાહેબ, તમે તો બધું અમને જ પૂછ્યા કરો છો. ભણવું તો અમારે પડે છે ને!!!

**(૨) કનુઃ** હું કોફી પીઉં તો સૂઈ ના શકું.
**મનુઃ** હું સૂઈ ગયા પછી કોફી પી નથી શકતો.

— સુહાની અસારી (ધો.૮)

**નોંધઃ** સેંટ ઝેવિયર્સ, ગાંધીનગરના બાળકોની પ્રસ્તુતિનો બીજો ભાગ આવતા અંકમાં. -સંપાદક.

# Soldiers Of God

June 2013

Our New Holy Father Pope Francis

A POPE With HOPE

Jesus instituted the Church and made Peter the Apostle its Head. The successor of St. Peter is the Bishop of Rome and he is called the Pope. The present Pope Francis hails from Argentina, a country with poor people. His original name is Jorge Mario Bergoglio. He chose the name of St. Francis of Assisi because of his poverty, simplicity, humility and closeness to nature.

He calls us all, including you children, to protect everything and everybody.

We thank God for giving us a new Pope with renewed Hope to overcome our critical times. Let us pray for our Pope Francis in a special way, for light and courage to serve the kingdom of God as our leader and minister.

Dear loving children!

You are our precious gifts; you are the hope of our future. The whole world is interested in you. Like our new Pope you too are our hope for a world of peace and love. You have to keep this aim in mind as you do all things as best as you can.

You should discover what you can do best and develop your talents to the full. Never let anything get you down, and with God's help you will always succeed.

In the forth-coming issues of 'Soldiers of God' you can expect creative items of your interest, and some competitions too. Read on with enthusiasm. All the best!

WORK WHILE YOU WORK, PLAY WHILE YOU PLAY

Steve, Stany, Jeni and Leena were thick friends. They were always jolly and merry. After school they would get together and play games and fool around.

One day Leena, the eldest of them all, noticed Steve standing outside his class. She asked him, "Steve, what happened?" Steve said, "We played so much yesterday, I could not do my homework for today."

That evening, when they all got together, Leena suggested, "Let us all finish our homework first and then only go to play." The others agreed and decided to wait for one another to finish their work first. Steve already had a bat in his hand, but happily went back home to do his duty first. The other three also went with him and waited patiently till all had completed their home-work. That evening they enjoyed their game more than ever before.

LESSON:
DUTY FIRST MAKES PLAY A JOY

# PRACTICE MAKES PERFECTION

Vijay was a good-natured boy. His teachers and elders liked him very much. He was attentive in the class. Still, he used to score only average marks in all subjects. He found Maths extremely hard.

He kept thinking that Maths is too tough for him to ever get through. When studying he would avoid Maths and in fact slowly he developed an aversion for the Maths class. His teacher observed the change in him and tried cordially to change his mind. But Vijay only got worse.

One day with a heavy heart and a sad face he was sitting in a coconut grove. A man was climbing the coconut tree with great ease. His son, who was about 16 years old, was also climbing other coconut trees in the same grove. Vijay enjoyed watching their acrobatics with fun and wonder. How smoothly they ran up the trees like squirrels!

When the father and son came down, he rushed to them and asked them how they managed to be so good. The father replied, "It is true, boy, but it is also highly risky to climb such a tall, wiry tree. At the start I was so scared I never thought I could do it. But I watched my father and he taught me and told me to keep trying and practicing. After many days I mastered the climb and I have also taught my son that practice makes perfection. Nothing is impossible under the Sun if only you make a constant effort!"

Vijay wondered whether the same would be true for Maths. He decided to try by learning the tables first and practicing sums daily. As he began to take interest in Maths he discovered Maths was interesting and easy.

At the final exam he surprised everyone by topping the class in Maths.

"TINGU – MANGU GAME

Call two children near you. Name one ''Eagle' and the other 'Dove'. Let the other children form a circle, standing in pairs, one behind the other. The one behind holds the waist of his/her companion in front. All those who stand in front are JINGU and all those behind are MANGU.

Ask the 'dove' near you to run. The 'eagle' should chase and catch it. While chasing, if the 'eagle' happens to catch the waist of a 'Mangu' the 'Jingu' in front of it should immediately become the 'eagle' and should chase the 'dove'.

The interesting item in this game is that both, the JINGU and the MANGU get turns to run in order to escape from each other.

## QUALITIES

Real friendship is SHARING of positive qualities. What quality in you is the best gift you can give your friend? Think it over, decide, and do it.

## PETER, AN ACTIVIST

Jesus started a People's Movement. He called it the kingdom of God. We understand it as the Church today.

In order to continue His good works and mission He chose twelve men. They were very ordinary persons. Most of them were workers. One of them was Simon, son of Zebedee. He was a fisherman.

Jesus changed his name to 'Peter' which means "Rock". On this rock Jesus built His Church. Peter was very much attached to Jesus. On all the important occasions in the life of Jesus, Peter was present. He has uttered immortal words like "Lord, to whom can we go? You have the words of eternal life?" (Jn 6:68)

Though he betrayed Jesus to save his life, he repented later. He wept, came back to Jesus, and grew deeper in his faith. He performed many miracles in the name of Jesus (Acts 3:1-8). He grew bolder, preached courageously, and challenged and confronted the Jewish leaders.

Finally Peter was arrested, put in jail and was crucified, upside down.

Peter was the first Pope. He is a typical model of an ordinary and converted leader.

His feast is celebrated on 29th June every year.

## Ask for Grace:

To be attached to Jesus unconditionally

To understand Jesus more deeply

To be an activist for Jesus, like St. Peter

As today, in the days of Jesus too, about two thousand years ago, the land of the Israelites was filled with sick people. Therefore, Jesus worked many miracles of healing.

Here below is one such miracle.

## • FREED FROM INFIRMITIES •

There was a festival of the Jews and Jesus went up to Jerusalem.

By the Sheep Gate there is a pool, called in Hebrew Beth-zatha, which has five porticos. In these lay many invalids, blind, lame, and paralyzed. Now and then an angel would stir up the water. The first to enter the water would be healed.

One man was there who had been ill for thirty-eight years. When Jesus saw him lying there and knew that he had been there a long time, he said to him, "Do you want to be made well?"

The sick man answered him, "Sir, I have no one to put me into the pool when the water is stirred up; and while I am making my way, someone else steps down ahead of me".

Jesus said to him "Stand up, take your mat and walk". At once the man was made well, and he took up his mat and began to walk.

•The word of Jesus is that powerful •

## FREED0M

Julie and Rosalie were sisters. Both were of opposite talents and character. Julie, the elder sister, always wanted to be absolutely free and uncontrolled by anybody; nothing mattered for her; her only aim was to enjoy life. Rosalie, the younger, was very balanced, practical and value-loving. Naturally their parents liked and trusted the younger one more and gave her greater responsibility.

Consequently this created a lot of hatred and jealousy in the minds of Julie for her younger sister Rosalie.

Unmindful of this, both went out with their parents for an 'Art – exhibition'. While looking around, they found a picture with the caption "FREEDOM : We gain freedom when











we pay the full price for everyone's right to live". This caught Julie's eye and made her think. She confessed to her younger sister and parents that she needed to be more responsible.

LESSON:

We need FREEDOM - but, Our freedom ends where other's rights begin.

## THE BOY AND THE NETTLES.
## Aesop's' Fable.

To fight sin and evil the best policy is attack not defense

A boy was stung by a Nettle. He run home and told his Mother: "Mum, it's strange, though I touched this bush very lightly, it hurts me very much".
""That was just why it stung you," said his Mother. "The next time you touch a Nettle, grasp it boldly, and it will be soft as silk to your hand, it will not hurt you the least!

Tackle evil and temptation firmly from the very beginning
Do not dilly dandy with sinful and immoral things
Stop them firmly at the start
Nip them in the bud

# એક સર્જક પિતા-પુત્રીની વાત

✍ અમિત ચૌહાણ

એક અંગ્રેજી અખબારની રવિવારીય પૂર્તિમાં લેખક પિતા અને લેખિકા પુત્રીની રસપ્રદ વિગતો વર્ણવતો, એક સરસ મુલાકાત લેખ વાંચવા મળ્યો. લેખક એરીચ સેગલની પુત્રી એટલે ફ્રાન્સેસ્કા સેગલ. તેણીની પ્રારંભની સ્મૃતિ કે યાદગીરી પોતાના પિતા એરીચ સેગલ વિશેની છે. સેગલે 'લવસ્ટોરી' લખી હતી. એરીચ સેગલની ૩૨ વર્ષની પુત્રી ફ્રાન્સેસ્કા સેગલ તેના પુસ્તક "ધ ઈન્નોસન્ટ"માં પિતા વિશે લખે છે કે કેવી રીતે પિતાના પુસ્તક થકી પોતાના જીવનમાં બદલાવ આવ્યો. ખરી રીતે જોઈએ તો "લવસ્ટોરી" પુસ્તક નાતાલની રજાઓની એક ભેટ કે નિપજ હતી. એરીચે કોઈ સત્યઘટના સાંભળી હતી. તેના આધારે તેમણે "લવસ્ટોરી" લખી. વર્ષ ૧૯૭૦માં પુસ્તક તથા અન્ય એક ફિલ્મ થકી સમગ્ર વિશ્વમાં તેમનું નામ ગૂંજતું થઈ ગયું. તેમણે "મેન, વુમન એન્ડ ચાઈલ્ડ", "ઓલિવર્સ સ્ટોરી", "ડોક્ટર્સ" વગેરે પુસ્તકો પણ લખ્યાં હતાં. તે બધામાં "લવસ્ટોરી" પુસ્તકે ઘણી ચાહના સાથે સફળતા પ્રાપ્ત કરી હતી. જો કે નોંધપાત્ર છે કે તેઓ ૩૦ વર્ષથી "પાર્કીન્સન" નામના રોગથી પીડાતા હતા. વર્ષ ૨૦૧૦માં ૭૨ વર્ષની વયે, હાર્ટએટેકથી તેમનું મૃત્યુ થયું.

દીકરી ફ્રાન્સેસ્કા પણ લેખિકા છે. પિતા સાથે પસાર કરેલા સમયગાળાને તે વીસરી ગઈ નથી. તે સ્મૃતિને વાગોળતાં જણાવે છે કે, "મારા પિતાએ મને શીખવ્યું હતું કે કેવી રીતે લેખનકાર્ય કરવું! ખૂબ મહત્ત્વપૂર્ણ રીતે તેમણે મને કહ્યું હતું કે લેખનમાં સખત મહેનતની જરૂર છે. દરેકે પોતાના મન ઉપર સંયમ કે અંકુશ પ્રાપ્ત કરવો પડે છે. તે કાર્ય સરળ નથી. તેમણે સ્વયં પોતાનું જ દૃષ્ટાંત આપીને આ વાત સમજાવી હતી. મને હજુ યાદ છે કે તેઓ દરરોજ વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠી જતા હતા. ત્યારબાદ પોતાના લેખનકાર્યમાં મન પરોવતા."

ફ્રાન્સેન્કાની વય જ્યારે ૧૮ વર્ષની હતી ત્યારે ડોક્ટરે નિદાન કર્યુ હતું કે એરીચ સેગલને "પાર્કિન્સન"નો રોગ લાગુ પડ્યો છે. પિતાની ગંભીર બીમારી વિશે વાત કરતાં કે લખતાં ફ્રાન્સેસ્કા ધ્રુજી જાય છે. મતલબ કે પોતે એ અંગે વાત કરવા સમર્થ નથી. ફ્રાન્સેસ્કાના શબ્દોમાં જ કહીએ તો 'એ દિવસો ખૂબ જ સંઘર્ષમય તથા કટોકટીભર્યા હતા. જે લોકો આવી ગંભીર બીમારીથી પીડાય છે. તેઓ માટે હું અંતઃકરણથી પ્રાર્થના કરું છું કે તેઓને કુટુંબ તરફથી પ્રેમ તથા હૂંફ પ્રાપ્ત થતાં રહે.'

ફ્રાન્સેસ્કાને બીમાર પિતાની કાળજી રાખવામાં એક પ્રકારના ગર્વનો અહેસાસ થતો હતો. દીકરી પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરવામાં એરીચ સેગલ હંમેશા સફળ રહ્યાં હતા.

ફ્રાન્સેસ્કાના જણાવ્યા અનુસાર તેઓ દરરોજ રાત્રે દીકરી ફ્રાન્સેસ્કાને રોબર્ટ ફ્રોસ્ટ, ઓગડેન નાશ વગેરેની વાર્તા સંભળાવતા. કવિતા તથા તેનાં લય વિશેની વાતો પણ તે દીકરીને કહેતા. પ્રેમ વ્યક્ત કરવાનો તેમનો એક અનોખો તરીકો હતો.

લોકપ્રિય લેખક એરીચ સેગલના પુત્રી હોવાના નાતે એક લેખિકા બનવાનો નિર્ણય કરવો સરળ નહોતું. સરખામણી કે તુલના અનિવાર્ય હતી. ફ્રાન્સેસ્કા જણાવે છે "મને નથી લાગતું કે મારા આ નિર્ણયે મને તકલીફ પહોંચાડી છે. પિતાજીનાં પુસ્તકો મારાં પુસ્તકોથી સાવ ભિન્ન છે. વળી, મારા અને તેમના લેખનમાં પણ ઘણો તફાવત છે."

જો કે ફ્રાન્સેસ્કાને ગર્વ છે કે પોતે પિતાની લેખનશૈલી તથા અભિગમ અંગેનો વારસો ટકાવી-જાળવી રાખ્યો છે. આ અંગે વધુમાં તે ઉમેરે છે "પિતાજીએ મને વાચન પ્રત્યે રસ દાખવતા રહેવાનું શીખવ્યું હતું. ઉપરાંત એક લેખિકા તરીકે પણ હરહંમેશ ઉત્સાહસભર રહેવાની શિખામણ આપી હતી. હું માનું છું કે તે એક અત્યંત મહત્ત્વની ભેટ હતી. કે જેની લગભગ દરેક વ્યક્તિ પોતાના પિતા પાસેથી મળે તેવી અપેક્ષા રાખે છે. હું નસીબદાર છું કે હું જે ઘરમાં જન્મી ત્યાં નવલકથાઓ છે. માતા-પિતા વાંચનના જબરા શોખીન છે. મેં તેઓને હંમેશા પુસ્તકોમાં જ ડૂબેલા જોયા છે. મારા માટે તે અદ્‌ભુત દૃષ્ટાંત હતું. પિતાજીએ ખૂબ અભ્યાસ કરવાનું ને સ્વયં શીખવાનું ક્યારેય બંધ નહોતું કર્યુ."

"ધ ઈન્નોસન્ટ" નામના પોતાના પ્રથમ પુસ્તકમાં ફ્રાન્સેસ્કા પોતે ગ્રહણ કરેલા પાઠનો નિર્દેશ કરે છે. પુસ્તક લખવાનું કેમ સૂઝ્યું તે અંગેના સવાલમાં તે ઉમેરે છે કે "હું જ્યારે ન્યૂયોર્કમાં રહેતી હતી ત્યારે સ્થાનિક લેખકોનાં લખાણો વાંચતી હતી. મને તેમનું લખાણ વાંચવાનું ગમતું હતું. મારું પુસ્તક કંઈક રીતે સુસંગત છે."

પિતા એરીચ સેગલે દીકરીને જો કોઈ મહત્ત્વની બાબત શિખવી હોય તો તે પ્રેમ છે. એરીચે સમજાવ્યું હતું કે પ્રેમ યુનિવર્સલ (સાર્વત્રિક) છે. તેમણે કહ્યું હતું કે "જીવન ખૂબ જ ટૂંકુ છે. આપણે ક્યારેય શીખવાનું છોડી દેવું ન જોઈએ. મારા માનવા મુજબ આપણે સ્વયં માટે શીખવાની જરૂર છે."

સર્જક પિતા-પુત્રીની દાસ્તાન વાંચ્યા બાદ એટલું ચોક્કસ સમજી શકાય છે કે એક સરેરાશ લેખક-સર્જકની જિંદગી કેટલી હાડમારીઓથી ભરેલી હોય છે. વળી, લેખકના જીવનમાં પ્રતિબદ્ધતાનું પણ કેટલું બધું મહત્ત્વ છે તેનો અંદાજ આવી શકે છે. ડેડલાઈન ચૂકી ન જવાય તેની કાળજી રાખનારા લેખકો ખરેખર એક અદ્‌ભુત કાર્ય કરી રહ્યાં છે. અખબારમાં નિયમિત કટાર લખતા એક પત્રકાર તથા લેખકે લખ્યું હતું કે "માત્ર કલમ પર જીવનારે કે આધાર રાખનારે કલમના કારખાનેદાર બનીને જીવનને સૂકું રાખવું પડે છે." ●

# જૂન - જુલાઈ મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

**સામાન્ય કાળનો ૧૧મો રવિવાર (૧૬-૦૬-૨૦૧૩)**

**૨ શમુએલ ૧૨:૭-૧૦,૧૩. સ્તોત્ર ૩૨,**

**ગલાતિયા ૨:૧૬,૧૯-૨૧, લૂક ૭:૩૬-૮:૩**

**શબ્દ તથા ક્રિયા વડે પાપની કબૂલાત**

કહેવાય છે કે 'sorry' ને 'thank you' જેવા શબ્દો માનવ સંબંધ માટે ખૂબ જ અગત્યના છે. જેમ કરોડો રૂપિયાનું મશીન પણ નજીવી કિંમતવાળા તેલ વિના ખરાબ થઈ જાય છે તેમ આપણું અમૂલ્ય જીવન પણ આવા શબ્દો વિના અસહ્ય બની શકે છે. માણસ પોતાની ભૂલો ને પાપો માટે દિલગીરી વ્યક્ત કરી ક્ષમા યાચે એ યહૂદી-ખ્રિસ્તી આધ્યાત્મિક પરંપરાનું એક મુખ્ય લક્ષણ છે. જેની બાઈબલના ગ્રંથો અને એમાંય ખાસ સ્તોત્રસંહિતા સાક્ષી પૂરે છે. આજના શાસ્ત્રપાઠો પણ એક બાજુ ક્ષમા તથા દયાના સાગર એવા ઈશ્વરની વાત કરે છે તો બીજી બાજુ ક્ષમાયાચનાના ઉત્તમ દાખલાઓ રજૂ કરે છે. આપણે માનીએ છીએ કે પ્રભુ ઈસુ આ પૃથ્વી પર દૃશ્યરૂપે પ્રગટેલ ઈશ્વરની દયા અને ક્ષમા છે. આજના શાસ્ત્રપાઠોનો સાર એ છે કે ક્ષમા અને દયા પ્રાપ્ત કરવા માટે આપણે કેવળ ઈસુને ચરણે બેસી શબ્દ કે સાંકેતિક ક્રિયા વડે દિલગીરી વ્યક્ત કરવાની છે.

મ.પ્ર. ૩૪:૬ પ્રમાણે પ્રભુ દયાળુ અને કૃપાળુ છે, સહિષ્ણુ તથા કરુણાસાગર છે. યહૂદી પરંપરા કહે છે કે આ સત્ય જાણનાર દાવિદ પોતાના પાપનું ભાન થતાં "દયા કૃપાળુ પ્રભુ હે મુજ પર..." સ્તોત્ર (૫૧) ગાવા લાગ્યો. આજના પ્રથમ પાઠમાં પયગંબર નાથાન દાવિદને પાપનું ભાન કરાવે છે. એટલે તરત જ દાવિદ દિલગીરી વ્યક્ત કરે છે કે મેં પ્રભુનો ગુનો કર્યો છે. એના બદલામાં એને જવાબ મળે છે કે "પ્રભુએ તારું પાપ હરી લીધું છે." આ સુંદર સંદર્ભને અનુરૂપ આજનું સ્તોત્ર પ્રભુમાં શ્રદ્ધા રાખી પોતાને ગુનો કબૂલી ક્ષમા પ્રાપ્ત કરનારના આનંદને રજૂ કરે છે. ગલાતિયાના સંઘ પરના પત્રમાં સંત પાઉલ કહે છે કે દયાસાગર ઈસુમાં શ્રદ્ધા રાખનાર એ શ્રદ્ધાને જોરે જીવે છે ને એના દ્વારા પુણ્યશાળી ઠરી જીવન પામે છે. છેલ્લે શુભસંદેશમાં સંત લૂક (જેમને ઈસુની દયાના શુભસંદેશકાર તરીકે ઓળખવામાં આવે છે) ક્ષમાયાચનાનો એક ઉત્તમ દાખલો એક સ્ત્રી દ્વારા રજૂ કરે છે. ઈસુમાં શ્રદ્ધા રાખી પોતાનાં પાપ એક સાંકેતિક ક્રિયા દ્વારા કબૂલનાર સ્ત્રીનાં બધાં પાપો માફ કરવામાં આવે છે: "તારી શ્રદ્ધાએ તને ઉગારી લીધી છે, સુખે જા."

બાઈબલમાં ક્ષમાયાચનાના ઘણા બધા ઉત્તમ દાખલાઓ છે: પોતાના ભાઈ એસાવને છેતરનાર યાકોબ એની પાસે કરગરીને માફી માંગે છે (ઉત્પત્તિ ૩૩); મહાપ્રસ્થાન અને રણમાંના ગ્રંથોમાં મોશે લોક વતી પ્રભુ પાસે દયા યાચે છે (રણમાં ૧૪:૧૧-૨૪); ઉડાઉ દીકરો કબૂલે છે કે, "બાપુ, મેં ઈશ્વરનો અને તમારો અપરાધ કર્યો છે. હું તમારો દીકરો કહેવડાવવાને પણ લાયક રહ્યો નથી." (લૂક ૧૫:૨૧); નમ્રતાથી છાતી કૂટી દયાની ભીખ માંગનાર જકાતદાર ઈશ્વરનો પ્રસાદ પામીને ઘેર જાય છે; અને પ્રભુ ઈસુનો ઈન્કાર કરનાર પીતર વિષે લૂક કહે છે કે બહાર જઈને તે છાતીફાટ રોવા લાગ્યો (લૂક ૨૨:૬૨).

પોતાની મર્યાદાઓ સ્વીકારવી, ભૂલચૂક માટે દિલગીરી વ્યક્ત કરવી, પાપની કબૂલાત કરવી વગેરે ઘણાં બધાંને ખૂબ જ અઘરું લાગે છે. એનું મુખ્ય કારણ નમ્રતાનો અભાવ. જેઓ દિલથી મહાન છે તેઓ 'sorry' કે 'thank you' ખૂબ જ સરળતાથી ઉચ્ચારી શકે છે. અને એના આધારે ઈશ્વર તથા મનુષ્યો સાથે સરળતાથી સંબંધ બાંધી શકે છે ને એ સંબંધને મક્કમ બનાવી શકે છે. આપણે દિલથી મહાન બનીએ, કારણ, ઈશ્વર દયા સાગર છે. — ફાધર ફ્રુમાર

**સામાન્ય કાળનો ૧૨મો (ધર્મજનોનો) રવિવાર (૨૩-૦૬-૨૦૧૩)**

**ઝખરિયા ૧૨:૧૦-૧૧, સ્તોત્ર ૬૩,**

**ગલાતિયા ૩:૨૬-૨૯, લૂક ૯:૧૮-૨૪**

**પ્રેષિતિકકાર્યમાં ધર્મજનોની ભાગીદારી**

બીજી વેટિકન વિશ્વપરિષદ કહે છે કે બધા જ ગૃહસ્થ ધર્મજનો ઈસુની સાથે જોડાયેલાં અંગો છે. સ્નાનસંસ્કાર દ્વારા તેઓ ઈસુના વિરાટ શરીરમાં ભળી જાય છે, બળસંસ્કારમાં પવિત્ર આત્માના બળથી સબળ બને છે, અને ખુદ પ્રભુ પોતે જ તેમને પ્રેષિતિકકાર્ય માટે નીમે છે. પ્રભુ જ તેમનો રાજરાજેશ્વરના પુરોહિતો ને પુનિત પ્રજા તરીકે અભિષેક કરે છે (૧ પીતર ૨:૪-૧૦). તેઓ પુરોહિત, પયગંબર તથા ગોવાળનાં કાર્યો દ્વારા ઈસુના કાર્યમાં ભાગીદાર બને છે. સ્નાનસંસ્કાર એ આપણા જીવન, મરણ અને પુનરુત્થાનનો સંસ્કાર છે. આમાં કોઈ જાતિ, સંપ્રદાય કે લૈંગિકને અલગ તારવવામાં આવતું નથી.

આજે ધર્મસભા ગૃહસ્થ ધર્મજનોનો રવિવાર ઉજવે છે ત્યારે ધર્મસભામાં ધર્મજનોની ભાગીદારી કેટલી? હા, ચોક્કસપણે

ધર્મજનો પોતાના દૈનિક જીવન અને કાર્યો દ્વારા લોકોને પવિત્ર બનાવી શકે. તમારું જીવન, તમારું દૈનિક કાર્ય અને જીવનની મુશ્કેલીઓ પિતાને અર્પણ કરાયેલ આધ્યાત્મિક બલિદાન બને છે.

સંત પાઉલ ગલાતિયાના ધર્મસંઘના પત્રમાં કહે છે, તમે બધાં ઈશ્વરનાં સંતાન થયાં છો. કારણ, સ્નાનસંસ્કાર દ્વારા ખ્રિસ્તની દીક્ષા લેનાર તમે બધાંએ ખ્રિસ્તને પરિધાન કર્યાં છે (ગલાતિયા ૩:૨૬-૨૭). સ્નાનસંસ્કાર દ્વારા જો આપણે દીક્ષા લીધી હોય તો આપણે ઈસુના અનુયાયી બનીએ છીએ એટલે કે તેમના કાર્યમાં સહભાગી થવાનું આહ્વાન મળે છે. અનુયાયી બનવાનો અર્થ એ નથી કે કોઈપણ ધર્મપ્રાંતમાં કે સંન્યસ્ત મંડળમાં જોડાઈને સેવા કાર્ય કરવું, પણ સમાજમાં જ રહીને ખ્રિસ્તનાં મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાં તથા દુનિયામાં એનો ફેલાવો કરવો તથા પોતાની જાતને તેમનાં કાર્યો માટે અર્પણ કરવી. આ કાર્ય સહેલું નથી. એટલે શુભસંદેશમાં ઈસુ કહે છે જો કોઈ મારો અનુયાયી થવા માગતો હોય તો તેણે પોતાની જાતનો ત્યાગ કરવો જોઈશે અને હરરોજ પોતાનો ક્રોસ ઉપાડીને મારી પાછળ આવવું જોઈશે (લૂક ૯:૨૩). ક્રૂસ ઉપાડવો એટલે રોજબરોજના જીવનમાં આવતા હરેક પ્રસંગોને ઈસુ ખાતર હસતે મુખે સ્વીકારી લેવા અને કોઈપણ પ્રકારનો બડબડાટ ન કરવો.

આમ તો ધર્મજન તરીકે ઘણાં કાર્યો કરી શકાય, પણ જો આપણે એવું ના કરીએ તો તે પુરોહિત કે સંન્યસ્ત વર્ગને માથે આવશે.

એકવાર એક લેખમાં વાંચ્યું હતું કે લોકો પાસે ઘણી આવડતો છે, કૌશલ્યો છે પણ મોટે ભાગે તેઓ પોતાના માટે જ તેનો ઉપયોગ કરે છે. શું આ કૌશલ્યો કે આવડતો ધર્મસભાના કલ્યાણ માટે વાપરી ના શકાય? ધર્મસભામાં શુભસંદેશના સાચા સાક્ષી બનવાના ઘણાં રસ્તાઓ છે. આમાં ખાસ કરીને માબાપો પોતાના જીવન, ઉદાહરણ અને જીવંત શ્રદ્ધા દ્વારા પોતાનાં સંતાનોમાં શ્રદ્ધાનાં બીજ વાવી શકે. માબાપ પોતાના સંતાનોમાં સાચી શ્રદ્ધા સીંચીને તેડાને પ્રોત્સાહન આપી શકે. કદાચ આપણે આખી દુનિયાને બદલી ન શકીએ પરંતુ આપણા પરિવાર, સોસાયટી કે ફળિયું જ્યાં આપણે રહીએ છીએ તેને ચોક્કસ સારી દિશા બતાવી શકીએ. આપણા ધર્મવિભાગના જુદાં જુદાં મંડળોમાં કે સંગઠનોમાં જોડાઈને આપણો ફાળો આપી શકીએ.

રવિવારના ખ્રિસ્તયજ્ઞમાં ફક્ત હાજરી પૂરતી નથી પણ સક્રિયતા પણ હોવી જોઈએ. જો ફક્ત હાજરી જ આપીએ તો આપણી જવાબદારીમાંથી છટકી જઈએ છીએ. પણ થોડા સક્રિય બનીએ તો આપણો ફાળો ધર્મસભામાં આપીએ છીએ. ધર્મવિભાગમાં નીચેની ફરજો અદા કરીને ફાળો આપી શકીએ: ૧. પાઠક ૨. ભજન ટૂકડી ૩. વ્યવસ્થાપક ૪. ઉપાસના સમિતિ ૫. સાક્રિસ્ટીયન ૬. વેદી સેવકો ૭. ખ્રિસ્તપ્રસાદ સેવક ૮. કલાકાર ૯. ઉપાસના વિધિ સંચાલક. શું ધર્મજન તરીકે હું ઈસુનો અનુયાયી થવા માગું છું કે ફક્ત કહેવા ખાતર અથવા બીજા લાભ ખાતર સ્નાનસંસ્કાર લઉં છું? ધર્મજન તરીકે મારા કૌશલ્ય અને શક્તિનો ઉપયોગ ધર્મસંઘના વિકાસ માટે કેટલા અંશે કરું છું?

— ફા. નિલેશ પરમાર

## સામાન્ય કાળનો ૧૩મો રવિવાર (૩૦-૦૬-૨૦૧૩)

**૧ રાજાઓ ૧૯:૧૬, ૧૯-૨૧; સ્તોત્ર ૧૬,**
**ગલાતિયા ૫:૧, ૧૩-૧૮; લૂક ૯:૫૧-૬૨**

**"શું તમે મારા અંતેવાસી થવા તૈયાર છો?"**

એમને સંભારવાથી બોલ, શું હાંસલ થયું? ઘા ઉપર પણ મારવાથી બોલ, શું હાંસલ થયું?

આશકા કે આશિકાની આગ પાવક હોય છે, આગ અમથી ઠારવાથી બોલ, શું હાંસલ થયું?

— પ્રણવ પંડ્યા

લગભગ ચાર મહિના પહેલાં અંગ્રેજી કેથલિક સામયિક "ન્યુ લીડર"માં એક સમાચાર પ્રસિદ્ધ થયા હતા, તે આ મુજબ હતા: "ઓલમ્પિક ૨૦૧૨માં સુવર્ણચંદ્રક વિજેતા ડેનમાર્કની હોકી ટીમનો એક સભ્ય પોતાની ઉજ્જવળ કારકિર્દીને તિલાંજલિ આપી, પુરોહિત બનવા માટે સેમીનરીમાં જોડાવાનો છે." આ સમાચાર વાંચીને ઘણાં લોકોએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા કે, તે વ્યક્તિએ પોતાના જીવનની સૌથી મોટી ભૂલ કરી છે; આવો કોઈ નિર્ણય લેવાતો હશે? આ વ્યક્તિએ તો પોતાના જ પગે કુહાડી મારી છે. તેના પ્રત્યુત્તરમાં આ યુવાને માત્ર એટલું જ કહ્યું કે મને મારા જીવનમાં ખાલીપાનો અનુભવ થતો હતો અને હું મારા જીવનની યોગ્ય પસંદગી માટે છેલ્લા ત્રણ વર્ષથી નિરંતર પ્રાર્થના કરું છું અને પુરોહિત જીવનનો માર્ગ મેં સંપૂર્ણ સભાનતાથી લીધો છે. કારણ મને વિશ્વાસ છે કે ઈશ્વર મને બોલાવે છે.

આજના શાસ્ત્રપાઠો આપણને ઈસુના શિષ્ય બનવાનું આમંત્રણ આપે છે. આજના પ્રથમ શાસ્ત્રપાઠમાં એલિશાની હાકલની વાત જણાવવામાં આવી છે. રાણી ઈઝાબેલ પયગંબર એલિયાને જાનથી મારી નાખવા માંગતી હતી. તેથી એલિયા ઈશ્વરની પ્રેરણાથી એલિશાને પોતાના અનુગામી બનાવવાનું નક્કી કરે છે. એલિશા એક ધનવાન કુટુંબનો નબીરો હતો. જ્યારે એલિશા ખેતરમાં હતો ત્યારે એલિયા પોતાનો ઝભ્ભો તેના ઉપર નાખે છે. તે સમયમાં જો કોઈ માણસ પોતાનો ઝભ્ભો બીજા પર નાખે તો એ માણસ પોતાની શક્તિ એ માણસને આપી રહ્યો છે તેમ ગણાતું. એલિશા ઈશ્વરની હાકલને સમજે છે અને તરત જ પોતાનું સર્વસ્વ ત્યજીને એલિયાનો અનુયાયી બને છે.

આને અનુરૂપ આજનું સ્તોત્ર એલિશાની ઈશ્વર તરફથી રક્ષણ માટેની યાચના બતાવે છેઃ "મારુ રક્ષણ કરજો, કહું છું, પ્રભુજી, શરણ તમારે રહું છું... મારું ભાગ્ય તમારે હાથે. સુખનું પાત્ર તમે છો" (સ્તોત્ર ૧૬). શુભસંદેશમાં સાચા શિષ્યનાં લક્ષણો ઈસુ રજૂ કરે છે. તે યરુશાલેમ છેલ્લી વાર જઈ રહ્યા છે, જેથી તેમના અનુયાયીઓને પણ તે સંપૂર્ણ ત્યાગ કરવા આહ્‌વાન કરે છે.

**(૧) જોખમ ઉઠાવોઃ** "... પણ માનવપુત્રને માથું મેલવાનોય ઠામ નથી" (લૂક ૯:૫૮).

**(૨) ધ્યાનમગ્ન થાઓઃ** ઈસુ કોઈ વ્યક્તિ જોડે એટલા કઠોર ના બની શકે કે મરેલી વ્યક્તિને દફનાવવા ના દે; ઈસુના આ કથનનો શબ્દશઃ અર્થ ન લેતાં, એની પાછળનો સંદેશ સમજવા પ્રયાસ કરવો ઘટે. ઈસુના અનુયાયીએ સાંસારિક બાબતો કરતાં ઈશ્વરને કેન્દ્રમાં રાખી જીવવું જોઈએ.

**(૩) મક્કમ મને કટિબદ્ધ થાઓઃ** "જે માણસ હળ પર હાથ મૂકીને પાછું જુએ છે તે ઈશ્વરના રાજ્યને લાયક નથી" (લૂક ૯:૬૨). ઈસુના અંતેવાસીની નજર હંમેશાં ઈસુ ઉપર મંડાયેલી રહેવી જોઈએ.

**(૪) સ્વતંત્રતામાં જીવોઃ** આજના બીજા શાસ્ત્રપાઠમાં સંત પાઉલ જણાવે છે કે, "સ્વાતંત્ર્યને સ્થૂળ પ્રકૃતિની વાસનાઓની તૃપ્તિ માટે બહાનું ન બનાવશો, પણ પ્રેમપૂર્વક એકબીજાની સેવા કરજો" (ગલાતિયા ૫:૧૩). આ હાકલ ઈસુ આપણ સર્વને કરે છે.

આપણો ઈશ્વર જીવનની પસંદગી માટે આપણને સ્વતંત્રતા આપે છે. આપણે સૌ પવિત્ર આત્માની કૃપાથી જીવનની યોગ્ય પસંદગી કરીએ તેવું ઈશ્વર આપણી પાસેથી ઈચ્છે છે. આજે પણ ઈસુ ઘણાં યુવાન-યુવતીઓને આ પડકારરૂપ જીવન જીવવા આમંત્રણ આપે છે, પણ શું આપણે એલિશાની જેમ આગળ આવીએ છીએ ખરા? દાનધર્મ કરવું સરળ છે. પણ શું હું એક મા કે બાપ તરીકે મારાં બાળકોને સંન્યસ્ત જીવન જીવવા પ્રોત્સાહન આપી શકું? પુરોહિતો કે સાધ્વીગણની ટીકા કરવી સરળ છે, પણ જો સ્થાનિક ધર્મસભાને આગળ ધપાવવી હશે તો આપણા સમાજમાંથી જ આપણને પૂરતાં તેડાં મળી રહે એ માટે આપણે સઘન પ્રયત્નો કરવા પડશે.

— બ્રધર એડવીન આનંદ

## સામાન્ય કાળનો ૧૪મો રવિવાર (૦૭-૦૭-૨૦૧૩)

**યશાયા ૬૬:૧૦-૧૪; સ્તોત્ર ૬૬;**
**ગલાતિયા ૬:૧૪-૧૮; યોહાન ૧૦:૧-૧૨, ૧૭-૨૦**

**ઈશ્વરની શાંતિ આપણા આનંદનું કારણ**

તડકામાં જ જીવન ગુજારનારને ખબર પડે છાયાની કિંમત.
કોઈપણ ઘટનાને લીધે શરીરનાં અંગો ગુમાવેલાને ખબર પડે આખા શરીરની કિંમત.
ભૂખ્યાને ખબર પડે ખોરાકની કિંમત.
બહુ કષ્ટ વેઠનારને ખબર પડે સુખ ને શાંતિની કિંમત.

આજ રીતે આપણે રોજિંદા જીવનના બનાવોનું નિરીક્ષણ કરીએ તો ઘણું બધું કહી શકાય. ઉપર દર્શાવેલા બનાવો બે બાબત ઉપર આપણું ધ્યાન દોરે છે. પહેલું છે દુઃખ, પીડા, વ્યથા અને દર્દ. બીજું છે સુખ, શાંતિ, આનંદ વગેરે. આજના શાસ્ત્રપાઠો એની જ વાત કરે છે. કોઈપણ પરિસ્થિતિમાં આપણે આનંદ માણવો જોઈએ. સાથે સાથે આજના શાસ્ત્રપાઠો "ઈશ્વરની શાંતિ આપણા આનંદનું કારણ" ઉપર મનન કરવા આપણને આમંત્રણ આપે છે.

કોઈપણ તહેવાર હોય, ઘરમાં ઉજવણી હોય કે લગ્નપ્રસંગ હોય તો આપણે રાજી થઈએ છીએ. કેમકે આ બધાં સારા બનાવો છે. પણ આજના પહેલા શાસ્ત્રપાઠમાં પયગંબર યશાયા યરુશાલેમવાસીઓને કહે છે, "તમે આનંદો, હર્ષોલ્લાસ માણો." આ ઉજવણી માટે એક કારણ હતું. યહુદીઓ બાબિલના દેશવટામાં ઘણાં વરસો રહ્યો પછી પોતાના દેશમાં પાછા ફર્યા. એ જ સમયે લોકોને ઉત્સાહ આપતાં પયગંબર યશાયા કહે છે, "તમારી બધી જરૂરિયાતો ઈશ્વર પૂરી પાડશે, તમે લીલોતરીની જેમ ફૂલશોફાલશો, તમારી ઉપર ઈશ્વરની શાંતિ રહેશે. ઈશ્વરની શાંતિ (શાલોમ) એટલે કલ્યાણ, સુખ, શ્રેય, આશીર્વાદ અને આબાદી. યરૂશાલેમ (ઈરસાલોમ)નો અર્થ પણ 'શાંતિનું શહેર' થાય."

ઈશ્વરે આખી સૃષ્ટિનું સર્જન કર્યું. તેમણે પોતાના લોકોને મિસરની ગુલામીમાંથી મુક્તિ આપી. રાજાઓને પયગંબરો દ્વારા માર્ગદર્શન ને દોરવણી આપ્યાં. છેવટે પોતાના એક માત્ર પુત્ર ઈસુનું આપણાં પાપ માટે બલિદાન આપ્યું. માટે આપણે ઈસુ ખ્રિસ્તનાં દુઃખમાં ભાગીદાર થઈશું તો આપણે જરૂર ઈસુની શાંતિ અનુભવીશું. પાઉલ પણ બીજા શાસ્ત્રપાઠમાં કહે છે, "આપણે ક્રૂસની સાથે જોડાઈને નવા માણસ બનીએ ને ઈસુના હોઈએ તો આપણા ઉપર ઈશ્વરની શાંતિ ને કરુણા ઊતરશે."

આપણને ઈશ્વરની શાંતિ મળે તો આપણા પ્રેષિતિક કાર્યમાં આપણે સફળ રહી શકીએ. બીજાનો ઈસુના ક્રૂસ પરનો પ્રેમ વધારી શકીએ અને ઈશ્વરનો આશીર્વાદ ને શાંતિ બીજાને આપી શકીએ. છેલ્લે ઈશ્વરના રાજ્યનો અનુભવ કરી શકીએ. ઈશ્વરની શાંતિ મેળવવા માટે આજનો શુભસંદેશ આપણને ત્રણ કર્યો પર ધ્યાન દોરે છે.

**૧) પ્રાર્થના કરવીઃ** પ્રેષિતિક કાર્ય માટેની પૂરી શક્તિ પ્રાપ્ત કરવા માટે આપણે સતત પ્રાર્થના કરવાની છે ને ઈશ્વરની શક્તિ ઉપર શ્રદ્ધા રાખવાની છે.

**૨) અનાસક્તિ (વૈરાગ્ય ધારણ કરવું):** જ્યારે ઈસુએ પોતાના શિષ્યોને ધાર્મિક પ્રચાર માટે મોકલ્યા ત્યારે શિષ્યોએ પોતાની સાથે શાંતિના સંદેશ સિવાય બીજું કશું લીધું નહોતું. તેઓ ખાલી હાથે ગયા. ઈશ્વરની શાંતિ મેળવવા માટે શિષ્યોની જેમ

આપણે પણ અનાસક્ત રહેવું જોઈએ. આપણી અપેક્ષા વગરના કાર્યને કારણે અવારનવાર લોકો આપણી કદાચ પ્રશંસા કરશે ત્યારે આપણે આનંદ માણવાની જરૂર નથી પણ જરૂર ઈશ્વરનાં ગુણગાન ગાવાં જ પડશે.

**૩) આશીર્વાદ આપવો:** ઈસુએ શિષ્યોને વરુઓની વચ્ચે ઘેટાંની જેમ મોકલ્યા. તેમના સમાજમાં વિવિધ લોકો હતા. તે જ આપણા સમાજમાં પણ જોવા મળે છે. એટલે બધાંને સરખી રીતે આશીર્વાદ ને શાંતિ આપવાં એ સહેલું કાર્ય નથી, છતાં અગત્યનું છે. એટલે ઈસુએ શિષ્યોને શાંતિનો આશીર્વાદ બધાંને આપવા કહેલું.

આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને એમને આપણે રોજિંદા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ તો ઈશ્વરની સંપૂર્ણ શાંતિ આપણી જોડે રહેશે અને આપણે પણ ઈસ્રાયેલી લોકો તથા શિષ્યોની જેમ આનંદ ને હર્ષોલ્લાસ પામીશું.

— જેરાલ્ડ સ્ટાલિન

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. હીરાભાઈ પી. ભાટિયા | ચિખોદરા | ૫૦૦ |
| સ્વ. શનાભાઈ એમ. વસાવા | નિવાલ્દા(ડેડિયાપાડા) | ૫૦૦ |
| સ્વ. જોસ્ફીનાબેન શાંતિલાલ પરમાર | નડિયાદ | ૨૫૧ |
| ફ્રાન્સિસભાઈ ક્રિસ્ટી | પેટલાદ | ૨૦૧ |
| સ્વ. લુસિયાબેન ઈમાનુએલ | પીપળાવ | ૨૦૦ |
| આનંદીબેન બી. સૈજા | અમદાવાદ | ૨૦૦ |
| સ્વ. હેરમાન ગાર્ડ | આણંદ | ૧૦૧ |
| સાયમનભાઈ એફ. મેકવાન | વડોદરા | ૧૦૧ |
| આગ્નેશબેન એસ. મેકવાન | વડોદરા | ૧૦૧ |
| સતીષભાઈ એસ. મેકવાન | વડોદરા | ૧૦૧ |
| ઈસુદાસ માર્કુસ મેકવાન | નડિયાદ | ૧૦૧ |
| ડેનીસ-અર્પિતાનાં લગ્નપ્રસંગે | નડિયાદ | ૧૦૧ |
| સંદીપ-રાગીણીનાં લગ્નપ્રસંગે | મંજીપુરા | ૧૦૧ |
| શાંતિલાલ એસ. મેકવાન | ખડાણા | ૧૦૦ |
| રમેશભાઈ યાકુબભાઈ પરમાર | નડિયાદ | ૧૦૦ |
| દેવેન્દ્રભાઈ કે. ગોહેલ | નડિયાદ | ૧૦૦ |
| ઈસુદાસ પી. મેકવાન | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. પીટર થોમાસ પરમાર | મણીનગર | ૧૦૦ |
| વિનોદ એસ. મેકવાન | મણીનગર | ૧૦૦ |
| સ્વ. મોતીભાઈ ડાહ્યાભાઈ વાઘેલા | પેટલાદ | ૧૦૦ |
| વિલ્યમભાઈ થોમાસભાઈ મેકવાન | આણંદ | ૧૦૦ |
| સેમ્યુલ પ્રભુદાસ ખ્રિસ્તી | નડિયાદ | ૧૦૦ |
| પ્રકાશભાઈ અંતોનભાઈ પરમાર | રાવળાપુરા | ૧૦૦ |
| સ્વ. ગણપતભાઈ આર. મકવાણા | નડિયાદ | ૧૦૦ |
| પરમાર મહેશભાઈ અંબાલાલ | નડિયાદ | ૧૦૦ |


**જા હે રા ત**

સેંટ જોસેફ કોન્વેન્ટ, વડોદરામાં નોકરી કરતી તથા કોલેજમાં અભ્યાસ કરતી બહેનો માટે છાત્રાલય શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ લેવા ઈચ્છતી બહેનોએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સિસ્ટર સુપિરિયર,
સેંટ જોસફ કોન્વેન્ટ, ૧૦ અજય કોલોની,
ડિલક્ષ સોસાયટી પાસે, નિઝામપુરા રોડ, વડોદરા
**ફોનઃ ૦૨૬૫-૨૭૮૦૮૩૫**

## યુરોપ યાત્રા પ્રવાસ ૨૦૧૩

**યુરોપ યાત્રા રોમ, આસીસી, વેનીસ, લૂર્ડસ, ફાતીમા, સ્પેન વગેરે જુલાઈ : ૨૦૧૩**

મે-૨૦૧૩ની પુણ્યભૂમિની યાત્રા ૩૦-૫-૨૦૧૩ના દિને પૂરી થયા બાદ યુરોપ યાત્રાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. માટે આપના પાસપોર્ટની રંગીન નકલ વહેલી તકે મોકલી આપશો.

૧. **કુ. કોકીલાબેન એ. પરમાર,** ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ ૩૮૭૩૧૦
ફોનઃ ૦૨૬૯૨-૨૫૦૬૨૧ (ઘર) / ૨૨૭૮૯૦ (ઓફિસઃ સવારના ૯ થી ૫)
૨. **રેવ. ફા. વિક્ટર દેવમણી, એસ.જે.** મો. ૯૪૦૮૬ ૬૭૧૭૮

## મકાન વેચવાનું છે

સ્વતંત્ર ટેનામેન્ટ, ત્રણ રૂમ, રસોડું, ફર્નિચર સાથે. સારી સુવિધા સાથેનું

એ/૫, શ્રેયસ સોસાયટી, પાધરિયા, આણંદ

**મો. ૯૪૨૯૦ ૩૧૬૬૭**

## મકાન વેચવાનું છે

3 BHK એન્જલ પાર્ક, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સામે, ચાવડાપુરા. સંપૂર્ણ સુવિધા તથા ફર્નિચર સાથે અત્યંત આધુનિક.

**મો. ૯૮૨૫૮ ૮૮૬૩૦, ૯૪૨૬૩ ૬૭૨૩૧**

## નવું મકાન વેચવાનું છે

2 BHK દિશાકુટિર, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પાછળ, ચર્ચની બાજુમાં, ચાવડાપુરા જિંટોડીયા રોડ, સંપૂર્ણ સુવિધાવાળું.

**મો. ૯૮૨૫૮ ૮૮૬૩૦, ૯૪૨૬૩ ૬૭૨૩૧**

# ખડકમાંથી વહેતું ઝરણું – પિતા

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

**ફાધર્સ ડે - ૧૬ જૂન નિમિત્તે**



મોટે ભાગે ખડકની સામે કોઈ જોતું નથી. કારણ તે દેખાવે રુક્ષ, સખત કઠણ છે. પણ એ ન ભૂલવું જોઈએ કે પથ્થરમાંથી જ પાણી ફૂટે છે. તે પાણી મીઠું હોય છે. શીતળ હોય છે. જ્યારે તે પાણી ઝરણું બનીને વહેવા લાગે છે. ત્યારે ખડકની સુંદરતામાં વધારો થાય છે. લોકો તેને નિહાળતા જાય છે ને ખડકનું મહત્ત્વ વધી જાય છે. નાળિયેરના અમૃત સમાન પાણીનું પાન કરવું હોય તો નાળિયરની રૂક્ષતાને તોડવી પડે, તો જ તેમાં રહેલા પાણીનો સ્વાદ પારખી શકાય. કુટુંબમાં પિતાનું સ્થાન મારા મતે ખડક સમાન છે, નાળિયેર સમાન છે.

કુટુંબમાં કે સમાજમાં માતાને જેટલું માન-સન્માન અને પ્રેમ મળે છે તેટલું માન-સન્માન અને પ્રેમ પિતાને મળતા નથી. આનો અર્થ એ નથી કે હું “માતા”નો વિરોધી અથવા સ્ત્રીનો હરિફ છું. મારે તો બસ એટલું જ કહેવું છે કે પિતામાં પણ દિલ ધડકે છે. હૃદય આનંદ પામે છે. ઉરમાં દુ:ખ થાય છે. તે હૃદયને શોધવાની જરૂર છે. પિતા એટલે માત્ર આર્થિક ઉપાર્જન કરનાર વ્યક્તિ નથી પણ, પિતા એટલે ખડકમાંથી વહેતુ પ્રેમનું ઝરણું. માતાનું વાત્સલ્ય અને પિતાનો પ્રેમ આ બંનેનો સમન્વય થતાં બાળકમાં સદ્‌ગુણો વિકસે છે જે આગળ જતાં એક સારા માનવી બનવામાં મદદરૂપ થાય છે. ગુજરાતી ભાષામાં વ્યાકરણની રીતે જોતા “માતા-પિતા” શબ્દ દ્વન્દ્વ સમાસ તરીકે પ્રયોજાય છે. બંને પદનું સરખું મહત્ત્વ છે તો શા માટે આપણે ‘પિતા’ને બાજુમાં રાખવા જોઈએ?

દુનિયામાં એક સ્ત્રી માતા બને છે ત્યારે તે જેટલી ખુશ થાય છે તેટલી જ ખુશી એક પુરુષને પિતા બનવામાં થાય છે. હા! કદાચ ખુશી વ્યક્ત કરવાની પધ્ધતિ અલગ હોઈ શકે પણ ખુશ તો ચોક્કસ થાય છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. એક પિતા નાના બાળકને ઉંચકીને હવામાં ઝુલાવે છે કે ઉપર સહેજ ઊંચે ઉછાળે છે ત્યારે બાળક ડરતું નથી. કારણ તેને ખબર છે કે પિતાના હાથ મને પકડી લેશે; નીચે નહીં પડવા દે; માટે હસે છે. અને પિતા પણ આનંદ પામે છે. આ દૃશ્યને ઘણાં તસ્વીરકારોએ પોતાના કેમેરામાં કેદ કર્યું છે. એક બાળક અથવા આપણે નીચે પડી જઈએ છીએ ત્યારે મોમાંથી ઉદ્‌ગાર સરી પડે છે “અરે બાપા! મરી ગયો.” ચાલતા બાળકને જોઈને, પ્રગતિના પંથ પર આગળ વધતા પોતાના સંતાનોને જોઈને પિતા અનહદ આનંદ અનુભવે છે. એક પિતા, “ઈશ્વરપિતા” સમક્ષ પોતાના સંતાનોની ખુશી માટે નિ:સ્વાર્થ ભાવે પ્રાર્થના કરે છે, તે છે પિતાનો પ્રેમ. અફસોસ એ વાતનો છે કે વૃદ્ધાવસ્થામાં પિતાને જોઈએ તેટલું માન-સન્માન ને પ્રેમ મળતાં નથી.

પપ્પા શિક્ષા કરે છે તેથી પપ્પા પસંદ નથી. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે શિક્ષા એ જ કરી શકે જે આપણને પ્રેમ કરતુ હોય. બાઈબલમાં “હિબ્રુઓ પરનો પત્ર” ૧૨મા અધ્યાયની છઠ્ઠી કલમમાં લખેલું છે કે – “પ્રભુ જેના ઉપર પ્રેમ રાખે છે તેને શિક્ષા કરે છે અને જેને જેને પુત્ર તરીકે સ્વીકારે છે તે દરેકને ચાબખા મારે છે.” જ્યાં નિ:સ્વાર્થ પ્રેમ છે, ત્યાં શિક્ષા છે. એનો અર્થ એવો નથી કે આપણી ભૂલોને પિતા માફ કરતા નથી. જો આપણે સાચા દિલથી પસ્તાવો કરી પપ્પા પાસે જઈશું તો માફી અવશ્ય મળવાની જ છે. કારણ કે જ્યાં પ્રેમ છે ત્યાં ક્ષમાનું ઝરણું વહે જ છે. બાઈબલમાં ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત આનો પુરાવો આપે છે. મારા મતે પ્રેમ, શિક્ષા ને ક્ષમાનો ત્રિવેણી સંગમ એટલે આપણા ધરતી પરના પિતા ને શાશ્વત “પરમપિતા”.

એક પિતા પોતાના સંતાનોની ખુશી માટે અવિરત દોડધામ કરે છે. આખું આયખું ઘસી નાખે છે, પોતાની જાતની પરવા કર્યા વગર. સંતાનોની ખુશીમાં પોતાની ખુશી નિહાળે છે. પોતાની જરૂરિયાતો ઓછી કરીને સંતાનોની જરૂરિયાતો પૂરી કરે છે. આવા ઉમદા, નિ:સ્વાર્થ સંબંધને આપણે હાંસિયામાં ધકેલી દઈએ અથવા ભૂલી જઈએ તો કેમ ચાલે? માતા-પિતાનું જીવનમાં સમાન યોગદાન છે. માતાને માન આપીએ છીએ તો પિતાને આદર આપવાનું ભૂલવું ન જોઈએ.

“પિતાને ગળે વળગીને, ગાલે ચુંબન કરીને ખુશ કરીએ
પપ્પાની વાત સાંભળીને, તેનો અમલ કરીને ખુશ કરીએ
પપ્પાને પ્રેમથી પુષ્પ આપી ખુશ કરીએ.” ●

# દૂત – સો વર્ષ પહેલા

✍ ગુજરાત સાહિત્ય પ્રકાશ

**પરમેશ્વરના ગુણો વિષે.**

આપણે પરમેશ્વરને જુદા જુદા ગુણો લાગુ પાડીએ છીએ, કેમકે ઈશ્વરી સંપૂર્ણતાની ઐક્યતા સૃષ્ટિમાં જુદે જુદે પ્રકારે દેખાય છે.

સૂર્ય કોઈ વાર લાલ, કોઈ વારે પીળો અથવા ફીકો ધોળો દેખાય છે, પૃથ્વીની આસપાસ જે ધુમર છે તેને લીધે આપણે સૂર્યમાં તેવો ફેરફાર જોઈએ છીએ. તે માટે ઈશ્વરના ગુણો તે પરમેશ્વરની એકજ અને અવિભાજ્ય સંપૂર્ણતા અથવા પ્રકૃતિનાં જુદાં જુદાં સૃષ્ટિ કરણો છે. તે બધાં પરમેશ્વરમાં એકજ અને તેજ છે; તેની ઉત્તમતા તથા તેનો ન્યાય તેજ છે, તેની બુદ્ધિ અને તેની શક્તિ તેજ છે, તેનું અનંતપણું તેજ છે. પરમેશ્વર સૌથી સંપૂર્ણ અને અત્યંત શુદ્ધ આત્મા છે; અને તેનામાં કોઈ જાતનો મિશ્રભાવ અથવા અસ્પષ્ટતા નથી. તેના ગુણોમાં કોઈ પ્રકારના વિભાગ નથી; આપણે પોતાની અક્કલથી પરમેશ્વરના ગુણોના વિભાગ પાડીએ છીએ. ઉત્પન્ન કરેલી વસ્તુઓમાં તે તદ્ન જુદી રીતે છે, તેઓ જે ગુણો ધરાવે છે તે ખરેખર એક બીજાથી જુદા છે.

પરમેશ્વરના ગુણો જે તેની પ્રકૃતિને, તેની બુદ્ધિને, અને તેની ઈચ્છાને લાગુ પડે છે તેમના તેવા વિભાગ થઈ શકે. પરમેશ્વરની પ્રકૃતિને લાગતા ગુણો તેનું સર્વ વ્યાપકપણું, અનાદીતા અને નિરવિકારીપણું છે; તેની બુદ્ધિને સર્વજ્ઞતા, સંપૂર્ણ ડહાપણ વગેરે લાગુ પડે છે. તેની ઈચ્છાને સર્વ સમર્થતા, ઉત્તમતા, પવિત્રતા, ન્યાય, સત્યના અને નિમકહલાલપણું લાગુ પડે છે.

**૧. પરમેશ્વર સનાતન છે એટલે તે હંમેશા હતો, છે, અને હંમેશને માટે થશે.**

પરમેશ્વર જે શબ્દ મુસાને કહ્યાઃ "હું જે છું તે છું" તે તેની અનાદીતા દર્શાવે છે. (નિર્ગમનઃ ૩, ૧૪.)

કોઈ વખત એવો નહોતો કે જે વખતે ઈશ્વર નહોતો; તેણે હોવાપણું કદી શરૂ કર્યું નથી. જગતની ઉત્પતિ પહેલાં તે હતો, જેવી રીતે ઘર બાંધવાની શરૂઆત કરવા પહેલા, અને ઘડીઆળ બનાવનાર ઘડીઆળની બનાવટ પહેલાં હોવો જોઈએ તેમ. જેમ માણસોના જીવનનો અંત આવે છે તેમજ પરમેશ્વરના જીવનનો અંત કદી આવશે નહિ; માટે જ તે જીવતો (માથ્થી ૧૬,૧૬) અને સનાતન યુગોનો પરમેશ્વર કહેવાય છે. સર્વ વખત પહેલાં તે હતો, અને તે સર્વકાળ સુધી રહેશે. તેનામાં કોઈ ભૂતકાળ અથવા ભવિષ્યકાળ નથી. સર્વ વખત તેની સન્મુખ છે. જગતનો સઘળો ઈતિહાસ તેની નજરમાં છે અને હંમેશાં હતો. તેની રૂબરૂ બનાવાનો અનુક્રમ નથી; તેને સારૂ વખત નથી. "પ્રભુની પાસે એક દિવસ હજાર વરસના સરખો, ને હજાર વરસો એક દિવસના સરખાં છે." (૧ પીતર ૩,૮).

જુગોના જુગો તેની અનાદીતાને સરખાવતાં કંઈ નથી. કોઈ પંખી મહાસાગરમાંથી દર હજારમે વરસે એક ટીપું પાણી પી જાય તો મહાસાગર સુકાઈ જાય એવો વખત આવત, પણ તે નિસ્સીમ વખત કે જે આપણને અનંત દેખાય છે; તે ઈશ્વરની સનાતનતાની હયાતી સાથે સરખાવતાં એક વિપળ કરતાં પણ ઓછો છે. પવિત્ર ઔગુસ્તીન કહે છેઃ "તું નિરવિકારી આનંદ ચાહે તો જે નિરવિકારી છે તેની સાથે નિમકહલાલ રહે."

(જૂન, ૧૯૧૩. જોડણી મૂળ પ્રમાણે રાખવામાં આવી છે.)


## લગ્ન વિષયક

*ગુજરાતી રોમન કેથોલિક યુવતી, ઉંમર વર્ષ ૨૬, ઊંચાઈ ૫'૫", અભ્યાસ બી.બી.એ., પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન પ્રોફેશનલ એકાઉન્ટ (ASU), એમ.બી.એ. (ઓસ્ટ્રેલિયા), ડીપ્લોમા ઈન મેનેજમેન્ટ. નોકરી ગ્રેજ્યુએટ એકાઉન્ટ હ્યુલેટ પેકાર્ડ (એચ. પી.). હાલમાં ઓસ્ટ્રેલિયામાં ટી.આર. વીઝા પર. યોગ્ય લાયકાત ધરાવતા યોગ્ય વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૬૬૨૫ ૦૮૨૫૪ / ૯૬૬૨૫ ૪૮૨૫૫**

* * *

*Parents of a slim, fair, sharp-featured girl 27yrs. 5.0 ht. post-graduate working as a teacher (English-medium) seek alliance from a understanding well-educated, well-settled boy.

**Contact: Mob. 9879366248**

**Mob: 9727738978**

**e-mail: mayrush21@gmail.com**

# ઈઝરાયેલ યાત્રા-પ્રવાસ

"જ્યારે ઈસુ બાર વર્ષના થયા ત્યારે પણ દર વર્ષની પેઠે જાત્રાએ ગયા. (બાઈબ

"Divine Tours" Walk the Holy Land, Steps of Jesus.



**ઈઝરાયેલ, ગેથસેમાનીવાડી, ચર્ચ ઓફ ઓલનેશન્સના પગથિયાં પર યાત્રીઓ**

## હવે પછી યોજાએલ યાત્રા પ્રવાસ

### પાવનભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ

**તારીખઃ** ૧૪મી ઓક્ટોબર અને ૧૦મી નવેમ્બર, ૨૦૧૩
**સ્થળોઃ** ઈઝરાયેલ, બેથલેહેમ, ઈજીપ્ત(મીસર) યાત્રા
**દિવસોઃ** ૧૧ દિવસ, ૧૨ રાત્રી. દુબઈ ડેઝર્ટ સફારી સહ.
**રૂા.** ૭૭,૦૦૦/- (રૂા. સીત્યોતેર હજાર) ફેરફારને આધીન.

### યુરોપ યાત્રા પ્રવાસ

**તારીખઃ** ૧૧ મે, ૨૦૧૪, **દિવસોઃ** ૧૬ રાત્રી ૧૫
**ચાર્જ** રૂા. ૧,૭૫,૦૦૦/- (રૂા. એક લાખ પંચોતેર હજાર પૂરા) ફેરફારને આધીન.
**સ્થળોઃ** રોમ, વેટીકન સીટી, ઈટાલી, લુર્ડસ અને પેરિસ (ફ્રાન્સ), ફાતિમા (પોર્ટુગલ), સ્વીત્ઝરલેન્ડ, સ્પેન

કુદરતી અને રાજકીય કારણોસર કોઈ જગ્યા ના જોઈ શકાય તો તેનું રિફંડ મળી શકે નહીં.
**સંપર્કઃ** આલ્ફોન્સ મેકવાન – મો. ૦૯૭૩૭૬ ૪૨૩૯૭,
વિનુભાઈ એસ. મકવાણા (નડીઆદ) મો. ૦૯૮૨૪૩૧૫૯૫૭

## તા. ૦૭-૦૫-૨૦૧૩ થી તા. ૧૯-૦૫-૨૦૧૩ સુધી પાવનભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસમાં જોડાયેલ યાત્રીઓ

**આણંદ ગ્રૂપ**

| | | |
|---|---|---|
| ૧. | આલ્ફોન્સ મેકવાન | આણંદ |
| ૨. | આનંદકુમાર આર. મેકવાન | " |
| ૩. | રવિનાબેન એન. મેકવાન | " |
| ૪. | કર્નેલિયસ ડી. ચૌહાણ | " |
| ૫. | ઈલાબેન કે. ચૌહાણ | " |
| ૬. | પ્રેયરસન કે. ચૌહાણ | " |
| ૭. | નેન્સી કે. ચૌહાણ | " |
| ૮. | સુલોચના પી. પરમાર | " |
| ૯. | પાઉલભાઈ કે. પરમાર | " |
| ૧૦. | અનીલકુમાર એસ. ડાભી | " |
| ૧૧. | વિમલાબેન એ. ડાભી | " |
| ૧૨. | શોહિલકુમાર એ. ડાભી | " |
| ૧૩. | શ્રેયા એ. ડાભી | " |
| ૧૪. | વિનુભાઈ આર. મકવાણા | " |
| ૧૫. | રમણલાલ પી. પરમાર | ગામડી |
| ૧૬. | થેરેસ્યા આર. પરમાર | " |
| ૧૭. | શશીકાન્ત આર. પરમાર | " |
| ૧૮. | સારાબેન એસ. પરમાર | " |
| ૧૯. | જોન આર. મેકવાન | બોરસદ |
| ૨૦. | કોકીલા જોન મેકવાન | બોરસદ |
| ૨૧. | માયકલ એમ. મેકવાન | અમદાવાદ |
| ૨૨. | સિશિલ્યા એમ. મેકવાન | " |
| ૨૩. | જોન વિલ્યમ ચકલાસિયા | " |
| ૨૪. | લલીતા જોન ચકલાસિયા | " |
| ૨૫. | પાઉલ એસ. ક્રિશ્ચિયન | " |
| ૨૬. | ઉષાબેન પી. ક્રિશ્ચિયન | " |
| ૨૭. | પાઉલ એન. રાણા | " |
| ૨૮. | પુષ્પાબેન પી. રાણા | " |
| ૨૯. | ફાધર રાકેશ આર. મેકવાન | બલસાર |
| ૩૦. | કમલાબેન એસ. ચૌહાણ | વડોદરા |
| ૩૧. | દિપકકુમાર જે. મકવાણા | " |
| ૩૨. | જયોત્સના ડી. મકવાણા | " |
| ૩૩. | કિશોરભાઈ સી. પરમાર | ઉતરસંડા |
| ૩૪. | કુમુદબેન કે. પરમાર | " |
| ૩૫. | સીસ્ટર પીયુસ પી. પરમાર | અજમેર |
| ૩૬. | રોઝલીન ડી. મૈસુરિયા | સુરત |

**નડીઆદ ગ્રૂપ**

| | | |
|---|---|---|
| ૩૭. | વિનુભાઈ એસ. મકવાણા | નડીઆદ |
| ૩૮. | મણીભાઈ ડી. મકવાણા | નડીઆદ |
| ૩૯. | વિજયકુમાર એસ. મકવાણા | " |
| ૪૦. | ચીમનભાઈ એમ. મકવાણા | " |
| ૪૧. | પ્રવિણાબેન સી. મકવાણા | " |
| ૪૨. | નિર્મલાબેન પી. મકવાણા | " |
| ૪૩. | ચંદ્રિકાબેન ગોહિલ | " |
| ૪૪. | અરવિંદ એ. મેકવાન | " |
| ૪૫. | મોનીકા એ. મેકવાન | " |
| ૪૬. | માર્થાબેન એસ. ડાભી | " |
| ૪૭. | શારદાબેન | " |
| ૪૮. | કમલાબેન ડી. મેકવાન | " |
| ૪૯. | અંબાલાલ પરમાર | અમદાવાદ |
| ૫૦. | જયાબેન એ. પરમાર | " |
| ૫૧. | પીટર જે. પરમાર | વટવા |
| ૫૨. | આગ્નેશ પી. પરમાર | " |
| ૫૩. | વિલ્યમ એસ. મેકવાન | મણીનગર |
| ૫૪. | સાબીના વી. મેકવાન | " |
| ૫૫. | ફાધર રોબર્ટ મસ્કરીહન | રાધનપુર |
| ૫૬. | પ્રવિણભાઈ પરમાર – ટૂર મેનેજર | |

**BBR School of Nursing** — **Thatha School of Nursing**
**Aditya School of Nursing** — **Sigma College of Nursing**
**Healing Touch School of Nursing**

## એડમીશન 2013 – 2014

(હૈદરાબાદ/સિકંદરાબાદ)

**નર્સીંગ કોર્સીસ**

- જનરલ નર્સીંગ (GNM)
- B.Sc. નર્સીંગ

**Special Feature of Nursing School / College:**

- INC and APNC માન્ય
- Quality Education
- Reasonable fees
- Yearly two installments to pay fees (every six months)
- Location right in the city
- Experienced by Gujarati students for last 7 years
- Good practical skills / knowledge is provided
- 100% Job guaranteed after Nursing course
- Scholarship guidance to Christians and SC/ST students

**એડમીશન માટે સંપર્ક કરો**

## Spot Admission in Gujarat

**નડીઆદ**: Mr. Justin William Chauhan, 77- Navdeep Society, Pavan Chakki Marg, Beside Divya Jyot Society, Nadiad, Gujarat - 387002, **Mob- 98986 80948**

**નડીઆદ- 2**: *Mr. Wislon Christian-* **83475 41340**

**આણંદ**: *Mr. Samy M. Solanki -* **98980 72633; 98987 36877**

**અમદાવાદ**: *Mr. Dextor Solanki -* **99781 34222; 99241 34222**

**પેટલાદ**: *Mr. Bhupendra Parmar -* **94270 04954**

**સુરત**: *Mr. Chimanbhai-* **9099220377**

*Mr. Anant Collin* – **98985 14940**

***Administrative office for admission:***

New Maruthi Nagar Colony, I - Maula Ali, ECIL, HYDERABAD – 500040

**Contact us: 098480 46750; 098486 25737; 093912 22471**

**Note:** We will provide one time free train-ticket to the student when student comes to Hyderabad for admission. (i.e. first year only)

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૩-૧૪ માટે મળો

ભારત સરકાર માન્ય કોર્સીસ – INC, KNC, APNC, RGUHS માન્ય કોલેજ

G.N.M. નર્સિંગ 3½ વર્ષના કોર્સની
વાર્ષિક ટ્યુશન ફી રૂા. ૪૦,૦૦૦/-

પોસ્ટ બેઝીક B.Sc. નર્સિંગ 2 વર્ષનો કોર્સ
*
B.Sc. નર્સિંગ 4 વર્ષનો કોર્સ

*હપ્તેથી ફી ભરવાની સગવડ
*SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
*એજ્યુકેશન લોન મળશે
*ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ

**:: સંપર્ક કરો ::**

**રાજેશભાઈ**
રીચ એજ્યુકેશન ગાઈડ
૧૧, લોરેન્સ એવન્યુ, મેથોડીસ્ટ ચર્ચની પાસે
સિઓનનગર, મણીનગર (પૂર્વ), અમદાવાદ ૩૮૮૦૦૧
મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧

## FREE ADMISSION GUIDANCE - 2013

મેડીકલ (MBBS), ડેન્ટલ (BDS), આર્યુવેદીક (BAMS), હોમિયોપેથી ફીઝીયોથેરાપી (BPT), ફાર્મસી (B. Pharm/M. Pharm), નર્સિંગ (GNM, B.Sc Nursing), એન્જીનિયરીંગ (B.E/M.E., D TO D).

